

ફોટો-નરેનરાવળ

આવતી કાલનાં
નાગરિકોનું
માસિક

તંત્રી
રવિશંકર રાવળ
સંપાદક - બચુભાઇ રાવત

મહાસભા
અંક

કુમાર

ફાગણ-સંવત ૧૯૯૪ ૧૭૧ મો અંક

અર્ઘ્ય


ᗡ હિંદવી સ્વાતંત્ર્ય અર્થે તપની ઋતે ભરી મહાસભાની જે વેદી મંડાઈ છે તેને નમ્ર અર્ઘ્ય આપવાના પ્રયાસના ફળરૂપ આ અંક છે. ‘લક્ષાવધિ માનવાત્મજોને ઉદ્ધરી ઉદ્ધૃતા બનવા’નો સંજીવનભર્યો સંકલ્પ હુંકારતી એ મહાસભાને અઘમોચિની મહાગંગાનું રૂપક આપી, કવિ સુન્દરમે શરૂઆતમાં જ આલેખેલો તેનો સુશ્લિષ્ટ ક્રમવિકાસ સંક્ષુબ્ધ રાષ્ટ્રપ્રાણ (Zeit Zeist)ની કૃતાર્થતાભરી અંજલિ બની રહે છે; જ્યારે ‘ઈ.સ. ૧૯૦૭’ નો લેખ, જે લોકમાન્યે શબોમાં યે શિવ જગાડી પ્રબદ્ધ ભારતમાતાના પરિત્રાણ માટે એ મુક્તિગંગાને સૂરતને રંગમંચેથી ઝીલી તેનું રોમહર્ષક બયાન રજૂ કરે છે. ᗡ મહાસભાનું આ વર્ષનું અધિવેશન પણ ઘણે ભાગે ચિરસ્મરણીય બન્યું છે, અને ‘કુમાર’ના આ અંકનાં પાનાંનાં પાનાં એ પાવનકારી સંસ્મૃતિઓ સ્થૂલ સ્વરૂપે જાળવી રાખતાં જણાશે. ᗡ રૂઢિબદ્ધ માનસ સામેના સહજ પડકારથી યે તેની અ-સહિષ્ણુતા કેટલી હદે પહોંચે છે એ ટૉમસ પેઈનનું ચરિત્ર મૂર્ત કરે છે. એની કલમે અમેરિકાનું સમવાય જન્માવ્યું, એની કલમે મનુષ્યના પ્રાથમિક હક્કોનો પ્રતિઘોષ કર્યો; પણ એની જ કલમે સાચા માનવધર્મની પહેલી વ્યાખ્યા જે બાંધી તે રૂઢ જગતને એવી આકરી પડી કે એની બધી પૂર્વસેવાઓ પ્રત્યે તેણે આંખ આડા કાન કર્યા ને મધ્ય યુગના બ્રૂનો ને સર્વેટસ જેવા હાલાકી-ભર્યા મોતની તેને નવાજેશ કરી. એનું જીવન રૂઢિબદ્ધ માનસનું આમૂલાગ્ર ચિત્ર તમારી નજર સામે ખડું કરશે. ᗡ ‘મારી સફર’નો હફતો આ વખતે ચાલુ જગતનો કશો સંસ્પર્શ થવા દીધા વિના જીવતા જૂના કાશીના અંતરંગમાં તમને વધુ ઊંડે લઈ જશે, તો ત્યારપછી ‘જીવનના પરોઢ’માં આવતું ‘બાપુજીનું વૈદું’ એમના મનઃપૂત અને દેહના કરતાં દેહીની ઉપર વધુ અસર કરનારા તે કાળના પ્રાકૃતિક ઉપચારોનું રૂચિકર વાચનપૂરું પાડશે. અને ‘માધુકરી’ તો, અંકમાં વિવિધતાની ક્ષતિ જોઈ કંઈક અંશે ઊપજેલી નિરાશાનો આઠ પાનાં ભરીને પૂરતો ખંગ વાળી આપતી જણાશે.

કુમાર

ફાગણ ૧૯૯૪


અંક ૧૭૧

મુદ્રક - બચુભાઈ રાવત; તંત્રી અને પ્રકાશક - રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઈના એજન્ટો - આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, જાહેરખબરના સોલએજન્ટ રાવળબ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ




ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પરઃ 'મહેનત પછી'–ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર), બીજું ઈનામ; નીચે–ડાબી બાજુઃ 'ભરવાડ'–ભાઇ . પી. વારા (જામનગર), ત્રીજું ઇનામ; જમણી બાજુઃ 'ઘાટ ઘડનાર'–ભાઈ નગીનદાસ દૂધીઆ (અમદાવાદ), ોજના ઈનામ. પહેલા ઈનામને પાત્ર 'તાડના ઝુંડમાંથી તાજ' વાળો ફોટોગ્રાફ 'કુમાર'ની આર્ટ-પ્લેટ તરીકે ં



પાનખર

ચિત્રકાર • રસિકલાલ પરીખ



મહાગંગા મહાસભા

કવિ · સુન્દરમ્

· અનુષ્ટુપ અને મિશ્રજાતિ ·

હિંદી રાષ્ટ્રીય મહાસભાને મુક્તિની મહાગંગા કલ્પીને તેમાં પુરાણકથિત ગંગા-અવતરણની કથાનું રૂપક કવિએ ઘટાવ્યું છે.

વહેતી ભારતે ક્ષેત્રે પુણ્યોદક વહાવતી,
ગંગાથી યે મહાગંગા મુક્તિગંગા મહાસભા.



કુરુ-કૂટ-કાણ્ડથી—પાંડવકૈરવ વચ્ચેના કુરુક્ષેત્રના કપટયુદ્ધથી. એ યુદ્ધ પછી કુસંપને લીધે હિંદમાંથી સ્વાતંત્ર્ય ગયું તે ગયું. વચ્ચે ચન્દ્રગુપ્ત, અશોક વગેરેના કાળમાં કાંઈક પ્રફુલ્લતા આવેલી; પણ મુસલમાન અમલથી તો એ તદ્દન પરવારી ગઇ અને સ્વાતંત્ર્યદેવી બંદીવાન બનીને મુસ્લીમ જનાનામાં પરદેનશીન થઈ. સિવાય કે પ્રતાપ,શિવાજી જેવા નૃપતિઓને ત્યાં એ રાજ્યલક્ષ્મીનો આદર પામી.

રે મુક્તિગંગા,
ઉદાસ જે થૈ કુરુ-કૂટ-કાણ્ડથી
આ ભૂમિનો સ્નેહ ઉતારતી ગઈ
ઉરેથી; કો ચન્દ્ર, અશોક આદિની
સંગે પ્રફુલ્લી નિજ શોક ઠારતી
ક્ષણેક, કિંતુ ક્રમશઃ વિરાગ તે
વર્ધંત એનો, જયમ કૃષ્ણપક્ષનો
અંધાર વાધે; અટવાઈ અંતે
મ્લેચ્છો તણી અશ્વખુરાથી ઊડતી
આંધી વિષે, તંબુ વિષે ઝલાઈ
પડી જનાને પરદેનશીન થૈઃ
તો યે રહી એ નૃપતિકુલોની
સોહાગવંતી શુભ રાજ્યલક્ષ્મી.

પણ એથી યે કમતરીન હાલત તો એની ત્યારે થઈ, જ્યારે સામ્રાજ્યલોભી ગોરી પ્રજાના ગૂંથેલા (સુંવાળા પણ મજબૂત) રેશમી દોર વડે જકડાઇને એ સમુદ્રપાર હરાઇ ગઈ.

પરન્તુ અન્તે સહુથી નિકૃષ્ટ તે
સામ્રાજ્યલોભે જગ ડોળનારી
ગૌરપ્રજાગુંફિત હીરદોરે
બંધાઈ, રૂંધાઈ સમુદ્રપારે
હરાઈ આક્રોશભર્યાં વહાણે.

ત્યાં, બ્રિટિશ સિંહાસનને પાયે જકડાએલી, દેખાવમાં ભલે રત્નસુવર્ણનાં આભૂષણોથી શણગારેલી, પણ નિસ્તેજ અને નીચાં નેત્ર ઢાળેલી એ છુટકારાની વાટ જોતી બેઠી.

એ મુક્તિગંગા
નિબદ્ધ સિંહાસનપાય સાથે
જડી મઢી રત્નસુવર્ણભૂષણે



તથાપિ ફિક્કી નતનેત્ર ત્યાં વસી
નિહાળતી વાટ વિમુક્તિકાળની,
જ્યારે વહી પાછી સમસ્ત ભૂતલે
અનંત છોળે રસવંત વારિએ
સંજીવનપ્રેરક મોક્ષદા બને
અનંત આ માનવકોટિઓને.

એ બાંદીનું દુઃખ જોઈ એક અંગ્રેજ (ઍલન ઑક્ટેવિયસ હ્યૂમ) જરા આર્દ્ર બન્યો. એણે તેના બંધ થોડા ઢીલા કર્યા અને મીઠી વાણીથી રીઝવી તેને જગાડી—ઈન્ડિયન નૅશનલ કૉંગ્રેસની સ્થાપના કરી. આંખેથી યુગોના અંધાર ઊતર્યા અને પૃથ્વીભરના પ્રકાશ—નવા વિચાર, નવાં જ્ઞાન, નવા આદર્શો એની નજરે પડ્યા.

એ બાપડી દુર્બળ દુઃખમગ્ન
બાંદી મૃતપ્રાય નિહાળી એકદા
ગૌરાંગ કો આર્દ્ર બન્યો: 'પ્રબદ્ધના
બંધો ભલે થાય જરાક ઢીલા!'
વિચારી એણે
મૂર્છા મહીં મગ્ન પડેલને જરા
આર્દ્રોક્તિથી રીઝવી ને જગાડી,
કહ્યું: 'જુઓ મા, દગ લેશ ખોલો.'

અંધારઘેર્યાં યુગથી દગો ખુલ્યાં.
ને દૈન્ય એના દિલથી સદા ડુલ્યાં.

પ્રકાશ પૃથ્વીભરતા દગે વસ્યા,
નવા વિષાદો ઉર દાઝતા ધસ્યા,
ઉરે નવાં હોંસ–હુલાસ ઉલ્લસ્યાં.


ગંગાનું અવતરણ તો સાઠ હજાર સગરપુત્રોના જ ઉદ્ધારને માટે હતું; પણ આ મુક્તિગંગાને અંતરે કેવળ હિંદના જ નહિ પણ સમસ્ત માનવતાના સંજીવનનો સંકલ્પ સ્ફૂર્યો અને ત્રિલોકમાં તેનો બમણા વેગથી પડઘો પડ્યો.

ભસ્માવશેષો બની માત્ર જે રહ્યા
સગરાત્મજો સાઠ સહસ્ર માત્રના,
પરંતુ લક્ષાવધિ માનવાત્મજો
એ સર્વને ઉદ્ધરી ઉદ્ધૃતા બનું,
કદી વહી ભૂતલ ભીંજવી શકું?

સંકલ્પ સંજીવનનો ઉરે સ્ફુર્યો,
ને એહ પડઘો બમણો ત્રિલોકમાં.

અનેક પુણ્યવાન હૃદયો સંક્ષુબ્ધ થયાં; મુક્તિગંગા ઉતારી લાવવા માટે દેશમાં સ્વાતંત્ર્યયજ્ઞ મંડાયો; અનેક દેશભક્તોએ આકરી તપસ્યા કરી. કૉંગ્રેસના પ્રયત્નો.

સંક્ષુબ્ધ થયાં અંતર પુણ્યવાન કૈં,
થૈ ભૂમિમાં રાખ પડેલ માનવી
ઉદ્ધારવા ગંગ ઉતારી લાવવા
મંડાઈ વેદી તપની ઋતે ભરી.
અનેક ઋત્વિજ્ યજમાન ઉન્નતો
દીક્ષા લઈ અધ્વરની વિરાજિયા;



એ પ્રયત્નોથી સામ્રાજ્યની સાંકળો જરા ઢીલી થતી, થોડીઘણી રાજકીય છૂટછાટો તથા સુધારા મળતા; પણ એથી અસંતોષ ધૂંધવાતાં વળી સાંકળો તંગ થતી. ગોરા વિષ્ણુ કહેવા લાગ્યા: 'મુક્તિગંગા તમારા દેશમાં ઊતરે—તમને સ્વાતંત્ર્ય આપીએ તોપણ એને જિરવવાની શક્તિ તમારામાં ક્યાં છે? સ્વર્ગમાંથી ઊતરતી ગંગાનો પાતાળ ફોડી નાખે તેવો પ્રપાત ઝીલવાને સમર્થ એવો શિવ તમો મુડદાલોમાં કોણ છે?'

તરત જ તિલક મહારાજે સામો હુંકાર દીધો કે હું ઝીલવા તૈયાર છું. ગંગાધર—ગંગાને ધારણ કરનાર. એમના નામ–બાળ ગંગાધર તિલક—માં આવતા પિતાના નામ 'ગંગાધર'ના શ્લેષનો અહીં ઉપયોગ કર્યો છે.



વીસમી સદીની શરૂઆતનાં વર્ષોના હિંદના સ્વાતંત્ર્ય-પ્રયત્નોના એ દિવસો. મુક્તિગંગાને શિવે ઝીલી તો ખરી જ; પણ લોકમાન્ય એ પ્રયત્નમાં 'હિમાલયે જઇ વસ્યા'—ગારદ થયા.

એમના પ્રયત્નથી ઊતરેલી ગંગાનો સ્રોત હવે સાદ દેવા માંડ્યો: 'કોઈ રસ્તો બતાવો, મારે ક્યાં જવાનું છે?'

તો યે ન પૂરાં તપ પુણ્ય થાતાં
હિમાદ્રિ એકાન્ત વિષે વસી વળી
કૈં કૈં તપસ્યા તનતોડ આદરી.


ગૌરાંગ સામ્રાજ્યની શૃંખલાઓ
ઢીલી થતી બદ્ધસુબદ્ધ ગંગને
છોડી જરા, તંગ વળી થઈ જતી.
ગૌરાંગ વિષ્ણુ નિજ શંખ ફૂંકતા,
'આપીશું ગંગા; પણ ક્ષુદ્ર મર્ત્યો!
પ્રપાત એનો પડ ભૂમિનાં વીંધી
વિનાશગર્તે ગરકાવશે બધું.
છે કોઈ એનો ક્ષમ ભાર ઝીલવા?
સામર્થ્ય બીજે ક્યહીં એ વિના શિવ?
તમો શવોમાં શિવ હોય ક્યાંથી?'

હતાશ આ માનવતા હતી ત્યહીં
હૂંકારી ગંગાધર બાળ ઊઠ્યો,
'સ્વરાજ્ય મારો હક જન્મસિદ્ધ.
છૌં સજ્જ, ગંગા, પડ તૂટી ત્રાડકી!'
'લે ઝીલજે તો!'

ધરા ધ્રુણી
વિદ્યુત્ ઝગી વ્યોમ, દિગન્ત હૂલક્યાં,
વજ્રપ્રપાતે શિખરો હિમાદ્રિનાં
તૂટ્યાં, અને એ શિવ યે ગુફા મહીં
ક્યાં ગર્ક થયો, લોક શક્યાં ન જાણી
ગંગા ખરે ઊતરી કે ન ઊતરી.

એ ધૂમ ને ધુમ્મસ ઓગળ્યાં અને
લોકે લહ્યું એ ગિરિનાં હિમે મઢી
ગંગોત્રીથી પાવનપુણ્ય ગંગા
વહંત ગંગાધરની જટા થકી.

ગંગા ઝીલી શંકર તો હિમાદ્રિએ
કૈલાસ વ્હાલો ગણીને રહી ગયા.
'રસ્તો બતાવો!
રસ્તો બતાવો, ક્યહીં છે જવાનું?'
ગંગા પૂછે, કોણ જવાબ દે છે?



અને ભગીરથે (ગાંધીજીએ) એને તરત આવકારી ઉત્તર દીધો અને માર્ગે દોરી—તિલક મહારાજની પછી ગાંધીજીએ મહાસભાનું માર્ગસંચાલન કર્યું. સત્ય અને અહિંસાના કિનારાની મર્યાદા આંકીને મહાસભાનો સ્વાતંત્ર્યસ્રોત વહેતો કર્યો. ને તે દિવસથી મુક્તિગંગા દેશમાં વહેતી થઈ.

'રે આ પથે મા, પથ આ, અહીં અહીં.'
ભગીરથે શબ્દ તુરંત ઓચર્યા.
સુનમ્ર વાણી તપપૂત પાવના,
કૌપીનઢાંકી તપતપ્ત કાયા.
'માતા, અહિંસા સતના તટો વિષે
બંધાઈ વ્હેજો અમ ભૂમિ આ પરે;
ભસ્માવશેષો થયલાં અનંતનો
ઉદ્ધાર ત્યારે બનશે જ, મૈયા!'

'હાં વત્સ, તારી ઋત વાણ મિષ્ટ!
બતાવ રસ્તો, બઢ પુત્ર આગળે!'

ને ભૂમિ આ ભારતમાં વહેતી
ત્યાંથી થઇ ભારતમુક્તિગંગા.

ગંગાનો એ મુક્ત પ્રવાહ જોઈ ગોરૂં સામ્રાજ્ય હતાશ થયું. એ પ્રવાહ સૂકવી નાખવા જુલ્મરૂપી સૂર્ય પેઠે એણે તપવા માંડ્યું.



પણ જેમજેમ એ તાપ વધતો ગયો તેમતેમ ગંગાનાં પાણી સુકાવાને બદલે હિમાલયનો બરફ ઓગળીને ગંગાપૂર વધતાં ગયાં અને દેશભરમાં સ્વાતંત્ર્યની રેલમછેલ થઇ રહી.

'હા! ગંગ છૂટી!' મુખથી હતાશ થૈ
ગૌરાંગસામ્રાજ્ય વદે છ આત્મ શું,
ને ક્રૂર થૈ સૂર્ય સમું તપી રહે.

યથાયથા તાપ વધે પ્રલે સમો,
તથાતથા બદ્ધ હિમો હિમાદ્રિનાં
દ્રવે થઇ નીર પ્રવાહપૂર
રેલાય; જ્યારે સુકતાં જલાશયો,
ગંગા વહે રેલમછેલ થાતી
પ્રફુલ્લ બંને તટ પૂર્ણનીરા.

હાથે લઇ દંડ, પદે છ પાવડી,
દોરી રહ્યો મુક્તિની મિષ્ટ માવડી
ગંગા, ભગીરથ ભડ પુત્ર ભૂમિનો.

દેશના ખૂણેખૂણામાં—દીનહીન માનવતા સુધી મહાસભાની મુક્તિગંગાની છોળ ઊડી રહી.

વહે સ્ખલંતી ઉછળંત ઊર્મિઓ,
ખીણો પુરી કે ખડકો ઉખાડતી,
ઉરે મહા આતુરતા છલી રહે
પ્હોંચી જવા જ્યાં નિજ હીન કર્મથી
ભસ્માવશેષો થઇ શાપથી પડ્યા
લક્ષાવધિ માનવલોક દીન.

શોભન સંગમ અને ત્રિવેણી—દેશની નાનીમોટી સંસ્થાઓ એ મહાગંગા મહાસભામાં ભળી જવા લાગી. સ્થળે સ્થળે એનાં તીર્થ રચાયાં-સમિતિઓ સ્થપાઇ.

અહિંસા અને સત્યના તટ વચ્ચે વહેતી એ મહાજલા ગંગાનાં ખહોળાં પાણીનાં સ્નાન અને પાનથી પોતાનાં પાપ ખેરવી માનવીઓ નવા બળથી સમર્થ થઇને સ્વાતંત્ર્ય માટે તત્પર થયાં.



ભારતના ઘેરેઘેર નવપ્રાણ સીંચતાં એ પાણી ફરી વળ્યાં; માનવીના અંતરે અંતરે એણે તીર્થ બાંધ્યાં; અહિંસા અને સત્યથી પવિત્ર થએલાં એ પાણી કેવળ ભારતને જ નહિ પણ સમસ્ત પૃથ્વીને ઉદ્ધારશે.

અને એમ ગંગાથી યે મહાગંગા એવી મહાજલા મહાસભાનાં નીર ભારતક્ષેત્રમાં વહી રહ્યાં.


ન ઉચ્ચલંતી નિજ ધ્યેયથી જરા,
સ્થળેસ્થળે જાય રચંતી તીર્થ,
કેં સંગમે શોભન, કેં ત્રિવેણી
ગૂંથી લઈ, બાથમહીં લઈ જતી
અનેક નાના સરિતોદ્‌ગમોને
વહેછ એ પાવન પ્રાંતપ્રાંતે.

એનાં અહિંસા ઋતના તટોનાં
બાંધેલ બ્હોળાં ઉછળંત નીરનાં
સ્નાને ચ પાને નિજ પાપ ખેરવી
નવા બલે શક્ત સમર્થ થાતાં
લાખો જનો તત્પર મુક્તિઅર્થ.


આ ભૂમિનાં માનવના ગૃહેગૃહે
જઈ જઈ ત્યાં નવપ્રાણ સીંચતી
પ્રત્યેક હૈયે નિજ તીર્થ બાંધતી
એનાં અહિંસા સતપૂત નીરથી
ઉદ્ધારશે ભારત-માનવોને
ઉદ્ધારશે પૃથ્વી સમસ્તને યે.

વહેતી ભારતે ક્ષેત્રે બૃહન્નીરા મહાજલા,
ગંગાથી યે મહાગંગા મુક્તિગંગા મહાસભા.

સુન્દરમ્



હરિપુરા મહાસભાની ખુલ્લી બેઠક; ઉપર જમણા ખૂણાગાં: પ્રમુખ શ્રી સુભાષચન્દ્ર બોઝ અને સામાન્ય મંત્રી આચાર્ય કૃપાલાની



અવિસ્મરણીયોને શ્રદ્ધાંજલિ

● સ્વ. વૈદ્યરાજ અમૃતલાલ પટ્ટણીના શિષ્યો તો આજે ગુજરાતમાં ઠેરઠેર એમની પ્રસાદી આપી જનસેવા કરી રહ્યા છે, અને એ જ એમનું ઉત્તમ તર્પણ છે; પણ એમના સ્નેહીજનો અને આપ્તજનોને તો એ મિત્રની ખોટ હમેશાં સાલશે.

પાટણના વિદ્યાર્થી સંમેલનમાં ભાઇશ્રી મેઘાણીનાં ગીતો સૌનાં ચિત્ત ઉપર લહેરાતાં હતાં એવામાં એમની 'મારો સસરો ડોલતો ડુંગર'વાળી લીટીમાં સૂર પૂરતા એ દાખલ થયા. એમને જોઇને જ ભાઇ મેઘાણીએ 'અમૃતલાલભાઈ ડોલતા ડુંગર મારા સસરા' એમ કહ્યું; અને સૌને પણ તે વિશેષણની સાર્થકતા ભર્યા અમૃતલાલભાઇનાં જ્ઞાન, અનુભવ, સેવા અને વાત્સલ્યના સમુચ્ચયમાં ગૌરવનો ડોલતો ડુંગર જ દેખાયો હશે.

એ ગુણો અને સૌજન્યનો પરિચયદર્શન કરાવતો લેખ તેમના અનન્ય ભક્ત ને શિષ્ય શ્રી. બાપાલાલ વૈદ્ય તરફથી કુમારમાં રજુ થવાનો છે; પણ મારી અંગત ઊર્મિઓથી એમના આત્માને સ્મરણાંજલિ આપ્યા વિના હું રહી શકતો નથી.

સ્વ. પંડિત નારાયણરાવ મોરેશ્વર ખરેએ તો અહીં એવી સુવાસ ફેલાવેલી કે તેઓ મૂળ ક્યાંના છે એ વાત વર્ષોથી



હું વીસરી ગએલો. ગુજરાતની ભૂમિ ઉપર સંસ્કારી સંગીતનું વાતાવરણ રેલવી રહેલા એ સજ્જન મિત્રમાં ત્યાગ અને આરપાર સરળતાનું દર્શન કરી હું હમેશાં ધન્ય બનતો. સંગીત અને કળાને પાસેપાસે લાવી દેવાને એ કંઈ કંઈ મનોરથો ઘડતા; અને એ ભાવનાને હરિપુરા મહાસભામાં અમે કદાચ કંઇક રૂપ આપી શકત. પણ તે પહેલાં તો એ દુનિયા બહાર નીકળી ગયા. એમના સંગીત વિદ્યાલયના છેલ્લા વાર્ષિક મહોત્સવના અધ્યક્ષ તરીકે નોતરીને એ ભાવનાને એમણે સ્પષ્ટ રૂપ આપવાની શરૂઆત કરી હતી. એ વખતના ફોટોગ્રાફમાં અમે બે જોડાજોડ બેઠેલા એ જ મારે હવે સંભારવાનું રહ્યું.

અને આખા દેશ પરથી અલોપ થતા તેજસ્વી સિતારા સમા મહાનુભાવ સ્વ. સર પ્રભાશંકર પટ્ટણી વિષે તો સેંકડો લખનારા નીકળી આવશે; પણ મારી અદના જાતને ધન્ય બનાવે એવો એમનો સમાગમ મારી જિંદગીમાં પહેલો અને છેલ્લો હું ભૂલી શકતો નથી. ૧૯૩૬માં અમદાવાદમાં મળેલા સાહિત્યસંમેલન વેળા ગુજરાતની ચિત્રકળાનું પ્રદર્શન રચવાનું કામ મને સોંપાયું હતું. એમના જેવા યુગમૂર્તિ પુરુષો આ પ્રદર્શન જોઇ આશીર્વાદ આપે એવા ભાવથી મેં એમને વિષયવિચારિણી સમિતિમાં એક ચિઠ્ઠી માત્ર મોકલી. તેના જવાબમાં લખ્યું કે 'અહીંથી હું નીકળું ત્યારે કોઇને હાજર રાખજો; તેની સાથે હું આવી જઇશ.' અને બરાબર અરધા કલાકે પ્રાંતિક સમિતિના મકાન પર પ્રદર્શન જોવા મોટરમાં એકલા જ આવી પહોંચ્યા. એ વખતે એમના પગને લચક થએલી હોવાથી દાદરો ચડવો મુશ્કેલ હતો, છતાં મહેનત લઇ ઉપર આવ્યા અને લગભગ એકાંત જેવા એ સમયે પોણો કલાક સુધી પ્રદર્શનનાં ચિત્રો જોયાં અને કલાના ઉત્કર્ષ માટે મારી નમ્ર યોજનાઓ સાંભળી. દાદરો ઊતરતાં એમણે બહુ વાત્સલ્યથી મારા હાથનો ટેકો સ્વીકાર્યો અને પુનઃ નિરાંતે



મારી વાત પર ધ્યાન આપવા વચન આપ્યું. —એ છેલ્લું દર્શન અને છેલ્લી મુલાકાત ફ્પલા નાનકડા ફોટોગ્રાફમાં જ અમર રહી.

કરાચીનું સાહિત્યસંમેલન

● આ લખું છું તે વેળા ગંગાસાગરના પૂરની પેઠે મહાસભા-એ ગુજરાત પર જબરી છોળ મારી લીધી એવે વખતે તેની વેંનો કોઈ પ્રસંગ ક રતાં સ્મૃતિની તુ બદલાઇ જવાનો સ-ભવ શક્ય છે; છતાં કરાંચીનું સાહિત્ય સં-મેલન મારા ચિત્તમાં-થી ખસે નહિ એવો એ પ્રસંગ સાથે મારો સંબંધ બંધાયો છે પણ મને એમ થાય છે કે સાહિત્ય સંમેલન પ્ર-વાસી નાટક મંડળી જેવું કેમ બનતું જાય છે? કોઇ જોનારા ને કોઈ ભજવનારા; એવા ઠાઠથી મેદની ભેગી થાય છે, પણ કદી બંને-ની વચ્ચેનો ભેદ તૂટી એકતાન જામતું નથી. હું તો સાહિત્ય સં-મેલનને તંતુએ સાવ અચાનક ઝડપાયો ને મારો ઉમંગ તો વધી



કરાચી સાહિત્યસંમેલન વેળાએ નાટ્યપ્રયોગો. ઉપરથી ડાબી બાજુથી: પ્રેમાનંદકૃત 'મામેરા'માં 'મેહુલો ગરજે ને માધવ નાચે'વાળા ગીતમાં રાધા (કુમુદ ત્રિવેદી) અને કૃષ્ણ (ભાનુમતિ કૌંસ); (૨) રાધાનું નૃત્ય (કુમુદ ત્રિવેદી); (૩) મૂકનૃત્યમાં કનકલતા ભટ્ટ; (૪) નવ વર્ષની બંસરીબાલા મણિપુરી નૃત્યમાં • (ફોટો : મોહનલાલ પી. ગાંધી—કરાચી)


જવો જોઇતો હતો; પણ એને બદલે એમ કેમ લાગે છે કે સાહિત્ય સંમેલનની રંગભૂમિ ઉપર તાલ કે રૂચિ, રંગ કે રાગ, કોઇનો મેળ બાઝતો નથી? કરાંચીમાં સ્વાગતકારોએ શ્રમ લેવામાં બાકી નહોતી રાખી. ઉતારા માટે ઉત્તમ સોઇ, મળવા માટે જાહેર તેમજ નાનામોટા મેળાવડાઓ ને જમણો, આનંદ માટે સુંદર અને શ્રમસાધિત નાટ્યપ્રયોગો, પ્રદર્શન વગેરે જે કંઇ ઇચ્છીએ તે હતું. છતાં બધી પ્રવૃત્તિઓની વચ્ચે સંગતિ અને સુમેળ તૂટતો કેમ હતો?

વ્યકિતગત મુલાકાતો અને સમાગમોથી મને કરાંચીમાં જે સુજનતા, સ્વાગત અને સ્નેહનો અનુભવ થયો છે તેવો

કદાચ બીજા કોઇ શહેરમાં થયો નથી. હિંદુ, પારસી કે વહોરા ભાઇઓ, જે કોઇ મળ્યા તેઓ ગુજરાતના ભક્ત હતા, ગુજરાતી ભાષાનો ઉત્કર્ષ ચાહતા હતા, 'ગુજરાતી' નામ પર પ્રેમ દર્શાવતા હતા. તરુણો અને યુવતીઓમાં તેજ દેખાતું હતું. વિદ્વાનો-નાં ત્યાં જૂથ હતાં. પણ સંયોજના દેખાતી નહોતી. કારણનું નિદાન બહારથી આવેલા ન કરી શકે, પણ કરાંચીવાસી ભાઇઓ જરૂર વિચાર કરશે એમ ધારી મારા મન પર પડેલી છાપ, ભૂલ હોય તો નમ્રપણે ક્ષમા સાથે, રજૂ કરું છું.

અકાળ વરસાદ અને ઠંડીએ પરિષદના કાર્યક્રમો ઉપર ઘણો પ્રહાર કર્યો અને નુકસાન તેમજ ગૂંચવણો કરાવી એ ખરું, પણ જેને (optimistic) ઉત્સાહપ્રેરક માનવો કહી શકીએ એવાના અભાવે એમાં મુશ્કેલી વધી હશે. ઘણા સુજનો પણ દૂરથી જ સહાનુભૂતિ બતાવતા. પરદેશીઓને આખો દિવસ સાથ આપી રસ્તા, કાર્યક્રમ અને સ્થળો પર વખતસર પહોંચાડનારા ભોમિયા સ્વયંસેવકોની ત્યાં ખામી હતી. ઘણી વાર તો મેં મુખ્ય કાર્યકર્તાને કામ છોડી એ ફરજ બજાવવા નીકળતા જોયા. પરિષદોના દિવસો પહેલાં સંખ્યાબંધ યુવાનો-એ મહેમાનોના ભોમિયા બનવા તાલીમ અને સમજણ મેળવી લેવી જોઇએ. સુંદર ભાવનામય તરુણોની કરાંચીમાં ખોટ નથી જ. તેમને યોગ્ય સંન્માન અને સદ્ભાવપૂર્વક કોઇ દોરનાર આગળ પડે તો કરાચીના તરુણો સારા યે પ્રાંતમાં છાપ પાડે એવા છે.

કરાંચીમાં કચ્છ કાઠિયાવાડનાં જૂની રૂઢિનાં કુટુંબોનો મોટો ભાગ હોવા છતાં બહેનોએ ઘણું સ્તુત્ય દર્શન આપ્યું છે. તેમની કલાઆકૃતિ અને નાટ્યપ્રયોગો માટે પ્રશંસા અ-નિવાર્ય બની છે. પણ તેમના અધ્યાપકોને એક નમ્ર સૂચના કરી લઉં કે સંસ્કારપ્રેરક નાટ્યપ્રયોગોને લોકરુચિના નાટકી તકતા જેવા રૂપમાં ઢળતા અટકાવવા જોઇએ. એ પડદા, એ સીનસીનેરી ને પોષાકો અને એ લટકાં તથા હોકારાથી હવે ટાગોર કે હરીન્દ્રના નાટ્યપ્રયોગો કેમ અલગ થયા છે તે વિચારવું



હરિપુરાની ૫૧મી રાષ્ટ્રીય મહાસભા જ્યાં ભરાએલી તે વિઠ્ઠલનગર હરિપુરાથી થોડે દૂર ક્યાં આવેલું, તેની આજુબાજુ ગુજ-રાતનાં ક્યાં જાણીતાં ગામો, પ્રદેશ વગેરે આવેલાં તથા ત્યાં પહોંચવા માટે જુદા જુદા કયા માર્ગો હતા તે દર્શાવતો નકશો




હરિપુરા મહાસભાનો કાર્યભાર વહેનારા અગ્રણીઓ. ઉપરઃ શ્રી રામદાસ ગુલાટી–મુખ્ય ઇજનેર; શ્રી સન્મુખલાલ શાહ–બાંધકામ ખાતાના મંત્રી; શ્રી જુગતરામ દવે–સ્વચ્છતાસંઘના મંત્રી; શ્રી રાવજીભાઇ પટેલ–રસોડા ખાતાના મંત્રી; બીજી હારઃ કુ મણિબેન પટેલ; સરદારશ્રી વલ્લભભાઈ પટેલ; શ્રીમતી મીઠુબેન પિટિટ; સરદારશ્રીની નીચેઃ શ્રી કનૈયાલાલ દેસાઇ–પ્રધાન મંત્રી; દરબારશ્રી ગોપાળદાસ દેસાઇ–સ્વાગત પ્રમુખ અને શ્રીમતી ભક્તિલક્ષ્મી દેસાઇ; નીચલી હારઃ શ્રી લક્ષ્મીદાસભાઇ–ખાદી કાર્ય; શ્રી નરહરિ પરીખ–સામાન્ય મંત્રી; શ્રી કલ્યાણજી મહેતા–સરભરા મંત્રી; શ્રી નાનુભાઇ–હિસાબીખાતું.

જોઈએ. કરાંચીના બાળનટ ભરતસિંહે કમાલ કરી બતાવી છે. તેના ભાવનિવેશ પર કાકાસાહેબે સૂચના કરી તે એ યાદ રાખે તો બસ. કરાંચીની ગુજરાતી જનતા એના પ્રયોગો પર ગમતા અને વાત્સલ્ય દર્શાવી ઉદારપણે વધાવી લે છે એ આનંદવાર્તા છે. કરાંચીના ગુજરાતીઓ પાસે શાળાઓ, હાઇસ્કૂલો, વર્તમાનપત્રો અને સીનેમાઓ જેવાં પ્રબળ અને સમર્થ સાધનો છે, એટલે સંસ્કારમય કેળવણી અને પ્રફુલ્લ સમાજજીવન ઘડી શકે એવા અનેકવિધ સંજોગો એમની પાસે છે. તેનો એકરાગપૂર્વક સફળ ઉપયોગ કરી તેઓ તેનાં સુફળ મેળવો એ જ અભિલાષા છે.

હરિપુરા મહાસભા

● મહાસભાના ઈતિહાસમાં ગુજરાતને આંગણે ચોથી વાર ભરાએલી હરિપુરાની ૫૧મી મહાસભાના અને તેના કામના અહેવાલો તો વર્તમાનપત્રો અત્યાર સુધીમાં અનેક રીતે આપી ચૂક્યાં છે; એટલે તેની પુનરૂક્તિ કરવા કરતાં ગુજરાતને જશ અપાવી ગયેલી એ મહાસભાની આંતર રચનામાં કંઇક નમ્ર ફાળો આપવાની નેપથ્યમાં મને તક મળેલી હોવાથી તેની કલા પરત્વે કેટલીક હકીકતો અને વ્યક્તિઓનો પરિચય આપવો ઉચિત લાગે છે. તેની સાથે આ અંકના લગભગ ૧૨–૧૩ પાનાં ભરીને આપેલાં ચિત્રો (જે ખાસ કુમારને માટે જ લેવાએલાં અને તદ્દન અપ્રકટ છે તે) એ વર્ણનમાં પૂર્તિ કરશે અને ઉપરાંત મહાસભાનાં આજ સુધી કોઈએ નહિ આપેલાં એવાં ઘણાં નવાં ચિત્રદર્શનો રજુ કરશે


૧૯૩૭ના જૂન માસમાં પૂ. ગાંધીજી તિથલ મુકામે આરામ લઇ રહ્યા હતા ત્યારે તેમની આજ્ઞાથી શ્રી મહાદેવભાઈએ મને તથા કનુ દેસાઇને મહાસભાના સુશોભનકાર્ય માટે મળી જવા સૂચવ્યું. શ્રી નંદબાબુ પણ એ વખતે ત્યાં આવી ગયા હતા. સૌરાષ્ટ્ર કાર્યાલય અને નવસૌરાષ્ટ્રના ઝગડાનો નિકાલ પણ તે જ વખતે થવાનો હતો. ત્રણ વાગ્યે બાપુજીએ અમારી સાથે મુલાકાત ઠરાવી. અમારી સાથે એમને શી વાત કરવાની હતી તે તો કંઈ કળાયું નહોતું, પણ અમારે મહાસભાને અમારી સેવા આપવાની હતી એટલું તો અમે જ નક્કી કરી રાખ્યું હતું, એટલે નંદબાબુ જોડે જાતજાતની યોજનાઓ વિચારી લીધી અને બાપુજી આગળ મૂકવાની નોંધ પણ તૈયાર કરી રાખી. પરંતુ ત્રણ વાગ્યે અમે બાપુજીના ખંડમાં પેઠા ત્યારે સરદારશ્રી વલ્લભભાઈ, મહાદેવભાઇ અને નરહરિભાઇ એ મુલાકાતમાં ખાસ રસ લેતા જણાયા. એથી મને બહુ આશ્ચર્ય થયું અને તેનું કારણ પણ તુરત સમજાયું. બાપુજીનો પહેલો જ પ્રશ્ન એ હતો કે 'નંદબાબુ મળ્યા? પોતાની કળાથી તો એમણે સૌને મુગ્ધ કર્યાં જ છે; રસોઇમાં પણ એમણે કળા બતાવવા માંડી છે. તમે તેમને ઓળખતા તો હશો જ. અને હવે મહાસભાને શણગારવા એ નવી યોજનાઓ કરી રહ્યા છે.' મેં કહ્યું, 'જી હા, અમે અત્યાર સુધી એમની સાથે જ વાતો કરી છે અને આપની પાસે રજુ કરવાની યોજના પણ તૈયાર કરી લાવ્યા છીએ.' એ સાંભળીને સાશ્ચર્ય સંતોષથી બાપુજીએ કહ્યું, 'શું કહો છો? તો તો મારે હવે તમને કંઇ કહેવાનું રહેતું જ નથી. મને તો કોઇએ એમ કહ્યું હતું કે ગુજરાતમાંથી એમને સહકાર નહિ મળે. મેં તો એ માન્યું જ નહોતું, એટલે તમને બોલાવ્યા અને બધાને કહ્યું કે હું તમને સમજાવી લઇશ. પણ તમે તો મારો વખત બચાવી દીધો.' એ વાક્યો પાછળનો મર્મ સમજતાં મને મનમાં તો બહુ દુઃખ થયું કે બાપુજીને અમારા માટે આટલી યે કલ્પના ઊપજવાનો પ્રસંગ કેમ આવ્યો. હું વધુ બોલી શક્યો નહિ. માત્ર એટલું (અનુસંધાન પૃ. ૧૧૨મે)




દેશના જુદાજુદા ગ્રામ ઉદ્યોગો, કલાકારીગરી, ખેતીવાડી વગેરેને લગતું એક મોટું પ્રદર્શન તથા તેને અનુષંગીને પ્રદર્શન-બજાર પણ હરિપુરા મહાસભાની સાથોસાથ યોજાયું હતું. એ બજારનાં વિવિધ દૃશ્યો અહીં આપેલાં છે. ઉપર: પ્રદર્શનનું મુખ્ય દ્વાર ગગન દરવાજો; પ્રદર્શનના બજારનું દૃશ્ય. નીચે: રાત્રે રોશનીથી જળહળતો પ્રદર્શનનો દરવાજો; પ્રદર્શનમાં ફરતા ગાંધીજી; ગ્રામઉદ્યોગની ક્રિયાઓ જોતા ગાંધીજી; એમની બાજુમાં પ્રદર્શનમંત્રી શ્રી દીલખુશ બ. દીવાનજી ઊભેલા છે.



તાપી તીરે માંડવી. મઢી રસ્તે વિઠ્ઠલનગર જતાં રસ્તામાં તરસાડા ગામ આગળથી સામે કાંઠે માંડવીનું સુંદર દૃશ્ય જણાય છે.




'કલાશિલ્પ'ને દ્વારે ગાંધીજી. મહાસભા પ્રદર્શનમાં ગુજરાતની જૂની કારીગરીનાં વાસણો, કાપડ, શીવણ-ભરત, કોતરકામ વગેરે અનેકવિધ કલામય વસ્તુઓનું પ્રદર્શન શ્રી રવિશંકર રાવળે સુરતના શ્રી રાજેન્દ્ર સુરકાથા તથા શ્રી કંચનલાલ મામાવાળાની સહાયથી તથા ગુજરાતના બીજા કલાકારોના સહકારથી 'કલાશિલ્પ' નામથી યોજ્યું હતું. તે જોઇને બહાર નીકળતા ગાંધીજી ઉપરના ચિત્રમાં શ્રી કુમારપ્પા તથા મહાદેવભાઈ જોડે વાતો કરતા દેખાય છે. જમણે ખૂણે મહાસભા પ્રદર્શનના પ્રધાન મંત્રી શ્રી શંકરલાલ બૅંકર છે. ઉપર ડાબે ખૂણે નાના ચિત્રમાં પ્રદર્શનમાં ગાંધીજી ફરતા દેખાય છે.



વિઠ્ઠલનગરમાં મહાત્માજીને માટે તાપીતીરે ખાસ બાંધવામાં આવેલા કુટિર (જમણી તરફ) તથા એ કુટિરમા ગાંધીજી




વિઠ્ઠલનગરના સૌન્દર્ય–આયોજનમાં ફાળો આપનાર કલાકારો: ઉપરથી પહેલા ચિત્રમાં જમણી બાજુથી–શ્રી રવિશંકર
(અનુસંધાન સામેના પાનને છેડે)



મહાસભા પ્રદર્શનમાં રજુ થએલા ગ્રામ-ઉદ્યોગોમાંના કેટલાક: ઉપરથી ડાબી બાજુથી–કાંતણ; ખાદીચોખા ખાંડવાની રીત; લોટ દળવાની વિવિધ ઘંટીઓ; તેલ પીલવાની વિવિધ ઘાણીઓ. વચ્ચે–ગ્રામઉદ્યોગસંઘના મંત્રી શ્રી કુમારપ્પા.

(અનુસંધાન સામેના પાનેથી)


રાવળ, શ્રી નંદલાલ વસુ, વિઠ્ઠલભાઈની મહાકાય અર્ધમૂર્તિ તૈયાર કરનાર જાણીતા શિલ્પી શ્રી વિનાયકરાવ કરમારકર, બીજા દક્ષિણી શિલ્પી શ્રી પાંધ્યે. તેની નીચેના ચિત્રમાં ગુજરાત કલાસંઘના ચિત્રકારો: જમણી બાજુથી–શ્રી રવિશંકર રાવળ (બેઠેલા), છગનલાલ જાદવ, કનુ દેસાઇ, રસિકલાલ પરીખ, ધીરેન્દ્ર ગાંધી. ઉપલા જમણા ખૂણાના ચિત્રમાં કલાસંઘના ખંડમાં કામ કરતા બંસીલાલ (વચ્ચે) અને બીજા બે સહકારીઓ; તેની નીચેના ચિત્રમાં જ્યોતિસંઘનાં ત્રણ કલા-વિદ્યાર્થિનીઓ ગૌશાળાના શણગાર તૈયાર કરતાં; સૌથી નીચેના આડા ચિત્રમાં, જૂની કારીગરીના પ્રદર્શન 'કલાશિલ્પ'ને દ્વારે કલાકારો; જેમાં વચ્ચોવચ એ પ્રદર્શનની સફળતામાં ઘણો મોટો અને સક્રિય ફાળો આપનાર સુરતના બે કલાકારો શ્રી કંચનલાલ મામાવાળા અને શ્રી રાજેન્દ્ર સુરકાથા શ્રી રવિશંકર રાવળ જોડે દેખાય છે.



વિઠ્ઠલનગરની રચના અને વ્યવસ્થા તથા સ્વચ્છતા અને શિસ્તમાં ફાળો આપનારાઓ: ઉપર–પહેલી હારમાં ડાબી બાજુથી: વિઠ્ઠલનગર બાંધવા માટે તાપીના વહેણ વાટે જથ્થાબંધ વાંસ લાવવામાં આવેલા; એ વાંસડા વહી જતા કામગારો; વિઠ્ઠલ-નગર બાંધનાર ઈજનેર શ્રી રામદાસ ગુલાંટી; બીજી હાર: વિઠ્ઠલનગરની કુટિરોનું એક દશ્ય; ત્રીજી હાર: પ્રદર્શનની બજાર સ્વચ્છ રાખતા સ્વયંસેવકો; ભોજનાલય; ચોથી હાર: વિઠ્ઠલનગરને શિસ્ત ને સેવા અર્પનાર સ્વયંસેવિકાઓ ને સ્વયંસેવકોનાં દળ



જૂના કારાગરાના પ્રદર્શનમંડપ 'કલાશિલ્પ'ની અંદરના નમૂનાઓનાં બે દૃશ્ય. ડાબી બાજુ: સૂરતના પ્રાચીન ભરત, કિનખાબ તથા જરીકામની બેનમૂન કારીગરી; જમણી બાજુ: પોરબંદરની ભરતગૂંથણની ગ્રામકલાના નમૂના



: ઉપર: જ્યાંથી થોડા માઇલ દૂર વિઠ્ઠલનગર વસેલું તે ખરા હરિપુરાનાં બે દૃશ્યો   નીચે: એ પ્રદેશનાં વાસી સ્ત્રીપુરુષો.





અલોપ થએલા વિઠ્ઠલનગરના પ્રતીક તરીકે આજે પણ જે અમર રહી છે તે સ્વ. વિઠ્ઠલભાઈની મહાકાય પ્રતિમાનું બાજુનું ચિત્ર, તેની પાસે ઊભેલા માનવસમૂહના પ્રમાણ પરથી તેના કદનો સાચો ખ્યાલ આપશે. તેના સર્જક શ્રી કરમારકરે તેનો મૂળ નમૂનો કેટલો નાનો કરેલો તે દર્શાવતા નીચેના ચિત્ર પરથી પ્રમાણો અને ધાટ ઉપરનો શ્રી કરમારકરનો અજબ કાબુ સમજી શકાશે. મથાળે: શ્રી કરમારકરે એ શિલ્પમૂર્તિને પડખે, બે સામર્થ્ય દાખવતાં સિંહ અને વૃષભનાં બે પ્રતીક યોજ્યાં હતાં તે દર્શાવતું એ શિલ્પનું રેખાચિત્ર

(અનુસંધાન પૃ. ૧૦૫ થી) બોલ્યો કે એવું હોત તો આપને મેં બતાવવાની પણ અમારી લાગણી અજ્ઞાત નહિ. વધુ ચર્ચાને અવકાશ નહોતો, એટલે પ્રણામ કરી અમે બહાર નીકળી ગયા. પછી તો મહાદેવભાઇ અને નરહરિભાઇ તથા સરદારશ્રી પણ એ પ્રસંગથી ખુશ થએલા જણાયા; કારણકે સૌને કંઇક વિચિત્ર વાર્તાલાપનો સંભવ લાગ્યો હતો

નંદબાબુની સાથે હું મહાસભાની સેવાનો વરૂણ થઇ આવ્યો ત્યાર પછી તેની જ કલ્પનાઓ વિસ્તારવા લાગ્યો. નંદબાબુ સાથે ફૈઝપુરના અનુભવો યાદ કરતાં એક વાત તેમણે એવી કહેલી કે લાખો માનવીઓ જેઓ લખાણો કે ઉપદેશમાં રસ ન લઈ શકતાં હોય તેમનાં આનંદ ને આકર્ષણ માટે મોટા કદનાં પૂતળાં જેવું બોધક કોઇ સાધન નથી; એટલે બને તો રાજકીય પરિસ્થિતિ દર્શાવતાં પૂતળાં ઠેરઠેર ઊભાં કરવાં. એ કામ માટે મેં મુંબાઇના ગણપતિ બનાવનારાઓ માટે યાદી આપી અને તેની તપાસ કરવાનું માથે લીધું મારા મિત્ર મુંબાઇના સુપ્રસિદ્ધ શિલ્પી શ્રી વિનાયકરાવ કરમારકરને હું મળ્યો, એટલે તે પણ એ વાતથી રાજી થયા અને એ કામ માટે કેટલીક સૂચના કરી. પણ તેમણે વળી બંગાળમાં કાગળ અને પરાળનાં હળવાં પૂતળાં કરનારા માટે તપાસ કરી નંદબાબુ મારફત યોજના કરવાની ભલામણ કરી. પણ સાથે જ પોતે એ પ્રદર્શનમાં કંઇક ફાળો આપવા ચાહે છે એમ ઇચ્છા દર્શાવી અને ત્રીસ ફૂટ ઊંચાઈના ગણપતિ બનાવી એકાદ દરવાજાને ગણપતિ દરવાજે નામ આપવાની યોજના કહી. મેં તુરત નંદબાબુનો તે માટે અભિપ્રાય પૂછ્યો. ગણપતિ ખેડૂત



મહાસભાના સ્વચ્છતા સંઘનું પ્રતીક

લાખો માણસોની હલચલ રાતદિન જારી રહેવા છતાં બધી મહાસભાઓના ઇતિહાસમાં હરિપુરા મહાસભાએ સ્વચ્છતાની બાબતમાં પહેલો આંક મેળવ્યો છે. એનો યોગ્ય જશ ત્યાંના સ્વચ્છતાસંઘના સ્વયંસેવકો તથા મૂંગી સેવાના નેપથ્યમાં રહેલા એના અગ્રણી શ્રી જુગતરામ દવે અને મામાસાહેબ ફડકેને છે. એ સંઘે સ્વચ્છતા અને વ્યવસ્થા જાળવવા માટેનાં જે અનેકવિધ સચોટ અને સચિત્ર સૂચનાપત્રો તથા દીવાલપત્રો હજારોની સંખ્યામાં ઠેરઠેર મૂકેલાં તેના નમૂના આ ઉપર આપ્યા છે. નીચલે જમણે ખૂણે એ સંઘનું પ્રતીક—કાદવમાંથી જન્મતું છતાં સ્વચ્છતાના આદર્શ સમું કમળ—છે.


અને ધાન્યના દેવતા છે, પણ હાલ તેને ધાર્મિક ચિહ્ન ગણી ગામીવાદનું સ્વરુપ કોઇ માની લે તો વિક્ષેપ ઊભો થાય; એટલે એકાદ કિસાન દરવાજો બનાવી ત્યાં ખેડૂતનું જ મોટું પૂતળું મૂકવું એમ વિચાર તેમણે આપ્યો. શ્રી કરમારકરને પણ તે પસંદ પડી ગયો. પણ તે પછી તેઃ એમના કામકાજને અંગે તેમને બહુ વખત રહ્યો નહિ. તા. ૧૯ મી જાન્યુઆરીએ જ્યારે તેઓ તે ખેડૂતોનાં પ્રતીકો નોંધી લેવા માટીનું ખોખું લઇ વિઠ્ઠલનગર આવ્યા ત્યારે તેમની આંખ આગળ તાપી કિનારાની રાનીપરજની જીવતી કલામૂર્તિઓ જેવી ગ્રામ્ય નારીઓ અને નરો દેખાયા, એટલે મુદ્દતનો અંદાજ ખોટો પડયો લાગ્યો. નંદબાબુ, હું, શ્રી કરમારકર અને ખામગામવાળા શિલ્પી શ્રી પ્રાન્ધ્યે, ચારે જણા કંઇક નિર્ણય માટે મથવા લાગ્યા. છેવટે શ્રી કરમારકરે થોડા જ મુદતમાં પણ વિઠ્ઠલનગરની સ્મરણમૂર્તિ સ્વ. વિઠ્ઠલભાઇનું પ્રચંડ મસ્તક સીમેન્ટમાં ઢાળી શકાય એમ ઠરાવ્યું. એ બેત્રણ કલાકમાં મેદાન પર રખડીને વાંસડા ઊભા રાખીને અવલોકનો કરીને કુલ ઊંચાઇ ૧૪ ફીટની અને માત્ર મસ્તક ૯ ફીટનું કરવાનું ઠરાવી તે બધું તા. ૬ પહેલાં ત્યાં હાજર કરવાનું દુર્ગમ કાર્ય ઉઠાવ્યું. શ્રી

દેશની આધુનિક પરિસ્થિતિને જનતા આગળ સચોટ રીતે રજૂ કરી તેને સાચે માર્ગે વાળવાનો સૌથી સમર્થ અને અસરકારક માર્ગ તે પોસ્ટરો— પ્રચારચિત્રોનો. વિઠ્ઠલનગર મહાસભા પ્રદર્શનના કાર્યકરોએ તેને સફળપણે પાર ઉતાર્યો હતો. ગુજરાત કલાસંઘના કલાકારમંડળે તૈયાર કરેલાં એવાં સંખ્યાબંધ ચિત્રોમાંનાં ચાર ઉપર આપ્યાં છે.



નંદબાબુએ એ વિચારને એકદમ પ્રમાણી લીધો અને તેમણે જ વિનાયકરાવને કહ્યું કે 'તુરત જ પાછા મોટરમાં બેસી મુંબાઇ રવાના થઇ જાઓ અને કામ શરૂ કરી દો.' તે ન મળ્યા કમિટીના કોઈ સભ્યને કે ન ચિંતા કરી મંજૂરીની. નંદબાબુએ એમને એ બધાથી મુક્ત રાખ્યા અને તા. ૨૫ મીએ પૂતળું તૈયાર થયાનો એમનો તાર આવ્યો એટલે તેની પીઠ, બેઠક વગેરે કમિટી પાસે તૈયાર કરાવ્યું તથા રેલવે ખર્ચ અને તેની લાવવાની સગવડ વગેરે પાર ઉતારી આપ્યું, અને કમિટીએ નંદબાબુમાં મૂકેલો વિશ્વાસ અને સત્તા સાર્થક કરી બતાવ્યાં જોકે શ્રી કરમારકરને તો ફરીવાર ત્યાં આવવાનો પણ વખત ન મળ્યો અથવા કોઇ નેતાઓની મુલાકાત પણ ન થઇ. વિઠ્ઠલનગર તો અલોપ થયું, પણ વિઠ્ઠલભાઇની એ મૂર્તિ મહાસભાના અવશેષચિહ્ન રૂપે અને શિલ્પકલાના એક અનેરા સાહસ તરીકે અમર રહી ગઇ. હજુ સુધી એવડા માપનું મસ્તક, અને તે પણ સીમેન્ટમાં, કોઇ ઠેકાણે હિંદમાં તો નથી બન્યું.


અલોપ થએલી સાદી છતાં અદ્ભુત માયાનગરી સમા વિઠ્ઠલનગરનાં સંભારણાં તો એ વખતનાં પત્રોમાં દિન પર દિન નોંધાયાં છે અને દરેક લેખકે પોતપોતાના રંગોથી તેને શોભાવ્યાં છે, પરંતુ કાર્યકર્તાઓની ટોળી પૈકી શ્રી રામદાસ ગુલાંટી કે જેમણે એ નગરના નકશા કરી એને જીવંત વ્યક્તિત્વ આપ્યું તેની વિધાયકશક્તિ, સેવાભાવ અને એકાંતિક સાદગી જેણે જોઈ હશે તે એમને માનની અંજલિ આપ્યા વિના રહી શકે નહિ. નમ્રતાપૂર્વક અખંડ સેવા આપનાર એ રત્નને મહાસભાના દળમાં ખેંચી લાવનારને પણ મનુષ્યપરીક્ષા માટે ધન્યવાદ આપવો જોઇએ. એમની પાછળ શ્રી સન્મુખલાલનો કાર્યકર હાથ ચારે કોરની સીમાઓથી સાધનસામગ્રીના ગંજ લાવી મૂકતો હતો. એ ક્રિયા પણ વિઠ્ઠલ




મહાસભા પ્રદર્શન તરફથી લોકકેળવણી માટે તૈયાર કરાવવામાં આવેલાં બીજાં ચાર વધુ પ્રચારચિત્રો, જેમાં જનસમાજની આજની કૃત્રિમ અને સભ્યતા તથા અનુકંપા વિનાની રહેણીકરણી ઉપર સચોટ વ્યંગ છે. નીચેઃ ક્રાન્તિ નહિ, પણ હૃદયપલટો' એ નામનું પોસ્ટર







ડાબી બાજુઃ ઉપરઃ વિઠ્ઠલનગરને પાણી પૂરું પાડવા બંધાએલી જંગી ટાંકી. ચિત્રના ઉપલે ડાબે ખૂણે નેતાશિબિરો તથા દૂર તાપી નદી દેખાય છે. નીચેઃ ખાદીએ કરેલી પ્રગતિના અસંખ્ય પ્રશસ્ય નમૂનાઓના પ્રદર્શનનો મંડપ




ધ્વજવંદન વખતનું દૃશ્ય: જેમાં ઉપરના ભાગમાં સરદાર વલ્લભભાઇ, રાષ્ટ્રપતિ સુભાષ બાબુ અને સત્કાર પ્રમુખ દરબાર ગોપાળદાસ દેખાય છે; નીચે ઊભેલાઓમાં શ્રી જયરામદાસ, સરોજિની નાયડુ, જવાહરલાલ, આચાર્ય કૃપાલાની (માથે ઓઢેલા) શ્રી ભુલાભાઇ વગેરે નજરે પડે છે. સામેના પાના પર ડાબી બાજુનું ચિત્ર: રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રપતિ નીચેથી: ધ્વજવંદન વેળા રાષ્ટ્રપતિ સુભાષ બાબુ; વચ્ચે: ધ્વજવંદન વખતે રાષ્ટ્રધ્વજના મંચ ઉપર દેશનેતાઓ; ઉપર: ઉન્નત ફરકતા રાષ્ટ્રધ્વજનું સમગ્ર દૃશ્ય તથા તેની બાજુ અંદર બેસાડેલી છબીમાં એ ધ્વજદંડના મથાળાના ભાગનો ખ્યાલ આપતું નિકટથી લીધેલું ચિત્ર. ત્રાંબાની ગાગર અને લોટાને ઊંધાં બેસાડી ધ્વજના એ કળશના ભાગની રચના કરેલી છે. એ ધ્વજ તથા ધ્વજમંચની આયોજના કલાકાર વિનાયક માસોજીએ કરી હતી. (ફોટો · શ્રી કાન્તિલાલ ભાવનગરી)

નગરનું કૌતુક હતી. નદીમાંથી વાંસ અને વળીઓના ત્રાપા ને ત્રાપા કિનાર પર ચડી નિવાસો અને બજારો બની ઊભા રહેતા, ગાડી રસ્તે તાપડાના રોલના રોલ આવી તેને આચ્છાદિત કરી મૂકતા. તે કરનારી મજૂરસેના તાપી પ્રાંતના ગામડાંઓમાંથી જ ઉભરાતી અને કલાકારોની પ્રલુબ્ધ આંખોને સુદૃઢ શરીરયષ્ટિનાં અને અંગલાલિત્યનાં ચિત્રો અર્પતી. પણ વિઠ્ઠલનગરની વીજળીક રોશની ઝબૂકી તે દિવસથી એ માયાસર્જકો સીમાડા પર અદૃશ્ય થઇ ગયા અને પરદેશી બની ગયા. મુંબાઇ, અમદાવાદ અને સૂરતથી જે ટિકિટોના પૈસા ભરી શકયા તે જ વિઠ્ઠલનગરના વાસી બન્યા. તાપીની એ અજબ અસલ માનવજનતાનાં ચિત્રો જે આદિ મુસાફરોને જ જોવા મળ્યાં તે પાછાં બધી સ્પેશ્યલો ભાડુતી મુસાફરોને ઉપાડી ગઇ ત્યારે જ દેખાયાં. કોઈ કહે, જો મેં અહીં રેતી નાખી હતી, કોઇ કહે મેં પેલું છાપરૂં બાંધેલું! એમ કહેતા, શહેરનાં માણસોએ આવો ખર્ચ શા માટે કર્યો હશે તેની વિચારણા કરતા તેઓ એ નગરને પાછું છોડવા લાગ્યા.

એવી જ રીતે લોકોની નજરે નહિ પડેલાં છતાં, દૂધ દહીં, ઘી અને માખણ પૂરી પાડનારી ગોશાળા પણ ઘણાથ અગોચર રહી હતી. ત્યાંની યોજના, વ્યવસ્થા, અને ત્રેવ શ્રી દીનુભાઇ, શ્રી પન્નાલાલ અને શ્રી ઠાકોરલાલ જેવા મહેનતુ નિષ્ણાતોને જ આભારી છે. એમના અડીખમ ભરવાડો તો માત્ર છેલ્લે દિવસે જ તેમની લાલ પાઘડીએ ઘુમાવતા બધું જોવા નીકળી શકયા હતા.

પ્રદર્શનની દુકાનો, રાતની રોશની, નેતાઓનાં ભાષણો માનવમેદની, મોટરોની દોડાદોડ એ બધું તો બીજે પણ જોવા મળે, પણ વિઠ્ઠલનગરની વિરાટ ભોજનશાળા કોઇ નહિ



ઉપરનાં ચિત્રો વિષેની સમજણ સામેના પાના ઉપરના ધ્વજ-વંદનના ચિત્ર નીચે આપી છે. જમણી બાજુ: મહાસભાના ૫૧ દરવાજાને શણગારવા માટે શ્રી નંદલાલ વસુએ તૈયાર કરેલાં લગભગ ૧૨૫ જુદાંજુદાં ચિત્રોમાંનાં કેટલાંક. આ ચિત્રોની પદ્ધતિની પ્રેરણા ગુજરાતની જૂની પોથીઓ તથા યંત્ર વગેરેમાંની તળપદી ચિત્રકળામાંથી એમણે લીધેલી છે.





ખામગામવાળા દક્ષિણી શિલ્પી શ્રી પાન્ડ્યે પણ મહાસભાને પોતાની સેવાઓ આપવા હરિપુરામાં આવેલા હતા. તેમણે સુરત જિલ્લાની એ પ્રદેશની ખેતરાઉ કાળી માટીમાંથી ગ્રામજીવનનાં કેટલાંક શિલ્પ કર્યાં હતાં, જેના નમૂના આ ઉપર આપ્યા છે. ફૂટ દોઢ ફૂટ ઊંચા અને કેવળ સાદી માટીના આ શિલ્પમાં પણ એમની શક્તિ સ્પષ્ટ દેખાઇ આવે છે. નીચે: શ્રી પાન્ડ્યે અને એમણે એ જ કાળી માટીમાંથી ઘડેલી વિઠ્ઠલભાઇની મોટી અર્ધમૂર્તિ, જે મહાસભા કાર્યાલયની કચેરીઓ પાસે મૂકેલી હતી.



ભૂલે. એક સાથે રોજ રોજ દોઢ લાખ માણસની રસોઈ તૈયાર કરનાર અને પીરસનાર ખાતાના વહીવટદારોને સાધનો અને સામાન તૈયાર રાખતાં શી વીતી હશે તેનો ઇતિહાસ તો તેઓ પોતે કહે ત્યારે જ જાણીએ. પ્રદર્શન, સબ્જેક્ટસ કમિટી, બાંધકામ, શ્રોતામંડપ વગેરે માટે આપણે ઘણું વાંચ્યું, પણ રસોડાની વીતકો કોઇએ વર્ણવી નથી. તેવું જ બીજું ખાતું જે ઘણે ભાગે દરેક જણને કાયમના પાઠ અને વ્યવસ્થા શીખવી શક્યું હતું તે સ્વચ્છતા સંઘ પણ ભૂલાય તેમ નથી. લાખો માણસોની ગંદકી, કચરા અને ધમાધમની વચ્ચે વ્યવસ્થા, સ્વચ્છતા અને શોભાનું વાતાવરણ સાચવવાને તેમનો ભગીરથ પ્રયત્ન સફળ થયો છે એમ સૌ માને છે, પણ કેવા નિર્મોહથી, ફરવા–માણવાના ભોગે એ ખાનદાન સેવકોએ આત્મવિલોપન કર્યું છે તેની ઉજ્જ્વળતા પ્રમાણવી હોય તો પોતાના ઘરમાં વિઠ્ઠલનગરના થોડા પાઠ ઉતારજો. ર. મ. રા.

જગતની માનવતાને એક તાંતણે સાંધવામાં નિષ્ફળ નીવડેલો મહાન સ્વયંસેવી



ટૉમસ પેઇન

નેપોલિયન, કાર્લાઇલ, વૉશિંગ્ટન અને લિંકન જેવાઓએ પણ જેના પર પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે એવા માનવતાના આ મુફ્લિસ મિત્રનું નામ હિંદને હજી અજાણ્યું છે.

અમેરિકાના સ્વાતંત્ર્યયુદ્ધમાં વૉશિંગ્ટન સાથે ખભેખભા મેળવી લડનાર એ બરકંદાજની કલમે અમેરિકાનું પ્રજાસત્તાક રચાયું છે.

ફ્રાન્સની રાજક્રાન્તિના લોહીખરડ્યા આકાશમાં ઊડનાર એ ન્યાયપ્રેમી વીરે પરતંત્રતા અને જુલમ સામે, કાળી પ્રજાની ગુલામી સામે, સ્ત્રીઓના હક્કો માટે, ગરીબોની કેળવણી કાજે, વૃદ્ધોના પેન્શન સારુ, મૂંગાં પ્રાણીઓનાં સંરક્ષણ અને શ્રમજીવીઓના આરામ ખાતર જીવનભર તનતોડ પ્રયત્નો કર્યા છે.

અને છતાં એના આ બધા ગુણધર્મો ધોઇ એની આખરી વયે એ જ જગતે એને હડધૂત કર્યો; ધર્મઝનૂની માબાપોએ ઉશ્કેરેલા છોકરાઓના પત્થરા સહીસહીને એ મરણ પામ્યો.

કયા ગુનાહે? ધર્મ વિષે એણે પોતાના નિખાલસ વિચારો બહાર પાડ્યા. માનવતાના ધર્મે પ્રેરાએલા બુદ્ધિવાદની નજરે એણે ધર્મને તોળ્યો. બાઇબલમાં આવતી ચમત્કારની વાતો એણે ઉવેખી ને જગતની આગેકૂચ માટે એવાં ધતીંગ નકામાં હોવાનું ઉચાર્યું.

પોતાની અસૂયાના એ અંધકારમાંથી જાગી આજ બસોવર્ષે જગત એની ખરી કદર બૂઝે છે ને એની બીજી શતસંવત્સરી ઊજવે છે.

'દુનિયા મારો દેશ છે, જનહિત મારો ધર્મ છે.'

આ શબ્દો એક એવા નેકદિલ આદમીના છે, જેણે જમાને સમાજના માનવતાદ્રોહી હક્કોની કદમબોસી કરવાને બદલે દુનિયાના દલિતોની વાચા બનવામાં જ સાચો પુરુષાર્થ માન્યો હતો. ટૉમસ પેઇન એનું નામ. આજથી બસો વર્ષ પહેલાં, ઇંગ્લંડમાં થેટફર્ડ મુકામે ઈ.૧૭૩૭માં તેનો જન્મ થએલો. જીવનનું મહદ્ ઘડતર કરે એવા કોઈ સંજોગો એને નહોતા મળ્યા. તેર જ વર્ષની વયે તો એને શિક્ષણ પણ આટોપી લેવું પડ્યું. થોડો વખત બાપના ધંધામાં તેણે સાથ આપવો શરૂ કર્યો. એવામાં સાહસનો શૉખ થતાં પ્રાઇવેટીઅર્સમાં નોકરી મેળવી દરિયાઇ જિંદગી પણ ગુજારી જોઈ. પછીથી એ જકાતખાનામાં દાખલ થયો, પણ બીજાઓ સારૂ સારા પગાર અને સારા સંજોગોની માગણી કરવાને કારણે તેને બરતરફ કરવામાં આવ્યો. ત્યારે એનું વય સાડત્રીસ વર્ષનું હતું. ત્યાર સુધી એનામાં રહેલી શક્તિના આવિષ્કરણનું એકે કિરણ હજુ નહોતું ફૂટ્યું. જો કે એની ચોમેર જીવી રહેલી દુનિયા પર એ વિચાર કરતો તો થયો જ હતો, પરંતુ એમાં ઉગ્રતા નહોતી આવી.

ફુગમો ચહેરો, વેધક આંખો ને પહોળા ખભાવાળા આ મ્હોરતા તરુણને પ્રખ્યાત વિજ્ઞાની ને રાજદ્વારી બેન્જામિન ફ્રાન્કલીનની આંખે ઝડપ્યો. એના વિશેષ પરિચયે તે એની પ્રતિભા, ધગશ અને નિર્મળ વિચારસરણીથી મુગ્ધ બનતો ગયો અને છેવટે એને અમેરિકા ચાલ્યા જવાનો આગ્રહ કરી ભલામણપત્ર લખી આપ્યો. ફ્રાંકલીનને ખાતરી હતી કે પેઇનમાં આવિષ્કાર પામતી નવી દૃષ્ટિ ઇંગ્લંડ કોઇ કાળે બરદાસ્ત નહિ કરી શકે.

પેઇન અમેરિકા આવ્યો ને ૧૭૭૪માં 'પેન્સિલ્વાનિયા મૅગૅઝીન'નો તંત્રી નીમાયો. એનાં પાનાંમાં સ્ત્રીઓના નીચા દરજ્જા અને ગુલામી પર ચાબખા લગાવતાં એણે એ પણ જોઇ લીધું કે ઇંગ્લંડની ધૂંસરી

ફેંકી દેવાય તો જ અમેરિકાનું ભાવિ ઉજ્જવળ બને; તે સિવાય નહિ. ને એણે અમેરિકન પ્રજાસત્તાકની ખુલ્લી હિમાયત કરવા માંડી. એ ટાણું આખરે આવી પહોંચ્યું અને ઇંગ્લંડે જ એવું કારણ આપ્યું કે જેથી અમેરિકનોને એની સામે હથિયાર લેવાં પડ્યાં. એ જ અરસામાં ઇ. ૧૭૭૬માં અમેરિકન પ્રજાને ઉદ્દેશી પેઇને 'Commonsense' નામનું પુસ્તક બહાર પાડ્યું. એ પુસ્તકની પ્રસિદ્ધિ સાથે જ અમેરિકન સ્વાતંત્ર્યની ખુલ્લી લડતની શરૂઆત થાય છે. એ પુસ્તક અમેરિકામાં એટલું તો લોકપ્રિય થઈ પડ્યું હતું કે બાળકો સુદ્ધાં પેઇનને 'મિ. કૉમનસેન્સ'ના નામથી ઓળખતાં.

ને શરૂઆતમાં ઇંગ્લંડ સામેની લડાઇમાં સંસ્થાનિકો હારવા લાગ્યા એટલે પેઇને ફરી 'The Crisis' નામે પુસ્તિકાઓ બહાર પાડવા માંડી. એના પહેલા જ શબ્દો હતા, 'These are the times that try men's souls'; ને એ શબ્દોએ લોકહૃદયમાં એવો તો જુસ્સો સળગાવ્યો કે એ વાક્ય અમેરિકાની એ આઝાદીની લડતનો યુદ્ધઘોષ (battle-cry) બની ગયું. છતાં નવાઇની વાત એ છે કે આવા ઓજઃભર્યા લેખકે ચાળીસ વર્ષની વય સુધીમાં તો જકાતખાતાની એક અરજી સિવાય કશું નહોતું લખ્યું !

'કૉમનસેન્સ'માં ઇંગ્લંડના રાજા ત્રીજા જ્યૉર્જને પેઇને 'Royal Brute' તરીકે સંબોધ્યો છે. એણે એમાં અમેરિકનોને સ્વતંત્ર અને મુક્ત કૉંગ્રેસ દ્વારા સંયુક્ત રાજ્યો ચલાવવાની સૂચના કરી છે ને એની એ સૂચનાએ જ 'યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા'નું સમવાય જન્માવ્યું છે. જો કે સેનાપતિ ગ્રીનના હાથ નીચે સૈનિક તરીકે પણ તેણે ઓછી સેવા નહોતી બજાવી, પણ બંદૂક કરતાં તેણે કલમથી કરેલી અમેરિકાની સેવા વધી જાય છે. આજે પણ કહેવાય છે કે, 'પેઇનની કલમ ને વૉશિંગ્ટનની તલવારે અમેરિકાને સ્વાતંત્ર્ય અપાવ્યું.' જો કે એની કલમમાં રૂસોની પીઢ હથોટી કે વૉલ્ટેરનો વેધક કટાક્ષ નહોતાં, તેમ અલંકૃતિ કે શબ્દચમત્કૃતિ પણ નહોતાં; પરંતુ લોકોની જ ભાષામાં લોકો માટે એણે જે લખ્યું તે એવું તો સાફદિલ, સરળ અને જુસ્સાભર્યું લખ્યું કે તેની ધારેલી જ અસર થવા પામી.

પારકા દેશમાં આવીને, માત્ર ન્યાયની જ નજરે પોતાના દેશ વિરુદ્ધ એ દેશને સહાય કરવામાં પેઇ કશું પાછું વાળી ન જોયું. નાણાં ખૂટ્યાં ત્યારે યુ ચલાવવા ફ્રાન્સમાં જઇ તે નાણાં લાવ્યો. છીછ રાષ્ટ્રભક્તિ એને માન્ય ન હતી. અન્યોની માનવ ઉવેખીને થતી કોઇ પણ દેશની પ્રગતિમાં એને હીણ પત દેખાતી. અને એથી કોઇ દેશ કે જાતિ મ નહિ પણ સંતપ્ત માનવતાથી પ્રેરાઇને જ અમેરિકા હતાશ સૈનિકોને એણે આ પ્રમાણે પ્રોત્સાહન આપ હતું: 'માણસના આત્માની કસોટી કરતો આ વખ છે. જૂઠા રાષ્ટ્રભકતો આ ભીષણતાથી ધ્રૂજી ઊઠશે, પ જે ખડો રહેશે તે આ દેશના સ્ત્રીપુરુષોના પ્રેમ અ આભારનો યશોભાગી બનશે. દમનનીતિ, નર્કની માફ જલદી નથી જીતી શકાતી. પરંતુ એટલું ખ્યાલમ રાખજો કે આપણો સંઘર્ષ જેમ વધુ દુષ્કર તેમ આપણ પ્રયાસો વધુ ગૌરવશાલ બનશે.'

આ અને આવાં પ્રોત્સાહન વચનો અફળ ન નીવડ્યાં. વિજયશ્રી અમેરિકાને જ વરી ને ઇંગ્લંડ તેનું સ્વાતંત્ર્ય લાચાર મને કબૂલ રાખવું જ પડ્યું અને એ સ્થિતિ આવતાં અમેરિકા પણ પેઇનને ભૂલ્યું. એણે નવી કૉંગ્રેસના પરદેશખાતાનો એને પ્રધાન નીમ્યો; ન્યૂ યૉર્કના રાજ્યે ન્યૂ રૉશેલની જાગીર તે બક્ષિસ આપી ને કૉંગ્રેસે તેને નાણાં આપ્યાં.

અમેરિકાની મુક્તિ પછી યે પેઇન નવરો ન બેસી રહ્યો. ઇજનેરીનો એને શૉખ હતો ને નવા નવા પૂલોના નકશા એ દોર્યે જતો હતો, તેવામાં નવી જાગૃતિના પ્રકંપ અનુભવતું યુરોપ જોવાની તેને ઇચ્છા થઇ આવી. એ પ્રકંપ તે ફ્રાન્સની રાજક્રાન્તિ. દલિત માનવતાના ઊભરા પ્રત્યે પેઇનને સહાનુભૂતિ હતી. ૧૭૮૭માં એ ઇંગ્લંડ આવ્યો ત્યારે એ વેળાના મહાન રાજકારણી એડમંડ બર્કે પોતાનું 'Reflections on the Revolution in France'–'ફ્રાન્સની ક્રાન્તિ પર વિચારણા' પુસ્તક બહાર પાડી એ પ્રયાસ પ્રત્યે ઘૃણા જગાવવા માંડી હતી. પેઇનથી એ સહન ન થયું ને તરત તેણે તેના જવાબરૂપે 'Rights of Man' (મનુષ્યના હક્ક) નામનું ક્રાંતિકર પુસ્તક બહાર પાડ્યું.

ઇ. ૧૭૯૩માં બહાર પડેલા આ પુસ્તકના પહેલા ભાગે ઇંગ્લંડના શ્રમજીવી વર્ગને સાચી વસ્તુસ્થિતિથી

વાકેફ કર્યા, ને ઉપલો વર્ગ હચમચી ઊઠ્યો ફ્રેંચ રાજ-ક્રાન્તિ પ્રત્યે સહાનુભૂતિ ધરાવવા ઊભી થએલી મંડળીએ એ પુસ્તકને પોતાના 'મેનીફેસ્ટો' તરીકે સ્વીકાર્યું. કામદારોનાં હૈયાં એની સાથે વહેવા માંડ્યાં. જ્યાંત્યાં એનું વાચન થવા માંડ્યું. વાંચી ન જાણનારાઓએ હર્ષભર્યે દિલે એને જિગરમાં ઉતારવા માંડ્યું. એમના માટે એના શબ્દો આતશ જેવા પુરવાર થયા. એમાં એણે મૂડીદારો પર ભારે કર નાખવાની જરૂર જણાવી હતી; કામદારો માટે સારાં રહેઠાણ, સારી ખોરાકી, બુઢાપામાં રાહત અને એમનાં બચ્ચાં માટે કેળવણી માગી હતી; અને ઈંગ્લંડની રાજસંસ્થા અને ઓહ્દાગત ઉમરાવપદની સખત ઝાટકણી કાઢી હતી.

પતાકડા જેવી આ એક જ પુસ્તિકાથી ઇંગ્લંડની પાર્લામેન્ટ ભડકી ઊઠી. એની બધી નકલો એણે જપ્ત કરી, એના પ્રચારકો પર કામ ચલાવ્યું અને પેઇનને પકડવા વૉરંટ કાઢ્યું; પણ એના કવિમિત્ર વિલિયમ બ્લેકની સહાયથી વૉરંટ બહાર પડ્યા પહેલાં માત્ર વીસ જ મિનિટ અગાઉ પેઇન ઇંગ્લંડમાંથી ફ્રાન્સ નાસી છૂટ્યો, અને વધસ્તંભ પર ચડતો બચી ગયો. ઇંગ્લંડની એ હતી છેલ્લી જ મુલાકાત. ત્યાર પછી કદી એ માતૃભૂમિનું મોં જોઇ નહોતો શક્યો. પરંતુ ઇંગ્લંડની દલિત માનવતાએ તો એ નિર્વાસિત પરોણાને આ ગીતથી પોતાના હૃદયમાં સ્થાન આપી જ દીધું હતું:

> 'God save great Thomas Paine,
> His 'Rights of Man' proclaim
> From pole to pole.'

ફ્રાન્સે પેઇનનાં પગલાં વધાવી લીધાં. કૅલેમાં ઘોષણા થઇ, 'ઘણું જીવો ટૉમસ પેઇન.' ક્રાન્તિ પછી સ્થપાએલી નવી ફ્રેન્ચ સરકારે તેને કન્વેન્શનનો સભ્ય બનાવ્યો. ફ્રેન્ચ નાગરિકના હક એને આપવામાં આવ્યા. એવામાં શહેનશાહ લૂઇનું ભાવી ફાંસીને માંચડે તોળાવાનું નક્કી થયું. પેઇને એ સામે વાંધો લીધો અને ઉદ્દામવાદીઓને કંઇક નમ્ર નીતિ અખત્યાર કરવાનો બોધ આપ્યો. પરંતુ એ બોધ ક્રાન્તિબાધક ગણાયો. દાંતોંએ એનો જવાબ આપ્યો, 'Revolutions were not made with rosewaters.' રોબેસ્પીઅરને પણ ક્રાન્તિ પ્રત્યેની એની સન્નિષ્ઠા પ્રત્યે શંકા ઊપજી અને એ જેલમાં ઠોકાયો.

આ એક જ બનાવથી પેઇનની બધી ઉજ્જવલ કારકીર્દિનો ખગ્રાસ શરૂ થયો. દસ મહિના એ જેલમાં રહ્યો ને માત્ર અકસ્માતે જ શૂળીએ ચડતો રહી ગયો. આ જેલનિવાસ દરમિયાન એણે પોતાના વિખ્યાત ગ્રંથ 'Age of Reason' (બૌદ્ધિક યુગ) નો પહેલો ભાગ લખી નાખ્યો. આ પુસ્તક લખવા પાછળ એની ઇચ્છા તો બૌદ્ધિક નીતિ અને શ્રદ્ધા સાથે દુનિયાનું પ્રજાસત્તાક સ્થાપવાની હતી, પણ યુરોપ-અમેરિકાએ એ નજરે તે પુસ્તક ન જોયું; અને એ કુત્સિત નજરે, પેઇનનું લોકહૃદયમાંનું બધું આદરમાન અને ઊંચું સ્થાન પણ એણે ઓગાળી નાખ્યું. એનો 'માનવતાનો ધર્મ' કોઇને ગળે ન ઊતર્યો ૧૮૦૨માં એ અમેરિકા ગયો, તો ત્યાં પણ એ જ સ્થિતિ માલૂમ પડી.

પેઇને લખેલું, 'હું જ્યૂઇશ દેવળે ચલાવેલા કે રોમન, ગ્રીક, તુર્ક, પ્રોટેસ્ટન્ટ કે એવા કોઇ પણ દેવળે ચલાવેલા પંથમાં નથી માનતો. મારું મન જ મારું દેવળ છે.' બસ. આ વક્તવ્યને સ્થાપિત ધર્મના વિરોધ તરીકે ગણી લઇ, જાહેર જનતાએ એને નાસ્તિક તરીકે ઠોકી બેસાડ્યો. સર્વહિતવાદના હિમાયતીઓ સુદ્ધાં બાઇબલ સામેની તેની ટીકાથી ઉશ્કેરાઇ ગયા. એ 'નાસ્તિક'ની મૂર્તિઓ બનાવીબનાવીને લોકો બાળવા લાગ્યા. ધર્મગુરુઓ તેને જવાબ આપવા લાચાર નીવડતાં તેને ગાળો દેવા લાગ્યા. પેઇને જોયું કે જે દેશ માટે એણે સ્વાર્પણ કર્યું એ દેશને પણ એની કોડીની કીમત હવે નહોતી રહી.

અને જિંદગીનાં છેલ્લાં વર્ષોમાં તો પેઇનની એ સ્થિતિ આવી કે એનું કોઇ મિત્ર ન રહ્યું. જૂના મિત્રો પણ તેના પ્રત્યે પીઠ ફેરવવા લાગ્યા. પૈસા આપવા છતાં જાહેરમાં તેને ક્યાં યે જગ્યા ન મળવા લાગી. અધૂરામાં પૂરું એના મિત્રોએ એના પર અનીતિ અને દારૂડિયાપણાના આક્ષેપો મૂક્યા. જનસાધારણનું માનસ કેવું કંગાલ હોય છે એની આથી પ્રતીતિ મળે છે.

ફક્ત ધર્મ ઉપરના પોતાના નિખાલસ વિચારો એણે બહાર ન પાડ્યા હોત તો પેઇન એ અમેરિકાનો સૌથી—લાફાયેટ, ગ્રીન, ઍડમ્સ અને વૉશિંગ્ટનથી યે,—મોખરેનો પુરુષ ગણાત; તો તેને જીવનનાં છેલ્લાં વર્ષો આમ જર્જરિત અવસ્થામાં, દુનિયાથી બાતલ રહીને ન ગાળવા પડ્યાં હોત. એણે શા માટે કહ્યું

કે, 'જો વિશ્વધર્મ કદી પ્રસરવાનો હશે તો તે નવો નહિ જન્મે, પણ અત્યારે પ્રચલિત એવા બધા ધર્મોમાં રહેલાં દૂષણોમાંથી મુક્તિ મેળવી, એ ધર્મોના જન્મ પહેલાં માણસ જે રીતે ઈશ્વરમાં માનતો એ રીતે તેમાં પાછો માનવા લાગ્યાથી પ્રસરશે' ?

માનવદિલની મૌલિક લાગણીઓની નિકટતમ દુનિયા રચવાનો એ આદર્શસેવી, માનવતાનો સાચો મિત્ર હતો. રંગ, નીતિ કે રાષ્ટ્રીયતાનાં ઓઠાં એના મને કદી નહોતા અપનાવ્યાં. એટલે જ લિવરપૂલે ચાલુ રાખેલી ગુલામી પ્રથા સામે એણે સખ્તાઈથી પોકાર ઉઠાવેલો. એટલે જ સર વિલિયમ જોન્સે સંસ્કૃત ભાષાની કરવા માંડેલી શોધખોળમાંથી ધર્મના આદિ પર કંઈ નવું તત્ત્વ પામવાની એણે આશા રાખેલી.

સ્થાપિત ધર્મોની વિરુદ્ધ જઈ, ધર્મનો સાચો માર્ગ જેમ એણે બહાર આણ્યો છે, તેમ રાજ્યસંસ્થાનો સાચો માર્ગ પણ એણે સમજાવ્યો છે. એ વિષે એક સ્થળે તે લખે છેઃ 'સમાજ આપણી જરૂરિયાતોમાંથી ઊભો થાય છે, રાજ્ય આપણી અધમતામાંથી. પહેલો આપણો શુભેચ્છક છે, બીજું આપણો જલ્લાદ. કોઈ પણ સ્થિતિમાં સમાજ એ એક આશીર્વાદ છે, જ્યારે કોઈ પણ સ્થિતિમાં રાજ્ય એક અનિષ્ટ છે. કપડાંની પેઠે એ પણ ગુમાવેલી નિર્દોષતાનું જ પ્રતીક છે.'

'મનુષ્યના અંતરતમમાં અને અખિલ વિશ્વમાં રહેલા પ્રકૃતિના સર્વોત્કૃષ્ટ તત્ત્વનું અનુસંધાન' એવી જ્યાં સુધી ધર્મની વ્યાખ્યા ન સ્વીકારાય ત્યાં સુધી ધર્મોના તૂતનો કશો અર્થ નથી. પણ જગતનું એ કમભાગ્ય છે કે એ સત્ય તેને સંભળાવનારો જ એ તૂતોની મોહભરી ભ્રમજાળ તોડવા માટે જગતને સદાય અકારો થઈ પડે છે. ટૉમસ પેઇનનું પણ એમ જ થયું. અવગણાએલો એ, ધર્મઝનૂની માબાપોએ ઉશ્કેરેલાં છોકરાંનાં પથરા સુદ્ધાં સહન કરી, ૧૮૦૯ના જૂન-ની ૮મી તારીખે અવસાન પામ્યો.

વૉશિંગ્ટન, નેપોલિયન, કાર્લાઇલ અને લિંકન જેવાઓએ પણ જેના પર પ્રશંસાનાં ફૂલ વેર્યાં છે એવા માનવતાના એ મુફલિસ મિત્રની મહત્તા, વૉલ્ટર સૅવેજ લૅન્ડોરે કરેલા આ સવાલ સિવાય કઈ વધુ સારી રીતે સમજાવી શકાય કે 'એની સજ્જનતાની એક જ સાબિતી મારી પાસે છે— એના જેવો બીજો મને બતાવી આપો' ?

બેન્જામીન ફ્રાન્કલીન કહેતો કે, 'જ્યાં સ્વતંત્રતા છે ત્યાં મારો દેશ છે,' પણ પેઇન તો કહેતો કે 'જ્યાં સ્વતંત્રતા નથી એ મારો દેશ છે.' અને આજીવન પરતંત્ર દેશોના સ્વાતંત્ર્ય–પ્રયાસોમાં જ એ મોખરે રહ્યો છે. ફ્રાન્સને અમેરિકાને પડખે ઊભવા ઉપરાંત એણે કેટલું કર્યું છે? કાળી પ્રજાની ગુલામી સામે, સ્ત્રીઓના હક્કો માટે, ગરીબોની કેળવણી કાજે અને વૃદ્ધ વયના પેન્શન સારૂ, મૂંગા પ્રાણીઓના સંરક્ષણ અને શ્રમજીવીઓના આરામ ખાતર એણે જે તનતોડ પ્રયત્નો કર્યા છે એ ગજબના છે. છતાં આ બધા ગુણધર્મો ધોઈ જ્યારે તેને હડધૂત કરવામાં આવ્યો ત્યારે એણે પોતાની સાચી જ આહ પ્રગટ કરી છે કે;

'Blow, blow, thou wintry wind!
Thou art not more unkind
Than man's ingratitude.'

એ ખરૂં છે; માનવના અનુપકારથી ચડે એવી બીજી કોઈ જ કૃતઘ્નતા નથી. અને, જો જોવા જઈએ તો પેઇનના જીવનપરિમલ જેવાં ન્યાય, પ્રેમ, દયા અને બીજાઓ પ્રત્યે સહાનુભૂતિ એ જો 'નાસ્તિકતા' ગણાય તો આસ્તિકતાના સાચા પાયા કયા ગણવા? ખરી રીતે તો જગતે જેમને 'નાસ્તિક' ગણ્યા છે એમણે તો એક-ની એક માનવતા વચ્ચે આસ્તિકતાની ફાચરો ઊભી કરવાનો પ્રયાસ કદી નથી કરેલો. ઊલટું, પોતાને આસ્તિક ગણનારાઓએ જ લેશ પણ મતવિરોધ પ્રત્યે અસહિષ્ણુતા બતાવી વખતોવખત માનવતાના કલેજામાં એ પ્રકારની ફાચરો ઠોકી બેસાડેલી છે. એ જ પુરવાર કરે છે કે પોતાને આસ્તિક ગણાવતા માણસની આસ્તિકતા હમેશાં સહૃદયતામાંથી જન્મેલી ને સૌજન્યપ્રેરક નથી હોતી.

અશોક હર્ષ

મેંદીનાં પાન

સ્વતંત્રતાને માત્ર ચાહનારાઓ જ નહિ, પણ તેને જાળવી રાખનારાઓ જ તે ખરેખરી મેળવે છે.

જૂઠ એ દરેક માણસ સહેલાઇથી પહેરી શકે એવું મોહકમાં મોહક બખ્તર છે.

ૂરતની યાદગાર મહાસભા-ઈ. સ. ૧૯૦૭-ના દિવસો

ગુજરાતમાં ભરાએલી મહાસભાઓ એક યા બીજી રીતે હમેશાં યાદગાર બની છે. અમદાવાદની ૧૯૨૧ની મહાસભા જેટલી જ પ્રચંડ ને વિજયી આ હરિપુરાની સુરત જિલ્લામાં ભરાએલી મહાસભાને પડછે એ જ સુરતમાં ભરાએલી ૧૯૦૭ની યાદગાર મહાસભાનો આ અહેવાલ એ દિવસોના પ્રજામાનસનો ખ્યાલ આપે છે.

હિંદુસ્તાન કોઇ રીતે એ સાલ વિસારે ાડી શકે તેમ નથી. વર્ષો થયાં દેશે નહોતો નુભવ્યો તેવો જબરો પ્રકંપ એ સાલે તેને અનુ- ાવાવ્યો. પંજાબ એ પ્રકંપનું કેન્દ્ર હતું, અને ત્યાંના ફ્ટેનન્ટ ગવર્નર સર ડેન્ઝિલ ઇબેટસનની પ્રત્યાઘાતી તિ તે માટે મુખ્ય જવાબદાર હતી. કોલોનિઝેશન ાલથી પ્રજાસમગ્રમાં પ્રકોપ સળગી ઊઠ્યો હતો ને તેનું સાચું નિદાન કરવાને બદલે સરકારે ૧૮૧૮ બંગાળના ત્રીજા રેગ્યુલેશનની રૂએ ભદ્ર પુરુષો ને ખટલા ઊભા કરીને અને સભાબંધીનો કાયદો મલમાં મૂકીને તથા પંજાબના નરસિંહ લાલા લજ- ારાયને દેશનિકાલ કરીને તેનું પ્રશમન શોધ્યું હતું. ગાળના ભાગલા પડી ચૂકયા હતા ને તેના વિરોધનો વાબ દમનથી અપાતો હતો. જ્યાં એ દમન લા- ાજ નીવડતું ત્યાં કોમી હુલ્લડો જગાવવાનો છળ ાદરવામાં આવતો. સર બૅમ્પફીલ્ડ ફુલરની મુસ્લીમો- પ્રથમ પસંદગી આપવાની નીતિ સરકાર વ્યાપક રૂપે સ્વીકારી ચૂકી હતી—એટલી હદ સુધી કે ે બંગાળના એક સેશન્સ જજે તો મુકદ્દમાના ક્ષીઓમાં યે હિંદુ અને મુસ્લિમના વર્ગો જુદા પાડી, સ્લમોની સાક્ષી વધુ વિશ્વસનીય ગણાવા માંડી ી! અને એ સરકારી પીઠબળને સહારે મુસ્લિમોએ ાભરમાં એવાં તો અત્યાચારી પગલાં ભરવા માંડેલાં, હિંદુ-મુસ્લિમ તંગદિલી વધતી જ ગઈ.

આ દમનચક્રમાંથી હિંદુસ્તાનનો ઉગાર ધારવા ટલો સહેલો ન હતો. હિંદુમુસલમાનોએ ખભેખભા ાવીને લડેલા ઇ. ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામની છેલ્લી નગારીઓ પણ ત્યારે તો નાબૂદ થઇ ગઇ હતી. ાક રાજકારણપટુ અંગ્રેજોએ એ નાબૂદીમાં અગ- ો ભાગ ભજવેલો. જનતાનો સ્વાતંત્ર્યનો નશો મૂળ કરી, ૧૮૫૭ની પુનરાવૃત્તિ ન થવા દેવી એ સરકારનું મુખ્ય કાર્ય હતું. લોકોનું ધ્યાન રક્તપાત પરથી ઉઠાવીને મામૂલી માર્ગ પર કેન્દ્રિત કરવાનું એ બીડું ઍલન ઑકટેવિયન હ્યૂમ નામના એક અંગ્રેજ સિવિલિયને ઝડપ્યું ને પરિણામે હિંદની નૅશનલ કૉંગ્રેસ ઇ. ૧૮૮૫થી હસ્તીમાં આવી.

પરંતુ એ કૉંગ્રેસમાં જ હળવે હળવે લોકોનો રુદ્ધ થએલો ક્રોધ જોર પકડતો ગયો, ને લોકમત ધીમે ધીમે તેની તરફ વધુ ને વધુ ખેંચાવા લાગ્યો. પોતે ધારેલા જે હેતુ માટે હિંદના વાઇસરૉય લૉર્ડ ડફરિને કૉંગ્રેસને મિ. હ્યૂમ પાસે રાજકીય સ્વરૂપ અપાવ્યું હતું એ હેતુ મુજબ સરકારની જીલબ્બે ન ન કરતાં કૉંગ્રેસ આ વિપરીત હેતુ પ્રત્યે વલણ પક- ડતી જતી જોઇને તેમણે તેની બીજી કે ત્રીજી બેઠક બાદ જ કહેલું કે કૉંગ્રેસ બળવાખોર બની ગઇ છે!

અને ઇ. ૧૯૦૭ની સાલમાં તો પ્રજાએ કૉંગ્રેસ પાસેથી પુષ્કળ આશા રાખેલી. કશા રાજકીય સ્થિત્યંતરો ન થાય તો યે દમનનો કોરડો તો બંધ રહે જ એવી સૌકોઇની ઇચ્છા હતી. પરંતુ કૉંગ્રેસના સૂત્રધારોમાં હજુ એટલું બળ નહોતું આવ્યું કે છડે- ચોક એ સરકારનો સામનો કરી શકે. એ મવાળ સૂત્રથી ઘણા લોકનાયકો કંટાળી ઊઠ્યા હતા અને એ કારણે આગલી સાલે નાગપુરમાં કૉંગ્રેસની જે બેઠક મળવાની હતી તેની સ્વાગતસમિતિમાં જ મતભેદ ઊભો થઇ તે ભાંગી પડેલી.

આ ડામાડોળ પરિસ્થિતિમાં સૂરતે કૉંગ્રેસને આ- મંત્રી ને ૧૯૦૭ની બેઠક તેને આંગણે ભરવાનું નક્કી થયું. સર પુરુષોત્તમદાસ ઠાકોરદાસનો 'દિવાળી બાગ' તથા આસપાસની જમીન તે માટે રોકવામાં આવી.

હવે એ અધિવેશનનું સુકાન કોને સોંપવું એ પ્રશ્ન ઊભો થયો. સૂરતની સ્વાગત સભાએ બંગાળના

ડૉ. રાસબિહારી ઘોષને પ્રમુખ તરીકે ચૂંટી કાઢ્યા. આ વિનીત પ્રમુખ સામે ઉદ્દામ વર્ગ ચીડાઈ ઊઠ્યો. ટિળક એ ઉદ્દામવર્ગના આરાધ્ય નેતા. આજીજીઓ ને વિનવણીઓથી નહિ, પણ દેશની ફરિયાદોનો જવાબ સ્વાવલંબન અને સંરક્ષક પ્રતિકારથી મેળવવાનું તેમણે બ્યુગલ ફૂક્યું, અને એ સાથે જ તેમણે લોકમત પણ પોતાની તરફેણમાં વાળવા માટે ગુજરાતી ભાષાનું સારું જેવું જ્ઞાન ધરાવતા શ્રી ખાપર્ડેને પ્રચારકાર્ય માટે સૂરત મોકલી આપ્યા.

ટિળકની ઝુંબેશ હતી સ્વદેશી વ્રતપાલન અને બ્રિટિશ માલના બહિષ્કારની, પણ સરકારની નિગેહબાની નીચે રાચતા મવાળ નેતાઓને તો બહિષ્કાર જેવા શબ્દનો સંસ્પર્શ સુદ્ધાં નહોતો જોઇતો. પરિણામે 'બહિષ્કાર'નો ઠરાવ કોઇ પણ રીતે કૉંગ્રેસમાં ન આવવા દેવાનો તેમણે નિરધાર કર્યો ને ત્યાંથી અપશુકનનો આરંભ થયો. આ તંગ થએલા વાતાવરણ વચ્ચે લોકમાન્ય પ્રત્યેની સંમાનવૃત્તિ અને ખાપર્ડેના વ્યાખ્યાનોએ લોકમાનસ ફેરવવામાં અગ્ર ભાગ ભજવ્યો. લોકમાન્યની એ તરકીબને અનુસરી ગુજરાતના દી. બા. અંબાલાલે પણ મવાળ દળ તરફથી વ્યાખ્યાનોની શરૂઆત કરી, પણ લોકોએ તેમને સાંભળવા બીલકુલ ઇંતેજારી ન બતાવી.

આમ વાજતે ગાજતે ડીસેમ્બરની ૨૮મી તારીખ આવી પહોંચી. લોકમાન્ય ટિળક આવ્યા ને બાલાજી રોડ પર એમને ગંજાવર મેદની ઘેરી વળી. એ જ પ્રસંગે છ મહિનાના કારાવાસ પછી દેશનિકાલની સજામાંથી મુક્ત થઇ લાલાજી પણ સૂરત આવ્યા ને પ્રમુખથી યે અધિક સ્વાગત તેમને મળ્યું. સ્વયંસેવકોએ ત્યારે તેમની ગાડીના ઘોડા છોડી નાખી, પોતાની જાતે પંજાબના એ શાર્દૂલની ગાડી ખેંચેલી. ટિળકની ઘોષણાએ લોકોના દિલમાં એવો તો જુવાળ આણેલો કે મવાળ નેતાઓ પ્રત્યે રહીસહી સંમાનવૃત્તિ યે નાશ પામી, અને અધિવેશનના પ્રમુખ રાસબિહારી ઘોષનું સ્વાગત માત્ર મામૂલી સરઘસ જ બની રહ્યું.

બપોરે બેઠક ભરાઇ. પ્રેક્ષકો એટલા ઉલટી પડેલા કે આખરે ટિકિટો બંધ કરવી પડી. સ્વાગતપ્રમુખ શ્રી ત્રિભોવનદાસ માળવી પહેલા ઊભા થયા. સૂરત નગરની ઐતિહાસિક ચડતી પડતી આલેખ્યા બાદ તેમણે ઉપસંહાર કર્યો, 'કૉંગ્રેસની આ હીલચાલ કંઇ થોડાક કમાણી વગરના હિંદુઓની નથી, પણ સઘળા ધર્મો, જાતિ અને ધંધાના હિંદીવાનોની બનેલી એકસંપીથી ચાલતી એ સંસ્થા છે. કૉંગ્રેસે મેળવેલાં માન—મોભો આપણે જાળવી રાખવાનાં છે. છેલ્લી કૉંગ્રેસ પછી આપણે ભારે મુશ્કેલીમાંથી પસાર થયા છીએ. નામાંકિત હિંદીઓ પર રાજદ્રોહના આરોપ મૂકાયા છે. ૧૮૫૭ના બળવા પછી આજ ૫૦ વર્ષ થયાં હોવાથી રાજકર્તાઓમાં ગભરાટ પેઠો છે અને આ કલ્પિત બળવો અટકાવવાનાં પ્રયાસ થઇ રહ્યા છે.'

ત્યારબાદ દી.બા. અંબાલાલે પ્રમુખ તરીકે રાસબિહારીનું નામ રજૂ કર્યું. સુરેન્દ્ર બાબુ તેના સમર્થન માટે ઊભા થયા, પણ ત્યાં તો ઉદ્દામવાદીઓએ 'ના, ના' ના પોકારો શરૂ કર્યા ને ધાંધલ શરૂ થયું.

સુરેન્દ્ર બાબુ ટેબલ પર ચડી ગયા. પ્રચંડ અવાજે એમણે પોતાનું સમર્થન પેશ કરવા માંડ્યું, પણ એમને સાંભળવાને બદલે ધાંધલ વધતું જ ગયું. તે અટકાવવા માટે શ્રી માળવીએ સર ફિરોજશાહ વગેરે નેતાઓ સાથે થોડી મંત્રણા ચલાવી જોઇ, પણ કશો ઉપાય ન સૂઝતાં બેઠક બીજા દિવસ ઉપર મુલતવી રહી. દરમિયાન પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર તથા સ્વ. ચુનીલાલ સરૈયાએ સમાધાનીના પ્રયત્નો કર્યા. પણ નિષ્ફળ ગયા. બંગાળી પ્રતિનિધિઓનો આગ્રહ હતો કે બંગભૂષણ સુરેન્દ્રનાથને તો સાંભળવા જ જોઇએ. આ વાત ઉદ્દામોએ સ્વીકારી.

બીજે દિવસે કૉંગ્રેસના રંગમંડપમાં પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો. ધાંધલની બીકે કશો ઉપોદ્ઘાત ન કરતાં સુરેન્દ્ર બાબુએ પોતાની દરખાસ્ત મૂકી, દર્દભરી વાણીમાં સૌને ગઇગુજરી ભૂલી જવાની અને એકત્ર થવાની વિનતિ કરી, અને મોતીલાલ નેહરૂએ તેને ટેકો આપ્યો. એ વિધિ પૂરો થયો કે તુર્ત જ સ્વાગત પ્રમુખે રાસબિહારીને પ્રમુખ તરીકે જાહેર કર્યા ને એ સાથે જ રાસબિહારીએ ઝડપભેર પોતાની ખુરશી ઝડપી લીધી.

એટલામાં તો 'રહો, હું એમાં સુધારો કરવા માગું છું' કહેતા એક દક્ષિણી બંધુ પ્લૅટફૉર્મ ઉપર આવ્યા; પણ કોઇએ તેમને સાંભળ્યા નહિ. એટલે તરત જ ગર્જના કરતા લોકમાન્ય ટિળક મોખરે પડ્યા,

અને પોતે સુધારો મૂકવા જણાવ્યું. વિનીતોએ શરમના પોકારો કર્યા. મંડપમાં હોહા થઇ રહી. ટિળકે અડગ રહી સંભળાવ્યું, 'મને નહિ સાંભળો ત્યાં સુધી હું અહીંથી ખસવાનો નથી. બે ચાર જણ પ્લૅટફૉર્મ પર ધસી આવ્યા તેમને યે સંભળાવી દીધું, 'મને મારી નાખશો કે ફેંકી દેશો ત્યાં સુધી હું નથી ખસવાનો.'

આથી ગોખલેજી આગળ આવ્યા અને શાંત ચિત્તે ટિળકને પૂછયું: 'તમે કયો સુધારો મૂકવા માગો છો?'

'ગમે તે.' ટિળકે જવાબ આપ્યો, 'સાંભળો એટલે ખબર પડશે.'

પ્રમુખ રાસબિહારીએ ટિળકને બેસી જવાનો હુકમ આપ્યો. ટિળક તેને અવગણી ઊભા રહ્યા. આથી પ્રમુખસાહેબે ટેબલ પર ચડીને ભાષણ વાંચવા માંડયું, પણ તે હોહામાં ડૂબી ગયું ને બધે અંધાધૂંધીનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું. સૌની જબાનનાં તાળાં ઉઘડી ગયાં ને જેને જેમ ફાવે તેમ બોલવા માંડયું. એટલામાં એક દક્ષિણી જોડો ઉછળ્યો ને આવીને સુરેન્દ્ર બાબુને અફળાયો. તેમણે શાંતિથી એ ઉપાડી લીધો, અને 'મને મારા દેશભાઇઓ તરફથી મારી સેવાના બદલામાં ઇનામ તરીકે મળેલું આ ખાસડું હું સ્વીકારી લઉં છું' કહેતા એ સરોષ સભાસ્થાન છોડી ચાલતા થયા.

અંધાધૂંધી વધતી જ ગઇ. પછી તો ખુરશીઓ યે ઉછળી ને લાકડીઓ યે વીંઝાવા લાગી. કેટલા યે ઘાયલ થયા. તેમાં ટાઇમ્સના રીપોર્ટર પીઅર્સનને પેડુ પર સખત ફટકો વાગવાથી તે બેભાન થઇ પડયો. એ ઘમસાણ વચ્ચે ઉદ્દામવાદીઓએ મંડપ તરફ મોરચા માંડયા. મવાળો એ જ વખતે પાછલે બારણેથી સરકી ગયા ને મંડપનો કબજો ઉદ્દામવાદીઓએ લઇ લીધો.

કેમ જાણે ભયંકર ખૂનરેજી ચાલી હોય તેવો દેખાવ થઇ રહ્યો. છેવટે પોલીસ આવી પહોંચી. પાંચ છ દક્ષિણીઓ અને પાંચ છ બંગાળીઓની ધરપકડ કરવામાં આવી. પોલીસના આગમનથી અને આ ધરપકડથી લોકોનો ગભરાટ પણ વધી ગયો ને આંધળી દોડાદોડી થઇ રહી. એ દોડાદોડીમાં કોઇના જોડા ગયા, તો કોઇની લાકડી ને કોઇની પાઘડી. 'ગુજરાતી'ના સ્વ. તંત્રી ઇચ્છારામ દેસાઇનો સોનાનો અછોડો ને કોઇ મિ. ચૌધરીનું પૈસાનું પાકીટ પણ એ દોડાદોડીમાં ગુમ થએલાં. પોલીસે આખરે મંડપનો કબજો લઇ બધાને બહાર હડસેલ્યા.

બીજે દિવસે સ્વાગતપ્રમુખ માળવીએ ઉપલી હકીકતનું છાપાજોગું વિગતવાર નિવેદન બહાર પાડયું અને રાસબિહારી ઘોષ વગેરેએ એક કન્વેન્શન પ્રગટ કરી આ દુ:ખદાયક સંજોગો વચ્ચે મહાસભાને અચોક્કસ મુદત માટે મુલતવી રાખવાનું જાહેર કર્યું.

આમ ૧૯૦૭ની યાદગાર કૉંગ્રેસનો ફેજ આવ્યો. નિ:શંક એ ભંગ પાડવામાં પહેલે નંબરે લોકમાન્ય ટિળક આવે છે: પણ એ ભંગાણના કારણમાં ટિળકનો રાસબિહારી ઘોષના પ્રમુખપદ સામે વાંધો હોવાનું માનવું એ તેમને અન્યાય કરવા જેવું છે. કૉંગ્રેસનું સુકાન ત્યારે એવી મવાળ નેતાગીરીના હાથમાં હતું, જે લોકોને આજે આપણે જે અર્થમાં સમજીએ છીએ એ અર્થમાં સ્વાતંત્ર્યની કલ્પના જ ન હતી. કૉંગ્રેસને તેમણે સરકાર અને પ્રજા વચ્ચેની મધ્યસ્થ મંડળી જેવું રૂપ આપી દીધું હતું. ડેપ્યુટેશનો મોકલવાં, વિલાયતમાં હીલચાલ આદરવી ને અરજીઓ કર્યે રાખવી એ એમની લડતનો પ્રકાર હતો. લોકમાન્યનો બળવો એ આવા હીન માનસ વિરુદ્ધનો બળવો હતો. તેમનું બળ લોકોના મવાળ રાજકારણ પ્રત્યેના પુણ્યપ્રકોપ પર નિર્ભર હતું. 'જૂનવાણી પરંપરા પર આઘાત કરીને સ્વાવલંબનના આધારે પોતાના અધિકારો મેળવવા'ની તેમની ઉદ્ઘોષણા એ બળવાની રહસ્ય-ચાવી હતી.

પરંતુ લોકમાન્યનો એ બળવો સફળ ન થયો, કારણ, કૉંગ્રેસનું બીજું અધિવેશન ભરાતાં પહેલાં તો સરકારે તેમને રાજદ્રોહના આરોપ હેઠળ કારાવાસના સળિયા પાછળ ધકેલી દીધા. એમનો રોપેલો બળવાખોરીનો ઝંડો ફરકતો રાખવાની એમના જતાં કોઇએ હામ ન બતાવતાં કૉંગ્રેસ પાછી મવાળ હાથે જઈ પડી.

છતાં, કૉંગ્રેસની આજ સુધીની કારકિર્દીમાં ૧૯૦૭-ની કૉંગ્રેસને તો લોકમાન્ય ટિળકે અવિસ્મરણીય બનાવી— એમાં ભંગાણ પાડીને નહિ, પણ કૉંગ્રેસને તેના સાધ્ય અને સાધનની કલ્પના પૂર્ણ સ્વરૂપે આપી, તેની ક્ષિતિજ નક્કી કરી આપીને. (સંકલિત)

ફોટોગ્રાફી

નેગેટિવનું ડેવેલપમેન્ટ

ડેવેલપમેન્ટ અને તેના પ્રકાર વિષે આપણે સમજ્યા. હવે તેની ક્રિયાઓ વિચારીએ. એકસ્પોઝ કરેલી ફિલ્મને નેગેટિવ રૂપમાં ફેરવવા માટે છ જુદીજુદી ક્રિયાઓમાંથી ફિલ્મને પસાર કરવાની હોય છે:

૧ સોકિંગ: ફિલ્મને તેના રક્ષક રૂપ, અસ્તર તરીકે વીંટાળેલા લાલ-કાળા કાગળથી છૂટી કરી, એકાદ મિનિટ પાણીમાં પસાર કરી પલાળવી તે.

૨ ડેવેલપમેન્ટ: પાણીથી ભીંજાઇ નરમ બનેલી ફિલ્મનું ડેવેલપરના મિશ્રણમાં ડેવેલપમેન્ટ કરવું તે.

૩ રિન્સીંગ: ડેવેલપ થએલી ફિલ્મને ફીક્સિંગ બાથમાં બદલતા અગાઉ થોડીક સેકન્ડ સ્વચ્છ પાણીમાં રાખવી તે.

૪ ફીક્સિંગ: હાઇપો અને બીજાં રસાયણોથી બનાવેલા ફીક્સિંગ બાથમાં ફિલ્મને ફિક્સ કરવી તે.

૫ વૉશિંગ: ફિક્સ થએલી ફિલ્મમાંથી તેને ચોંટી રહેલાં હાઇપોનાં નકામા તત્ત્વો વગેરે નાબૂદ કરવા લાંબા સમય સુધી જુદાજુદા પાણીમાં ફિલ્મને ધોવી તે.

૬ ડ્રાઇંગ: ફિલ્મ સૂકવવી તે.

ડેવેલપમેન્ટ કરતાં પહેલાં ફિલ્મ કે પ્લેટ પેન્ક્રૉમેટિક છે કે ઑર્થોક્રૉમેટિક ઇમલ્શનવાળી તે જાણી લેવું. પૅન્ક્રૉમેટિક ઈમલશન પર લાલ પ્રકાશ અસર કરતો હોવાથી તે બીલકુલ અંધારામાં ડેવેલપ કરવી જોઇએ, જ્યારે બીજી જાતના ઇમલ્શન વાળી ફિલ્મ ઝાંખા લાલ દીવાના પ્રકાશમાં ડેવેલપ કરી શકાય છે. ડાર્ક-રૂમનાં સાધનોમાં 'સેઇફ લાઇટ'ની ગણતરી આવી ગઇ છે. પૅન્ક્રૉમેટિક ઇમલ્શનને પ્રકાશથી બચાવવા માટે ખાસ બનાવટના લીલા કાચ કે પારદર્શક ફિલ્મ વડે અગર લુગડાના પડદાની રચનાથી તે સેઇફ લાઇટ બનાવેલાં હોય છે.

ડેવેલપમેન્ટની પહેલી ચાર ક્રિયાઓ ઉપર કહ્યા પ્રમાણે લાલ અગર લીલા 'સેઇફ લાઇટ'ના ઝાંખા પ્રકાશમાં જ કરવી પડે છે. છેવટની બે ચાલુ પ્રકાશમાં કરી શકાય છે.

પૅન્ક્રૉમેટિક ફિલ્મ કે પ્લેટનું ઝાંખા પીળા પ્રકાશમાં ડેવેલપમેન્ટ કરવાનું ઇચ્છનારાએ સોકિંગને બદલે બીજી દવામાં ફિલ્મને એક મિનિટ પલાળવી પડે છે તેને ડિસેન્સિટાઇઝિંગ કહે છે. આ ક્રિયા ફક્ત કૉન્ટ્રોલ્ડ કે ડિશ ડેવેલપમેન્ટની પદ્ધતિ માટે જરૂરી છે. એટલે તે વેળા જોઇશું.

ડેવેલપરની પસંદગી

ડેવેલપર જુદીજુદી બનાવટનાં પડીકાં ટીકડીઓ કે પ્રવાહી રૂપમાં બજારમાં વેચાય છે. તેની સાથે મળતા સૂચિપત્રમાં જણાવ્યા પ્રમાણે ફક્ત યોગ્ય પ્રમાણમાં તે પાણીમાં ઓગાળવાથી ડેવેલપર તૈયાર થાય છે. શિખાઉઓએ શરૂઆતમાં તો આવાં તૈયાર ડેવેલપર વાપરવાં એ સલાહભરેલું છે, કેમકે ઘેર ડેવેલપર બનાવવામાં ઘણીવાર ભૂલો થાય છે પરિણામે ડેવેલપમેન્ટમાં ખામી આવવાથી નેગેટિવ બગડે છે. ડાર્ક-રૂમને રસાયણશાળાનું સ્વરૂપ આપી દેવાની પણ જરૂર નથી. નીચેની પાંચસાત જરૂરી દવાઓ ખરીદો એટલે તમારૂં કામ સરળ અને સીધું ચાલશે. મેટૉલ (૧ઔં.), હાઇડ્રોક્વીનોન (૧ઔં.), એમિડૉલ (૧ઔં.), સોડિયમ સલ્ફાઇટ (૧પૌં.), સોડિયમ કાર્બોનેટ (૧ પૌં.), સોડિયમ બાઇસલ્ફાઇટ (૮ઔં.), સોડિયમ સલ્ફેટ(૧પૌં.), પોટાશિયમ બ્રોમાઇડ(૪ઔં.), બૉરેક્સ(૪ઔં.), પોટાશિયમ મેટાબાઇ સલ્ફાઇટ(૧પૌં.), પોટાશ ઍલમ(૧પૌં.), ઍસેટિક ઍસિડ(૪ઔં.) ને હાઇપો(૫થી૧૦પૌં.).

દરેક કંપની પોતાની ફિલ્મને વધારેમાં વધારે અનુકૂળ પડે અને સારામાં સારૂં પરિણામ ઉપજાવી શકાય તેવા ડેવેલપરની શોધ માટે ખાસ વિશારદો રોકી અઢળક પૈસાના ખરચે પ્રયોગશાળામાં પ્રયોગો કરાવે છે અને એ રીતે તૈયાર કરેલી ફૉર્મ્યુલાઓ ફિલ્મની ડબીમાંના સૂચિપત્રમાં છાપે છે. માટે બને ત્યાંસુધી એક જ બનાવટની ફિલ્મ વાપરવી ને તે કંપનીની સૂચના પ્રમાણેનું ડેવેલપર બનાવીને ડેવેલપમેન્ટ કરવું. પણ આ નીચેનું કોડાક કંપનીનું D76ના નામે ઓળખાતું ડેવેલપર આપણી આબોહવાને ઘણું જ અનુકૂળ છે:

ગરમ પાણી	૨૪ ઔંસ
મેટૉલ (ઇલૉન)	૨૯ ગ્રેઇન
સોડિયમ સલ્ફાઇટ (ભૂકો)	૩ ઔંસ ૧૨૫ ગ્રેઇન
હાઇડ્રોક્વીનૉન	૭૩ ગ્રેઇન
બૉરેક્સ	૨૯ ગ્રેઇન

તેમાં ખૂટતું ઠંડું પાણી ઉમેરી ૩૨ ઔંસ ડેવેલપર બનાવો. એક પ્યાલામાં આશરે ૧૨૫° F. ગરમ એવું ૨૪ ઔંસ પાણી લો. તેમાં ઉપર લખેલા માપ પ્રમાણે દવાઓ તોળી તે જ અનુક્રમમાં એક પછી એક દવાને ઓગાળો અને છેવટ ખૂટતું ઠંડું પાણી નાખીને ૩૨ ઔંસ દવા બનાવો. આ દવાનું મિશ્રણ લાંબા સમય સુધી વાપરવાયોગ્ય સ્થિતિમાં જળવાય છે અને ડેવેલપરનું તેમજ ડાર્ક-રૂમનું ઉષ્માપ્રમાણ ૭૦° થી ૮૦° F. સુધી હોય તોપણ તેનાથી ડેવેલપમેન્ટ કરાય છે ગરમી પ્રમાણ તેથી વધે ત્યારે એ ૩૨ ઔંસ દવામાં ૨ ઔંસ સોડિયમ સલ્ફેટ ઉમેરીને વાપરવાથી લગભગ ૯૫° F. સુધી બરફ વિના વગર હરકતે કામ થઇ શકે છે.

હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'તાડના ઝુંડમાંથી તાજ'—મણિલાલ મિસ્ત્રી (કરાચી); બીજું ઇનામ: 'મહેનત પછી'—ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર); ત્રીજું ઇનામ: 'ભરવાડ'—જે. પી. વોરા (જામનગર) ઉત્તેજના: 'ઘાટ ઘડનાર'—નગીનભાઇ દૂધીઆ (અમદાવાદ)

'તાજ'ના ચિત્રની ખાસ ખૂબી તો તેના ચડઊતર છાયા

પડછાયાના ભેદ સાચવી આરસનું સૌંદર્ય આગળ લાવવામાં છે. 'મહેનત પછી'નું ચિત્ર તદ્દન સ્વાભાવિક વ્યવહાર અને અકૃત્રિમતાનો નમૂનો છે; સાથે જ સ્થળ અને વાતાવરણનું સ્પષ્ટ ભાન કરાવે છે. 'ભરવાડ' પાત્ર તરીકે આકર્ષક ચિત્ર બને છે પણ સ્થળપરિચયમાં લુખ્ખું લાગે છે. 'ઘાટ ઘડનારો' ચિત્ર ફોટોગ્રાફી તરીકે ઉઠાવદાર ગણાય, પણ આકર્ષણનો ભાર સમતોલ નથી બન્યો.

બલવન્ત ભટ્ટ

(અનુ૦ આગળના પાન ૧૩૬થી)

છું. જો, પાણી ભીનું હોય છે!

આ વિચિત્ર સમાચારથી ભડકીને હું કૂવા તરફ દોડતો હતો, તેવામાં જ એક શિયાળને ઝડપથી મારું માથું લઇને પલાયન કરી જતું જોયું. એક લાત મારીને મેં તેની પાસેથી મારું માથું ખૂંચવી લીધું. મરતાંમરતાં એ શિયાળે મને દાઢીવાળા અને મૂછ વગરનાને એક સંદેશો આપવાનું કહ્યું:

'દાઢીવાળા અને મૂછ વગરનાએ આ રોટલાને અડકવાનું પણ નથી. જો ખાશે તો મારી પેઠે એને આવતા જન્મમાં શિયાળ બનવું પડશે.'

છોકરાની આ અદ્ભુત ગપ્પાંવાળી વાત સાંભળીને ઘંટીવાળો એવો તો સડક થઇ ગયો કે છોકરો રોટલો લઇને દોડી ગયો તો પણ તે કશું બોલી શક્યો નહિ!

(સર્વિયા દેશની એક લોકવાર્તા પરથી) **પદ્મકાન્ત ર. શાહ**



કિર્લોસ્કરનાં કટાક્ષચિત્રો ક્રમાંક ૧૨ — **બળ અને બુદ્ધિ**

(ચિત્રકાર • શંકરરાવ કિર્લોસ્કર • • • લેખક • પ્રો. ના. સિ. ફડકે)

મનુષ્યે પોતાની શરીરસંપત્તિ પાછળ જરૂરી લક્ષ આપવું અત્યંત અગત્યનું છે. પણ એ ઉપદેશની સાથોસાથ આ પણ ખ્યાલમાં લેવાનું, કે એકલું શરીરબળ એટલું બધું મહત્ત્વનું નથી; બુદ્ધિબળ એથી પણ વધુ પ્રભાવી છે.

કુસ્તી કરનારા બે પહેલવાન શરીરસામર્થ્યની દૃષ્ટિએ તુલ્યબળ હોવા છતાં આખર તો હોશિયારીથી પેચ લડનારનો જ વિજય થાય છે. એટલું જ નહિ, ઘણી વખત તો ઓછી તૈયારીવાળો પહેલવાન કેવળ બુદ્ધિકૌશલ્યના જોરે સામા પહેલવાનને મારી પણ જાય છે.

અંગ્રેજીમાં જેને Brute Force (પાશવી સામર્થ્ય) કહેવામાં આવે છે તે પણ જ્યારે બુદ્ધિમાનોના હાથનું સાધન બને છે ત્યારે જ મહાન કામો કરી બતાવે છે. પૂર્વે રાષ્ટ્રો શરીરબળના જોરે એકમેકને જીતતા. હવે એ દિવસ ગયા છે. ૧૯૧૪ની સાલનું મહાયુદ્ધ શોધકોના કલ્પનાબળે જ મોટે ભાગે લડાએલું; અને હવે કદી ફરી મહાયુદ્ધ થયું તો તેનો નિકાલ રણાંગણને બદલે પ્રયોગશાળામાંના શાસ્ત્રજ્ઞોના બુદ્ધિબળથી જ થવાનો.

જૂના કાશીમાં—નવી દુનિયા

. . . . જેના જીવનને વર્તમાન જગતની ગતિવિધિ સાથે કાંઇ લેવાદેવા નથી કે ઘડાતી સંસ્કૃતિ અગર પ્રજાજીવનની કાંઇ પરવા નથી . . . .

—[‘મારી સફર’નો આગળ હપતો]—

સતુવાબાવા–સ્થાનનાં ઊંચાંઊંચાં પગથિયાં ચઢીને અંદર ચોકમાં અમે ગયા. પરસાળમાં નાનું ઠાકોરમંદિર હતું. દર્શન કરીને પાસે પડેલી પાટ પર બેઠા. એક દાઢીધારી અલમસ્ત સાધુએ આવીને કહ્યું: ‘ચના લે કે ચલે જાઓ, બૈઠે ક્યોં ?’

સતુવાબાવા તરફથી રાંક ભિખારીને અહીં પલાળેલા ચણા અપાય છે. મેં કહ્યું, ‘અમે ચણા લેવા નથી આવ્યા. વિદ્યાર્થીઓ છીએ. ભણવા માટે આવ્યા છીએ.’

‘ચલો બહાર નિકલો. યહાં પાઠશાલા નહિ હૈ !’

નકાર સામે યાચક શી દલીલ કરી શકે? અમે વીલે મોંએ પગથિયાં ઊતરવા માંડ્યા. બારણા પાસે ઊંચી ઓટલી પર એક વૃદ્ધ સાધુ બેઠો હતો. તેણે પૂછ્યું: ‘કહાં સે આતે હો?’

‘ગુજરાતસે.’

‘ગુજરાતી હો?’

‘હાં.’

‘પઢને આયે હો?’

‘હાં.’

‘બ્રાહ્મણ હો?’

‘હાં.’

‘બેઠો, બેઠો.’

તેણે આડી અવળી વાતો પૂછીને કહ્યું: ‘યહાં તો ગુજરાતી વિદ્યાર્થીઓં કો રહને કો મિલતા હૈ.’

તેણે એક છોકરાને મોકલીને ગુજરાતી વિદ્યાર્થીને બોલાવી કહ્યું: ‘લે જાઓ, યે તુમ્હારે દેશ કે લોગ હૈં.’

હસીને મૂળશંકર અમને સ્થાનના પાછલા ભાગમાં ત્રીજે માળે લઇ ગયા. સીડીઓ ખાલી પત્થરની જ બનેલી જોઈ નવાઇ લાગી. ન લાકડું કે ન ચૂનાનું ચણતર. કેવળ પત્થર પર પત્થર મૂકી દીધેલા. અહીં પાંચ સાત વિદ્યાર્થીઓ હતા. સૌએ ખબરઅંતર પૂછ્યા.

ધનીરામનો પ્રશ્ન તો ઉકેલાઇ ગયો. એ તો સતુવાબાવામાં ચાલતા રસોડામાં વિદ્યાર્થી તરીકે જમી શકે. અને તે વ્યવસ્થા પણ થઇ ગઇ. મારે માટે માધુકરી માગી લાવવાનું નક્કી થયું'

કાશીમાં વાણિયા, નાગર, ઔદીચ્ય, મોઢ વગેરે બ્રાહ્મણ જાતિનાં ઘણાં ગુજરાતી કુટુંબો વસી ગએલાં છે. તેમની સંખ્યા લગભગ ત્રણેક હજારની હશે! ઘણા લાંબા સમયથી આ કુટુંબો કાશીમાં આવીને વસ્યાં છે. તેમણે, બધી રીતે હિંદીભાષી પ્રજા સાથે સંસર્ગ રહેવા છતાં, સૈકાંઓ વીતવા છતાં, પોતાની દેશીય પ્રણાલિકા જાળવી રાખી છે. ઘરમાં ગુજરાતી જ બોલે છે. જોકે તેને હિંદી ભાષાનો અને વાતાવરણનો રંગ લાગી ગયો છે. રીતરિવાજ પણ ગુજરાતના જ પાળે છે. જોકે કેટલાક લગ્નપ્રસંગોના અને એવા બીજા રિવાજોમાં ગુજરાત કરતાં ન્યૂનાધિક ભેદ જણાય છે. કેટલાકમાં તો, ગુજરાતમાં જે રિવાજ ભૂંસાઇ ગયો છે તે આ લોકોએ સાચવી રાખ્યો જણાય છે. કેટલાક પ્રતિષ્ટિત જમીનદારો પણ છે. કાશીના પ્રસિદ્ધ જમીનદારોમાં રાજા માધોદાસ અગ્રગણ્ય હતા. તેઓ ગુજરાતી વાણિયા હતા. ગુજરાતી નાગરોમાંના પણ ઘણા આગળપડતા પ્રતિષ્ટિત માણસો અહીં છે.

પાલીતાણા તરફના એક મારી જ ઉમરના નાના વિદ્યાર્થીએ મને માધુકરી માગતાં શીખવી દેવાનું બીડું ઝડપ્યું. મારી શરમાળ, અવાચક અને શાંત પ્રકૃતિથી તેને દયા કે પ્રેમે પ્રેર્યો. બીજે દિવસે કપડાનો કકડો પલાળ્યો. તેમાં થાળી મૂકી. દાળ માટે લોટો. હાથમાં પાણીની ટબુડી. બંને નીકળ્યા. હું તો શરમના હૂમલાના ડરથી નતમસ્તક જ થઇ ગયો. ગલીઓમા નીચે જોઇનેજ પાછળ પાછળ ચાલવા લાગ્યો. વળી વિચાર્યું, અરે! મારા કરતાં તેજદાર, મારા કરતાં સારૂં અબોટિયું પહેરનાર અને સંપન્ન જેવો એક બંધુ તો આગળ ચાલે છે. શરમનો પહેલો પ્રહાર તો તેના પર જ

થવો જોઇએ! હું તો પાછળ છું. મારે શીદને શરમનો ભય રાખીને વ્યર્થ કલ્પિત વિટમ્બણા વહોરી લેવી? શરમનો ભય કાઢી નાખ્યો. ત્યાં તો એક ઘરમાં મારો પથપ્રદર્શક ઘૂસ્યો. મને તેણે ગોખવી રાખેલું વાક્ય બોલીને બોલવા માટે ઇશારો કર્યો. જરા મોટે અવાજે છતાં શરમાઉ રીતે મેં પણ 'ભિક્ષાન્ન દેહિ'નો અવાજ કાઢ્યો. એક દસેક વર્ષના બાળકે ઉપરથી ઝાંખ્યું. અને બોલ્યો: 'બા, બે વિદ્યાર્થી આયા ચ્છે.'

આ કાશીશાહી ઉચ્ચાર મને તો ઘણો જ મીઠો લાગ્યો. કાશીસ્થ ગુજરાતીઓની ભાષા બાળકના જેવી કાલી અને મીઠી લાગે છે. એ રીતના ઉચ્ચારો શીખતાં આપણે તો જરા મહેનત કરવી પડે! એક બાઇ ઉપરથી આવી. બે રોટલી ઉપર થોડા થોડા ભાત એક થાળીમાં લાવી. બંનેની થાળીમાં મૂકી દીધાં.

'દાલ લેશો?' બાઇએ પૂછ્યું. 'હા' કહ્યું, એટલે તેણે દાળ લાવી આપી.

આમ છએક ઘેર 'ભિક્ષાન્નદેહિ' કરીને દક્ષિણીઓના સંબંધથી ચાલતું બાલાજીનું અન્નક્ષેત્ર છે ત્યાં ગયા. લગભગ અરધા શેરનો ભાતનો ગોળો અને ઘઉંનો મોટો કાઠિયાવાડી રોટલો મળ્યો. બાલાજીનું મંદિર પણ છે, અને ગંગાકિનારે બાલાજી ઘાટ પણ છે. મકાન ભવ્ય અને વિશાળ છે. ઘણા બ્રાહ્મણો અહીં ભિક્ષા પામે છે. કેટલાક ગરીબ દક્ષિણી ગૃહસ્થો પણ માધુકરી માગે છે.તેઓ ગુજરાતીઓમાં જતા નથી.

ચાર પાંચેક દિવસ આ રીતે ગયા પછી હું એકલો જવા લાગ્યો. બંને વખત પેટ ભરીને જમાય એટલું ભોજન મળી રહેવા લાગ્યું.

કાશી ગંગાકિનારે પાઘડીપને વસ્યું છે. એની પ્રાચીનતા કહી શકાતી નથી. જૂનામાં જૂના સંસ્કૃત શાસ્ત્રગ્રંથોમાં એનો ઉલ્લેખ છે, અને જે માહાત્મ્ય ત્યારે ગવાયું છે તે અત્યારે પણ ગવાય છે. મકાનોની રચના અને શિલ્પ ઉપરથી કહી શકાય કે પાંચ હજાર વર્ષથી તો એક જ પ્રણાલીએ તે સ્થિત છે. છેલ્લી સ્થિતિ, સુધાર પામતી કાશીની લગભગ બે હજાર વર્ષની છે. તે પહેલાંનું કાશીનગર કેવી સ્થિતિમાં ક્યાં હતું, તે કેવળ કલ્પનાથી જ જાણી શકાય તેમ છે. ભગવાન બુદ્ધના સમય દરમિયાન કાશી બૌદ્ધતીર્થ બની ચૂક્યું હતું. સારનાથનાં અત્યારે ખોદી કાઢેલાં ખંડેરો એ વાતની ચોક્કસ ખાતરી આપે છે. કાશીની પૂર્વમાં સ્ટેશનની પેલી મેર 'કિલ્લા' નામે સ્થાન પ્રસિદ્ધ છે. ત્યાં હજારો વર્ષનો દટાતો જતો કિલ્લો ભગ્નાવશેષમાં મોજૂદ છે. કોઇ મકાનનું તો ત્યાં ખંડેર પણ આજે જોવા મળતું નથી, છતાં એ કિલ્લો સાક્ષી પૂરે છે કે પહેલાંનું કાશી ત્યાં હશે. અત્યારે વિશ્વનાથનું મંદિર મધ્ય કાશીમાં છે. પણ લોકો કહે છે કે પહેલાં ત્યાં જંગલ હતું. બૌદ્ધધર્મીઓની સંખ્યા વધવાથી કદાચ શૈવ સંપ્રદાયવાળાઓએ વિશ્વનાથના સાન્નિધ્યમાં ઘરો બાંધીને વસવાટ શરૂ કર્યો. તે હાલનું કાશી. વારાણસી એ કાશીનું ઐતિહાસિક નામ છે. વરણા અને અસી નદીઓ વચ્ચે વસેલું શહેર, એવો એનો અર્થ થાય છે; છતાં વરણા ને અસી વચ્ચે કાળક્રમે કાશીનું સ્થાન બદલાતું રહ્યું છે.

આ કાશીમાં મોટા રસ્તાઓ છે જ નહિ. બધે સાંકડી ગલીઓ. મકાનો એકબીજાને સહારે ખડાં હોય તેમ બાંધ્યાં છે. કેવળ પત્થરનાં જ; ભવ્ય અને વિશાળ. એ જોઇને આપણી પ્રાચીન ગૃહનિર્માણકળાનું ભાન થાય છે. આધુનિક પદ્ધતિનાં સગવડવાળાં સાધનો હોવા છતાં અત્યારે એવાં મકાનો બની શકતાં નથી.

એક વિશેષ ઉલ્લેખનીય વાત છે. ગટરકનેકશનનાં જાજરૂ એ હાલની નવી પદ્ધતિ ગણાય છે. પણ કાશીમાં હજારો વર્ષથી એ પદ્ધતિ ચાલી આવે છે. ત્યાંની શહેર સુધરાઇને તેથી ગટર બાંધવાનું વિશેષ ખર્ચ કે કાર્ય કરવાં પડયાં નથી. કાશીનાં જૂની પદ્ધતિનાં બધાં જાજરૂ ગટરમાં વહી જનારાં છે.

આ ગલીઓથી પરિચિત થતાં મને થોડો વખત લાગ્યો. મારે પણ હવે તો વિદ્યાર્થીઓ જેવી જ દશામાં રહેવાનું હતું. વિદ્યાર્થીનું માથું તો ખુલ્લું હોય જ. માથે ગોક્ષુર જેટલી ધર્મવિહિત ચોટલી તો વિશેષ લક્ષણ. પહેરણની કે પગમાં જોડાની જરા યે જરૂરિયાત સ્વીકારાઇ નથી. હાં, કપાળમાં ચંદન કે ભસ્મનો લેપ હોય તો જરા શોભા! હું પણ આ સ્વરૂપમાં આવી ગયો.

આઠેક દિવસ પછી ધનીરામ મારી પાસે આવ્યો. બોલ્યો: 'અહીં તો સાળા સાધુડા લુચ્ચા છે. મને ભણવાને બદલે ચેલાગીરી કરવાનું કહ્યા કરે છે. આજથી હું બીજી પાઠશાળામાં જાઉં છું. ત્યાં અન્નક્ષેત્ર પણ છે.'

હું તેની સાથે ગયો. એક પાઠશાળામાં તેને સ્થાન

મળી ગયું. કોઇ પંજાબી ગૃહસ્થની દાનસંપત્તિથી ચાલતી હતી. ધનીરામ પંજાબી હોવાથી લાભ મળી ગયો.

રોજ અમે દશાશ્વમેધ ઘાટ પર સાંજે એકઠા થઇએ અને બેસીએ. દશાશ્વમેધ ઘાટ સાંજની સહેલગાહનું ખાસ સ્થાન છે. બંગાળી સ્ત્રીપુરુષોનાં ટોળાં અહીં ફરતાં હોય છે. બંગાળી કથાકારો રામાયણ કે મહાભારતની કથાઓ પણ કહેતાં હોય છે. ગંગામાં હોડીઓ તરી રહી હોય છે. ખૂબ રોનક રહે છે.

મેં ભણવાનું શરૂ કરી દીધું. પુસ્તકો ખરીદવાના પૈસા ન મળે. એક સાથી પાસેથી લઘુકૌમુદી માગી લીધું. નીચેની કોટડીમાં પોરબંદર તરફનો એક સાધુ રહેતો હતો. તે શાસ્ત્રીનો અભ્યાસ કરતો હતો. તેની પાસે લઘુકૌમુદી શરૂ કર્યું. પહેલે જ પાઠે હું દિઙ્મૂઢ બની ગયો. આવું અકળ, અચિંત્ય, અલૌકિક વ્યાકરણશાસ્ત્ર બનાવનાર પાતંજલિ ભારતનું રત્ન છે!

એક નવા જ વાતાવરણમાં હું મૂકાઇ ગયો. એક નવી જ દુનિયામાં જીવતો થતો ગયો. ધીમે ધીમે સંસ્કૃતના વિદ્યાર્થીઓ, પંડિતો અને તદ્‌ભાવી વ્યક્તિઓના પરિચયમાં આવવા લાગ્યો. બેએક મહિના તો આ વાતાવરણનો પરિચય મેળવતાં આનંદ થયો. જેમજેમ એ જીવનને સ્પર્શતો ગયો તેમતેમ જાણે અજવાળામાંથી અંધારામાં જતો હોઉં એવું લાગ્યું. વર્તમાન જગતની ગતિવિધિ સાથે જાણે આ જીવનને કંઇ લેવા દેવા જ ન હોય અને ઘડાતી સંસ્કૃતિ કે પ્રજાજીવનની પરવા જ ન હોય એવો છૂટતો સંબંધ પળે પળે જ્ઞાત થવા માંડ્યો. મોટા ડૉકટરો, પ્રોફેસરો, કૉલેજ—શિક્ષણ પામેલા વિદ્વાનો, એ બધા પાશ્ચાત્ય ભાવાપન્ન ગણાઇ નાસ્તિક કહેવાતા હતા. દેશનેતાઓનું નામ લેવું એ પણ પ્રભુનો દ્રોહ કર્યા જેવું લેખાતું હતું. અરે! સાબુથી નહાવામાં પણ મહા અધર્મ સમાયો હતો, એ તો મેં પછી જાણ્યું. મારી પાસે સાબુની ગોટી હતી. લઇને ગંગાકિનારે નહાવા ગએલો. એક ઓળખીતા પંડિતે જોઇ ગોટી તેમણે લઇને ગંગાજીમાં ફેંકી દીધી. મેં કહ્યું: 'કેમ?'

'આ અપવિત્ર પદાર્થથી શરીર ભ્રષ્ટ કરો છો?'

મેં વ્યંગ્ય કર્યો: 'તો એવો અપવિત્ર પદાર્થ ગંગાજીમાં ફેંકી દઇને આપે ગંગાજીને ભ્રષ્ટ ન કરી દીધી?'

વક્રદૃષ્ટિ ફેંકતા પંડિતજી ચૂપ થઇ ગયા. નિર્વિકાર, નિરાકાર, અગોચર, અનાદિ, અભેદ્ય, અખંડ, એવા બ્રહ્મની વ્યાખ્યા કરીને તેનાં લક્ષણો સિદ્ધ કરી બતાવવા પંડિતો આ પૃથ્વી ગોળ છે એવું કહેનારને મહા ધર્મદ્રોહી કહી શકતા.

નાનામોટા શાસ્ત્રાર્થો સાંભળવામાં મને ખૂબ મઝા પડતી. કોઇ બે પાઠશાળાના વિદ્યાર્થીઓ વચ્ચે કે એવા બીજા વિદ્વાનો વચ્ચે વ્યાકરણ, ન્યાય, વેદાંત, જ્યોતિષ, કાવ્ય વગેરે વિષયો પર ચર્ચા થતી. શાસ્ત્રાર્થ સાંભળતી વખતે તો તેમના માટે અને આ પાઠશાળાઓ વિષે અથાગ સમ્માન પેદા થતું. કેટલું ચિંતન, ને કેટલી મહેનત, એ અભ્યાસમાં છે, તે આવે વખતે જાણી શકાતું. આટલી મહેનત કરીને ભણનારા જો પાશ્ચાત્ય દેશોમાં લોકો હોત તો કદાચ ભારતનું તો શું, ઇંદ્રનું યે રાજ ઝૂંટવી લેત! સંસ્કૃત ભાષામાં આબદ્ધ કઠિન વિષયોને સુસાધ્ય બનાવવા, ગરીબ બ્રાહ્મણ બાળકોને, અન્નક્ષેત્રનું લૂખુંસૂકું એક જ વખત જે મળે તે અન્ન ખાઇને, ઘાસલેટના ઝીણી દીવેટના ટમટમતા દીવા પાસે રાત્રિઓ વીતાવીને આંખો ફોડી અભ્યાસ કરતા જોઇ તેમને ધન્ય ધન્ય કહેવાનું મન થઇ જાય. તે પણ પચીસ પચીસ અને ત્રીસ ત્રીસ વર્ષ સુધી. અરધી ઉમ્મરે પહોંચ્યાં પહેલાં કોઇ પણ સંસ્કૃત વિષયનો શાસ્ત્રી થઇ શકતો નથી. પણ આટલી આટલી મહેનત અને તપશ્ચર્યાનું પરિણામ? ભીખ, પારકી આશા પર આધાર રાખીને જીવવું અને હીન દશામાં પડી રહેવું એ અંત પરિણામ!

આ પરિસ્થિતિ જાણ્યા પછી હું વિચારમાં પડી ગયો. આવી કંગાલ વિદ્યા ભણીને હીનત્વ પ્રાપ્ત કરવું? ના, એ તો ભવિષ્યમાં સ્વર્ગનો વાયદો કરે તો પણ સ્વીકાર્ય નથી. મારે એ સ્વર્ગ પણ ન જોઇએ, જે હીણપને આશ્રયે, પામરપણાની બક્ષિસ રૂપે મળતું હોય! આવો ડગમગતો વિચાર એક ઓળખીતા પંડિતને કહ્યો. તેમની પાસે ભણવા જવાનું નક્કી કર્યું હતું. તેમણે તો આવેશમાં આવી જઇને એક ધર્મોપદેશ આપી દીધો: 'યાવની ભાષાનો ઉચ્ચાર કરવો એ જ ભ્રષ્ટતાના કુંડમાં પડવા બરોબર છે. સંસ્કૃત એ દેવભાષા છે. માયાનું રૂપ ભ્રમમાં નાખીને જીવને બંધનમાં લઇ લે છે. તપશ્ચર્યામાં કષ્ટ છે. યાવની ભાષા દ્વારા ભલે લાભ થતો હોય પણ તે માયા છે, જ્યારે

સંસ્કૃતનો અભ્યાસ તપશ્ચર્યા છે. માયાનું પરિણામ કષ્ટ છે; તપશ્ચર્યાનું પરિણામ સુખ. પાશ્ચાત્ય દેશોએ ઉન્નતિ શી રીતે કરી? આપણા સંસ્કૃત ગ્રંથો લઇ ગયા. ભણ્યા અને તેમાંથી આ બધી શોધો કરી. એવા કેટલા યે ગ્રંથો તો અંગ્રેજોએ જપ્ત કરી લીધા છે. છાપવા યે દેતા નથી. વેદના એકેક મંત્રમાં મહાવિદ્યા ભરી પડી છે. બસ, જ્યારથી આપણી મતિ ભ્રષ્ટ થઇ અને ધર્મકર્મ છોડચાં ત્યારથી એ બધું નષ્ટ થઇ ગયું. ગમે તેવું કષ્ટ ભોગવીને પણ આપણે બ્રાહ્મણોએ આપણાં કર્મકાંડ અને શાસ્ત્રોનું અધ્યયન કરવું જોઇએ. બ્રાહ્મણનો ધર્મ જ એ છે. ધર્મ ખોઇને ઉન્નતિ સાધવી એ મહાપાપ છે.'

મારે ગળે આ ઉપદેશ ઊતર્યો નહિ. મેં કહ્યું: 'જો પરદેશીઓએ આપણા સંસ્કૃત ગ્રંથોમાંથી વૈજ્ઞાનિક શોધો કરી, તો તમે બધા પંડિત ભેગા થઇને કેમ કંઇ શોધ કરતા નથી? એ કેવળ ઢોંગ અને બડાઇ છે. સંસ્કૃત ગ્રંથોમાંથી કશી યે શોધખોળ થઇ નથી. લોકોએ એ જાતનો ખોટો ભ્રમ ફેલાવ્યો છે. આપણી વિદ્યા અને બુદ્ધિ મરી ગયાં છે અને તે પાશ્ચાત્ય દેશોમાં પુનર્જન્મ પામ્યાં છે.'

આ સાંભળીને પંડિતજી ચીડાયા. બોલ્યા: 'પ્રાચીન ભારતમાં શું નહોતું? વિમાન હતાં, વીજળી હતી . . .'

મેં વચ્ચે જ કહી દીધું: 'એ બધું હતું, હવે નથી. હતાનું નામ લેવાથી કંઇ મળે નહિ. ગઇસાલ વરસાદ પડ્યો હતો તેથી આ સાલ કંઇ પાકી શકે નહિ. એ તો દર વરસે વરસવો જોઇએ. બાપદાદાના ગુણ ગાયે આપણી ઉન્નતિ થઇ જવાની નથી.'

પણ પંડિતજી માને શાના? ઠપકો ખાઇને મારે મોં બંધ કરવું પડ્યું.

એવામાં કાશી આર્યસમાજનો વાર્ષિકોત્સવ આવ્યો. ત્રણ દિવસ ઉત્સવ ઉજવાયો. હું તેમાં રસપૂર્વક ભાગ લેતો રહ્યો. સ્થાન પર મોડી રાતે આવું અને ત્યાંથી આર્ય વિદ્વાનોના ઉપદેશની ગરમી ભરી લાવું. એક મોટી ઉમરના ન છુટકે બનેલા વિદ્યાર્થીને જગાડું અને ખંડન-મંડનની વાતો આવેશપૂર્વક કહી જાઉં. ત્યાર પછી આર્યસમાજમાં પણ જતો આવતો થઇ ગયો અને સાથી વિદ્યાર્થીઓ જોડે કુરિવાજો અને સંકુચિત વિચારોની ચર્ચા કરવા માંડ્યો. બધે વાત ફેલાઇ ગઇ કે હું આર્ય સમાજી છું અને વિશ્વનાથમાં પણ શ્રદ્ધા રાખતો નથી.

વિશ્વનાથમાં શ્રદ્ધા તો મારે ખાસ રાખવી પડતી હતી. મહિનામાં બેત્રણ વખત સતુવાબાવામાં આવેલા યાત્રીઓ તરફથી થતા રુદ્રાભિષેકમાં મને નોતરૂં મળતું અને લાડુ ઉપરાંત આઠ આનાની દક્ષિણા પણ પ્રાપ્ત થતી. પૈસા કમાવાનું આ એક જ સાધન હતું. રુદ્રાભિષેક માટે અષ્ટાધ્યાયીનો પાઠ કરવો જોઇએ. તે પણ સ્વર સહિત. સ્વર વિના પાઠ કરે તો ફળ મળે નહિ. વાંચીને તો હું પાઠ કરી જતો, પણ સ્વર આવડે નહિ. છતાં પણ મને કૃપાદૃષ્ટિએ લાભ મળતો. રુદ્રાભિષેક કરવાનો હોય ત્યારે પહેલાં વિશ્વનાથના મંદિરમાં પહોંચી જઇએ અને બેઠા બેઠા તડાકા મારીએ. યજમાન આવે એટલે સીધા થઇને બેસી જઇએ અને મોટો રાગડો તાણીને અષ્ટાધ્યાયીનો છેલ્લો અધ્યાય બોલવા માંડીએ. યજમાન પૂછે એટલે કહી દેવાય, કે બસ, આ છેલ્લો જ અધ્યાય બાકી છે!

છતાં થવાનું તે થઇ જ ગયું. મહંતને કાને વાત ગઇ. તેમણે મને બોલાવ્યો.

'તમે આર્ય સમાજી છો?'

મેં બડાઇ મારી: 'દરેક જણ આર્ય સમાજી છે. હિંદુ એ તો મુસલમાનોનું પાડેલું નામ છે.'

મહંત: 'એ તો ઠીક, પણ તમે મૂર્તિપૂજામાં માનતા નથી, એ સાચું?'

મેં કહ્યું: 'મૂર્તિપૂજા એ કંઇ શાસ્ત્રીય નથી. એ તો અજ્ઞાન માણસોને શ્રદ્ધા બેસાડવા માટે છે. બાકી મૂર્તિમાં કંઇ ભગવાન નથી બેસી જતા.' આમ કહીને હું કંઇક મારૂં ડહાપણ ડોળવા અને કંઇક ઉપદેશાત્મક જવાબ આપવા ગયો, પણ પરિણામ બૂરૂં આવ્યું.

'તમે અહીંથી ચાલ્યા જાઓ. ગમે ત્યાં જઇને રહો. આ સ્થાનમાં નહિ.'

મેં જીદ કરી: 'આ સ્થાન ગુજરાતી વિદ્યાર્થીઓ માટે છે. હું નહિ જાઉં.'

મહંત: 'મેં કહી દીધું. કાલે અહીં તમારાં પગલાં હોવાં ન જોઇએ. નહિ તો પસ્તાશો.'

હું ચૂપ થઇને ઊઠી ગયો. પણ નિર્ણય કરીને કે સ્થાન છોડવું નથી. ગમે તે થાઓ.

(ચાલુ) **જીવરામ જોષી**

જીવનનું પરોઢ

ભાગ બીજો · પ્રકરણ છઠ્ઠું : બાપુજીનું વૈદું

તાર મળ્યા પછી બીજે કે ત્રીજે દિવસે બાપુજી ફીનિક્સ આવી પહોંચ્યા. બીજાઓની સાથે હું પણ તેમને સ્ટેશને લેવા ગયો. ટ્રેનમાંથી ઊતરતાંની સાથે બાપુજીએ કૃષ્ણદાસની તબિયત વિષે પૂછપરછ કરી લીધી અને પછી પ્રેસની ને બીજા કામની વાતો આરંભી. એમની પાછળ પાછળ હું યે ચાલ્યો. એ અઢી માઇલનો રસ્તો તે દિવસે મને બહુ આકરો પડી ગયો. બાપુજીની ચાલ પાછળ મારે તો લગભગ દોડતા ચાલવું પડે; પણ તે દિવસે મારાથી દોડાતું ન હતું. મોડે મોડે ઘેર પહોંચી વાળુ કર્યું પણ ભાવ્યું નહિ. બાપુજી કૃષ્ણદાસને જોઇ કારવી પોતાને ત્યાં ગયા.

બીજી સવારે તેઓ પ્રેસને કામે વળગી ગયા. સવારનો નિશાળનો વખત પૂરો થયે હું પણ તેમની પાસે પ્રેસમાં ગયો. ત્યાંથી બાપુજીએ મને ને દેવદાસકાકાને 'ઇંડિયન ઓપિનિયન'ની જૂની ફાઇલો લેવા લાયબ્રેરીમાં મોકલ્યા. પ્રેસમાંથી માંડ હું લાયબ્રેરીમાં પહોંચ્યો, પણ પાછો પ્રેસમાં પહોંચી ન શક્યો. ઘેર ગયો ને બહારની ઓસરીમાં એક મેજ પર ઢગલો થઈ પડી રહ્યો. બે અઢી કલાકે દેવદાસકાકા મારી પાસે આવ્યા અને તેમણે બધાને ખબર આપી ત્યારે મારા તાવની સૌને જાણ થઈ ને મારે માટે ખાટલો પથરાયો. બાપુજીએ નિદાન કર્યું કે 'પ્રભુને યે મુદતિયો તાવ છે. કૃષ્ણનો ચેપ લાગ્યો છે.' તુરત જ એમણે મારી સારવાર પણ શરૂ કરી. કૃષ્ણને ખાટલે બેસી હું ઠીક સરભરા કરતો. તેમાંથી આ ચેપ વળગેલો.

કૃષ્ણદાસને દૂધ વગેરે અપાતું તે તેમણે બંધ કરાવ્યું. ફક્ત ગરમ પાણીમાં કાગદી લીંબુ નીચોવી દિવસમાં ચાર પાંચ વાર આપવા માંડ્યું. દિવસમાં એક કે બેવાર કૃષ્ણદાસને પલાળેલી નીતરતી ચાદરમાં લપેટી ઓરડા બહાર વરંડામાં પાથી અર્ધો કલાક સુવાડવાનું શરૂ કર્યું. ચાદર લપેટી તેના ઉપર ત્રણ ચાર કામળા પણ લપેટી દેતા. ચાદરની અંદર કૃષ્ણદાસ પરસેવાથી નાહી રહેતો. ખૂબ અકળાતો ત્યારે તેને તેમાંથી બહાર કાઢતા અને બંધ ઓરડામાં ભીના ટુવાલથી પરસેવો લૂછી બીજાં કપડાં પહેરાવી પથારીમાં ઓઢાડીને સુવાડી દેતા.

ત્રણ કે ચાર દિવસમાં તાવ મોળો પડી ગયો. ઘરમાં વ્યાપેલી ચિંતા અદૃશ્ય થઇ અને કૃષ્ણદાસને રમાડવા હસાવવાના ધ્વનિથી ઘર ગુંજી ઊઠયું. સવારે બપોરે ને સાંજે ત્રણવાર બાપુજી અમારે ત્યાં આંટો મારતા. કૃષ્ણદાસને પાણીમાં જાતે લીંબુ નીચોવીને આપતા. અને લીંબુનું ઝીણું છોતરું યે તેના પેટમાં ન જાય તેની ચીવટ રાખતા. સિક્ત વેષ્ટન (wet-sheet pack) ચાલતું હોય ત્યારે ઘડીઆળ લઇ પોતે ઊભા રહેતા અને પંદર વીસ મિનિટ સુધી કૃષ્ણદાસને અનેક સવાલો કરી ગમ્મત કરાવતા. આખું વાતાવરણ એવી પ્રસન્નતાથી વ્યાપી જતું અને સઘળે અમૃત પથરાઇ જતું કે દરદીનું દુઃખ અને રોગનું ઝેર ગમે એવું આકરૂં હોય તો યે તેને બાપુજી સમા વૈદ્ય પાસે નમતું આપવું જ પડે. એમના ઉપચાર કુદરતી હતા તેથી યે વધુ મનઃપૂત અને દેહ કરતાં દેહીની ઉપર અસર કરનારા હતા.

એકવીસમે દિવસે એટલે કે બાપુજીની દેખરેખમાં ઉપચારો થયા પછી ચોથે કે પાંચમે દિવસે કૃષ્ણલાલને તાવ ન રહ્યો; નબળાઇ જ રહી. મને તાવ ચાલુ હતો, પણ મારે માટે કોઇને ચિંતા ન હતી. બાપુજીની છાયામાં મારા તાવે ઉગ્રરૂપ નહોતું લીધું તાવ આવ્યો તે દિવસથી મારે પેટે લગભગ ચોવીસે કલાક માટીનો પાટો રહેતો. કાળી માટીનો કાંકરી વિનાના ગારાનો બે આંગળ ઊંચો થર કપડામાં પાથરી ડૂંટી નીચે પેડુ ઉપર બાંધી રાખતા. પાટો દોઢ બે કલાકે નવો મૂકતા અને જૂની માટી ફેંકી દેતા. સાંજ પડયે રોજ પા કલાક કમરપૂર પાણીમાં બેસાડી મારૂં પેડુ ઘસતા.

તાવની ખબર પડતાંની સાથે પહેલે દિવસે બાપુજીએ

મને જ્યારે પાણીમાં બેસાડચો ત્યારે મને ઊંઘ ખૂબ આવતી હતી તેથી બેસવું ગમ્યું નહિ. છતાં બાપુજીએ મને બેસાડચો અને પોતાનો હાથ મારા માથા નીચે રાખી મને બાથમાં બેઠે બેઠે ઊંઘવાની સગવડ કરી આપી.

બાથમાં જેવો બેઠો એવો હું તો ઠંડા પાણીથી ચમકી ગયો, પણ બાપુજીએ છાતી અને પગ કામળા વડે બરાબર ઢાંકી દીધા ને મને હૂંફ આવી એટલે બાપુજીના હાથ ઉપર ઊંઘી ગયો. પિતાશ્રીએ નરમ કપડાથી પાણીમાંને પાણીમાં મારૂં પેડુ ચોળ્યું. પાએક કલાકે મને કોરો કરી હવા ન લાગે તેમ ખાટલામાં સૂવાડી દીધો. રાત્રે મને પિચકારી (બસ્તી) આપી અને થયાં એટલાં આંતરડાં સાફ કર્યાં.

પહેલા બે ત્રણ દિવસ આમ જ ગયા. ખાવામાં કંઇ નહિ અને પીવામાં એકલું ગરમ પાણી. મને પણ કંઇ લેવાની રૂચી નહોતી રહેતી. ચોથે દિવસથી ગરમ પાણીમાં કાગદી લીંબુ નીચોવી એક બે વાર મને અપાવા માંડ્યું. એ ક્રમ છએક દિવસ ચાલ્યો. એક વખત પિચકારી અને બે વખત બાથ ચાલુ હતા.

મારૂં સૂવાનું દિવસના ઓસરીમાં રહેતું. ઓસરીની બાજુમાં ગુલાબ-વાડી અને સામે પચાસેક કદમને છેટે ખેડેલું ખેતર હતું. એ દશ્યને લીધે પથારીમાં કંટાળો ન આવતો.

ફીનિકસમાં પવન તો હમેશાં વાયા કરતો એટલે મને માથે કે છાતીએ પવન ન લાગે એટલા માટે પૂરેપૂરૂં ઓઢાડી રાખવામાં આવતું. ફક્ત મોઢું અને નાક ઉઘાડાં રહેતાં. રાત્રે ઓરડામાં સુવરાવતાં પણ તેમાં પણ ચોતરફ બારીઓ ખુલ્લી રહેતી.

ચોવીસ કલાસમાં લગભગ પંદરથી અઢાર કલાક હું ઊંઘતો. દસેક દિવસ આમ સારવાર ચાલુ રહી. માટીના પાટાથી ને બાથથી પલળેલો મળ રોજ પિચકારીથી સાફ થઇ જતો. એ દુર્ગંધના અનુભવથી હું મનમાં ગાંઠ વાળતો કે હવે સાજો થાઉં ત્યારે જે તે ખાઇને તથા વધારાપડતું ખાઇને પેટને સડવા નહિ દઉં.

દસ દિવસ પછી બાપુજીએ ઉપચારના ક્રમમાં થોડો ફેરફાર કર્યો. તેઓ રોજ સવારે આવીને મારી જીભ તપાસતા. દસમે અગિયારમે દિવસે તેમણે જીભ જોઇને કહ્યું કે 'હવે જીભ ચોકખી થઇ. આજે હું તને કંઇક ખાવાનું આપીશ.'

આઠ દસ દિવસ સુધી કંઇ નહોતું લીધું એટલે મને એકબે દિવસ થયાં ખાવાની ઇચ્છા તો થઇ જ હતી. ત્યાં બાપુજીએ પોતે ખાવાની વાત કાઢી એટલે હું તો ખુશ ખુશ થઇ ગયો. સવારે તો મને એનું એ લીંબુનું પાણી જ મળ્યું. પણ બપોરે બે ગ્રેનેડાલાનો રસ બાપુજીએ પોતે કાઢી, ગાળીને મને આપ્યો.

ગ્રેનેડેલા એ તો મને ભાવતામાં ભાવતું ફળ હતું. એ આ તરફ નથી થતું, પણ આફ્રિકામાં તો એ વગર મહેનતે થાય છે. વાલોળ અને પાપડીના વેલાની માફક એના વેલા ઊગે છે. ફળ કાચું હોય ત્યારે લીલા રંગનું અને સામાન્ય કાગદી લીંબુ જેવડું થાય છે. ફળની આકૃતિ સંપૂર્ણ લંબગોળ, જાણે ભૂમિતિના ઓજારથી માપીને જ બનાવી હોય તેવી હોય છે. પાકે છે ત્યારે રીંગણા જેવા ભૂખરા રંગનું થઇ જાય છે અને તેની અંદરથી કેરીના જેવો કેસરીઓ પણ સાવ પાતળો રસ નીકળે છે. એમાં રીંગણાનાં બીયાં જેવાં પણ એથી મ્હોટાં બીયાં થાય છે. અને એના રસનો સ્વાદ તો મારાથી વર્ણવી શકાય એમ નથી. એનો રસ બીયાં સોતો દૂધમાં નાખી ખાઇએ તો પેંડા બરફી એની પાસે ફિક્કાં લાગે.

મારો મુદતીઓ તાવ સાધારણ ન હતો પણ બાપુજીની ચાંપતી તપાસ હોવાથી ચૌદમે દિવસે તાવ મને સાવ છોડી ગયો. ઘણાને આવા તાવ પોતાની પાછળ શારીરિક ખોડ મૂકતા જાય છે. પણ બાપુજીના પ્રતાપે મને શરીરે કંઇ ઊણપ ન આવી. નબળાઇ વધારાપડતી આવી ખરી. ચૌદચૌદ દિવસ સુધી એકલા લીંબુના પાણીભર રહેનારને વગર તાવે યે એટલી નબળાઈ આવી જાય. નબળાઇની અસર છાતી ને પાંસળાં પર વધુ જણાતી. મને બોલવું કે હસવું ન ગમતું. શૂન્યવત્ આખો વખત ખાટલામાં પડી રહેતો. બાપુજી ઘરમાં આવતા એટલો વખત ચેતન અનુભવતો ખરો, બાકી આ તાવ પછી કેટલાયે દિવસો સુધી મનનું અને શરીરનું એટલું બધું ઢીલાપણું અને નિર્જીવતા અનુભવી કે મૃત્યુનો અનુભવ કહેવાને જો કોઇ પણ પાછો ઊઠે તો એથી કંઇ વધુ કહી શકે કે કેમ એ વિષે મને શંકા છે.

તાવ ઊતર્યા પછી પણ કૃષ્ણદાસને કે મને બાપુજીએ દૂધ ન આપ્યું. અમારી નબળાઇ દૂર કરવાને

તેમણે ફળોના રસ જ આપ્યે રાખ્યા. તાવ ઊતર્યાને બીજે દિવસે મને લીંબુના રસ ઉપરાંત અનેનાસનો રસ આપવો તેમણે શરૂ કર્યો.

અમારા બગીચામાં અનેનાસ બહુ સારાં થતાં. એક અનેનાસના રસમાં કાચનો મોટો પ્યાલો ભરાઈ જતો. મારાથી એટલો માંડ પીવાતો. સવારે એ લીધા પછી સાંજે બીજી વાર એ પીવા મળે ત્યાંસુધી ભૂખ ન જણાતી. દૂધ કરતાં યે અનેનાસનો રસ વધુ પૌષ્ટિક, તૃપ્તિકર અને ગુણકર હોવાની મારી અટકળ છે

અનેનાસના રસ ઉપર આઠ દિવસ વીત્યા પછી અને ઊઠવા બેસવાની શક્તિ આવ્યા પછી અમને કેળાં મળવાં શરૂ થયાં. શરૂમાં દર ટંકે અર્ધા કેળાનો, એ પચતું થયા પછી આખા કેળાનો અને પાંચ દસેક દિવસ પછી બબ્બે કેળાનો રસ અમને મળવા લાગ્યો. શરૂઆતમાં તેઓ કેળું પોતાને હાથે છૂંદીને આપતા. અર્ધા કેળાને છૂંદીને પાણી જેવું કરતાં તેમને લગભગ પા કલાક થતો. અમારે ત્યાંથી તેમનું ઘર ઠીક આઘું હતું. તેઓ પોતાને ત્યાંથી જ રકાબીમાં કાંટા વડે—અંગ્રેજ લોકો જમતી વેળા ચમચા સાથે વાપરે છે તેવા કાંટા વડે—કેળું છૂંદતાંછૂંદતાં ધીમે ધીમે આવતા. કેળાનું છૂંદાવું પૂરું ન થતું જોઇ કૃષ્ણદાસ અધીરો બની જતો, પણ બાપુજીની ધીરજ ન ખૂટતી. કેળામાં ક્યાંયે ફોદો હોય, એ પાતળું દૂધ જેવું ન થયું હોય ત્યાંસુધી તેઓ છૂંદ્યે રાખતા અને છૂંદાઇ ગયા પછી તેમાં લીંબુ નીચોવી ફરી પાછો ઠીક વાર સુધી કાંટો ચલાવતા અને પછી પીવા આપતા.

અમે સારી પેઠે હરતા ફરતા અને કૂદતા ભમતા થઇ ગયા ત્યાં સુધી અમને ફળોના રસ મળતા રહ્યા, અને પછી શાક-રોટલી. એ માંદગીને અંગે કે નબળાઇને અંગે દૂધ, રાબ કે ઘેંશ-ખીચડી મળ્યાનું યાદ નથી.

માંદગીને બિછાને જીભ પર કાબૂ રાખવાની ગાંઠ મનમાં વાળેલી ખરી, પણ ખાટલેથી ઊઠ્યા પછી એ શીખામણ હું ભૂલી ગયો. ઘરમાં મારી બા પૂરી સાવધાની રાખી મને હળવું ને ઓછું પીરસતાં, પણ 'હજી ભૂખ છે, હજી ભૂખ છે' કહી હું જોઇએ એથી સવાયું દોઢું ઓહિયાં કરી જતો. જમી ઊઠ્યા પછી નાડું ઢીલું કરવું પડતું. પેટ ફૂલેલું જોઇને થતું કે હવે હું તગડો થયો છું. મને ભાન ન હતું કે તગડા થવા માટે છાતી ફૂલવી જોઇએ, પેટ નહિ. બાપુજી જેવા વૈદ્યનો લાભ મળવા છતાં મારી આવી નાદાની બાપુજીની મહેનતપર પાણી ફેરવવાને બસ હતી. અને બાપુજીને કે મુરબ્બીઓને અનેક પ્રવૃત્તિઓ આડે ફુરસદ ન હતી કે તેઓ ખાટલેથી ઊઠ્યા પછી પણ મારી દેખરેખ કરે. હું બગીચામાં જઇ ચોરીછુપીથી જાતજાતનાં કાચાં ફળો નીરખી માંદગીને ફરી નોતરતો હતો એની તેમને ખબર ન હતી. ખરું જોતાં નવજાત શિશુ જેટલી જ દેખરેખ માંદગીને બિછાનેથી ઊઠેલા બેજવાબદાર મોટા માણસની યે લેવાવી જોઇએ. એ ન લેવાયાને કારણે મારા ઘડતરમાં ઘણું અધૂરાપણું રહીગયું.

બાપુજીના પ્રાકૃતિક ઉપચારોએ મારું શરીર અને હોજરી એટલાં શુદ્ધ કરી મૂકેલાં કે સારી પેઠે કુપથ્ય કરવા છતાં મને ફરીવાર તાવ તો ન જ આવ્યો. પણ જે તે ખાવાને પરિણામે મારું લોહી બગડતાં આખે શરીરે ગૂમડાં થઇ પડ્યાં હતાં.

મને તાવ ઊતર્યા પછી છઠ્ઠે કે સાતમે દિવસે મેં બાપુજીને વાત કરતા સાંભળ્યા કે 'જો આ બે ભાઇઓના મંદવાડે રોકી ન રાખ્યો હોત તો આજે ફાર્મને હું અહીં લઇ પણ આવ્યો હોત. હવે ફાર્મનું બધું સમેટી કાલીને જ આવવાનો વિચાર છે, એટલે પંદરવીસ દિવસ સહેજે વીતી જશે. એ જ સારું છે કે બધાને લઇને જ આવવું અને હવે પાછું જવાપણું ન રાખવું. આ સાંભળતાં મારો આનંદ સમાવ્યો ન સમાયો.માંદા છતાં ઊઠીને ઠેકડા મારવાનું મને મન થયું.

જતી વખતે બાપુજી મને તાકીદ કરતા ગયા કે 'ફાર્મ પરથી બધાને લઇને હું આવું ત્યારે ડરબન સુધી (૧૨ માઇલ) સાથે ચાલીને આવવા જેટલો બળીઓ થઇ જજે.' પછી કૃષ્ણને તથા મને ક્રમે ક્રમે શું ખોરાક આપવો તેની સૂચનાઓ આપી તેઓ ગયા.

હું ટૉલસ્ટૉય વાડી અમારે ત્યાં આવવાની રાહ જોવા લાગ્યો. ત્યાં જવાની મારી ઝંખના સદા અધૂરી જ રહી, પણ મારી એ તીવ્રઝંખના અને અંતરની વેદના ભરી ઊંડી ઇચ્છા સામું ભગવાને જોયું. ગોખલેજીની વિદાય પછી આશરે ત્રીજે મહિને ટૉલસ્ટૉય વાડીના બધા શિક્ષકો ને વિદ્યાર્થીઓ સાથે બાપુજી આવી પહોંચ્યા અને તેમનું મુખ્ય મથક ફીનિક્સ બન્યું.

(ચાલુ)

પ્રભુદાસ છ. ગાંધી



હનુમાનનો વારસ

વાનર બોલ્યોઃ 'વડવા મારા હનુમંત પંકાયા,
લંકા બાળી મેલી તેથી મહાવીર કહેવાયા!
હું ય કરૂં કંઇ કામ એવું તો પૂજન મારૂં થાશે,
કોઇ વાલ્મીકિ મજ કીર્તિનું ગાન રૂડેરૂં ગાશે.'
એવું ધારી એણે લાવી ગાભા બાંધ્યા પુચ્છે,
કુંભારના નીંભાડે જઇને આગ લગાડી લચ્છે.
અને પછી એ કૂદ્યો, સીધો નગરશેઠને મહેલે,
દોડચા ડંડા લઇને ભૈયા ઊભા'તા જે ડેલે;
હવેલીએ તો લાંબું ધાર્યું વાંદર દોટા મારે,
દૂર હતાં ઘર બીજાં ત્યાંથી, કૂદવું ફાવે ના રે!
બળવા માંડ્યું ગાભા ભેગું પૂછડું એનું જ્યારે,
જગવિખ્યાત થવાનો નુસખો ભૂલી ગયો એ ત્યારે!
અર્ધ બળેલી પૂછડીવાળો, મૂર્છા ખાઈ પડેલો
વાંદર જાગ્યો ત્યારે પહેલો આ શબ્દો બોલેલોઃ
'લંકા બાળી દાદાએ શું ભલું આપણું કીધું?
મોઢું ઠીક હતું તે ઉલટું કરી જ કાળું દીધું!'

રમણલાલ સોની

સૌથી મોટી ગપ

એક ગામમાં લોટ દળવાનો એક સંચો હતો. એક દિવસ એક નાનો છોકરો ત્યાં બાજરી દળાવવા આવ્યો.

એ ઘંટીવાળાને લાંબી દાઢી હતી, પણ મૂછો જરાય ન હતી. પેલો છોકરો તો આવા માણસને જોઇ ચમક્યો, કારણકે એની ફોઇએ એને કહ્યું હતું કે 'બેટા, જે માણસની મૂછો સાફ હોય પણ દાઢી લાંબી હોય તેનો વિશ્વાસ કરવો નહિ. એવા માણસો બહુ લુચ્ચા હોય છે.' પણ હવે કૈં પાછા જવાય તેમ ન હતું અને એટલામાં બીજી ઘંટી પણ નહોતી, એટલે હવે 'જે થાય તે ખરી' એમ વિચારી છોકરાએ ઘંટી-વાળાને બાજરી દળી આપવાનું કહ્યું.

ઘંટીવાળાએ બાજરી તો દળી દીધી, પણ છોકરાને લોટ આપવાને બદલે એ લોટનો એણે એક મોટો રોટલો ઘડચો. પછી છોકરાને કહ્યું, 'મારી મહેનતના બદલામાં અરધો રોટલો મને મળવો જોઇએ. પણ આવો સારો રોટલો ભાંગતાં મારો જીવ ચાલતો નથી. માટે જો, આપણા બેમાંથી જે વધારેમાં વધારે ગપ્પાંવાળી વાર્તા કહી શકે તે આ રોટલો ખાય.'

એમ કહી એણે તો કહેવા માંડયુંઃ 'એક હતો રાજા. તે બહુ ડાહ્યો હતો. તેના રાજ્યમાં એક સ્ત્રી રહેતી હતી. તે મૂંગી હતી. અને એક કોટવાળ હતો, તે મૂર્ખો હતો, પણ રાજા કરતાં ડાહ્યો હતો...'

'હવે રહો!' છોકરો બોલી ઊઠચો, 'એના કરતાં તો મને સરસ વાર્તા કહેતાં આવડે છે. સાંભળોઃ

મારા નાનપણમાં જ્યારે હું ઘરડો ડોસો હતો, ત્યારે અમારે ત્યાં ઘણા મધપૂડા હતા. રોજ સવારમાં વહેલો ઊઠી હું બધી મધમાખોને ગણવા બેસતો. બધી મધમાખો તો ગણવી સહેલી હતી, પણ મધપૂડા કેમ ગણવા તે મને ન આવડે. હવે એક દિવસ એક સારામાં સારી મધમાખ ખોવાઇ ગઇ. હું ઊપડચો એની ભાળ કાઢવા, એક મરઘડા ઉપર સવાર થઇને. ખૂબ રખડચા પછી મેં તેને દરિયાને સામે કિનારે જોઇ અને મરઘડાને મેં સામે કિનારે કૂદાવ્યો.

પણ કિનારે પહોંચીને જોઉં તો એક ખેડૂત મારી મધમાખને પકડી બિચારીને હળ સાથે જોડી ખેતી

કરતો હતો. હું તો જઇને બોલ્યો, અલ્યા એ! આ તો મારી મધમાખ છે. તું એને ક્યાંથી ઉપાડી લાવ્યો? પેલો ખેડૂત કહે, જો એ તારી જ હોય તો અહીં આવીને લઇ જા. એટલે બંદા ગયા ખેડૂત પાસે. એણે મને મધમાખ તો પાછી આપી, પણ તે ઉપરાંત મધમાખ પાસે ખેતી કરાવ્યા બદલ તેણે મને બાજરીનો એક કોથળો આપ્યો. એ કોથળાને મારી પીઠ પર મેં ચડાવ્યો અને મરઘડાને આરામ આપવા આ વખતે મધમાખ ઉપર મેં સવારી કરી.

હું દરિયો ઓળંગતો હતો તેવામાં અધવચ્ચે જ કોથળાના ટાંકા તૂટ્યા અને બધી બાજરી દરિયામાં પડી ગઇ. દરિયો ઓળંગી રહ્યો ત્યારે રાત પડી હતી. એટલે મારા જીવજાન દોસ્ત અડવાની ફોઇએ કહ્યા પ્રમાણે વાસો રહેવાનો નિશ્ચય કર્યો. મધમાખને કિનારે ચરવા મૂકી દીધી અને મરઘડાને એક ઝાડ સાથે બાંધી એને શ્વાસ નીરી મેં ઊંઘવા માંડ્યું.

સવારે જાગતાં વેંત મેં જોયું કે વરૂઓ રાત્રે આવીને મધમાખને ખાઇ ગયા હતા અને બધું મધ તેના પેટમાંથી નીકળી ચારેકોર એટલું બધું ઢોળાયું હતું કે હું તો લગભગ અંદર ડૂબી જ જતો હતો. આખરે મહામહેનતે ચાર હરણોનો હું શિકાર કરી લાવ્યો અને તેમનાં ચામડાંની એક કોથળી બનાવી. પછી બધું મધ મેં એ કોથળીમાં ભરી દીધું અને મરઘડા પર તે ચડાવી હું જલદી જલદી ઘેર જવા નીકળ્યો.

ઘેર પહોંચતાં ખબર પડી કે મારા બાપા હમણાં જ જન્મ્યા હતા, એટલે મારી બાએ મને અમૃત લાવવા સ્વર્ગમાં જવાનું કહ્યું.


સ્વર્ગે શી રીતે જવું એનો હું વિચાર કરતો હતો, એટલામાં પેલી દરિયાની અંદર વેરાઇ ગએલી બાજરી યાદ આવી. હું દોડતોક ને ઊપડ્યો ને જોયું તો બાજરી ઊગીને વધીને સ્વર્ગ સુધી પહોંચી ગઈ હતી. હું તો તરત જ ઉપર ચડવા લાગ્યો ને સીધો ઇન્દ્રરાજા પાસે પહોંચ્યો. એ તો મને જોતાં જ બોલી ઊઠ્યા, તું કેમ આવ્યો છે તે હું જાણું છું. લે આ અમૃત. તારા બાપાને પાઇશ એટલે રડશે નહિ.

અમૃત લઇ હું નીચે ઊતરવાનો વિચાર કરૂં છું ત્યાં જોયું કે દરિયામાં તો રેલ આવી છે અને બધી બાજરી તણાઇ ગઇ છે. હવે શું કરવું? પણ તરત જ મને મારી ચોટલી યાદ આવી. મારી ચોટલી ખૂબ લાંબી હતી. એટલે મેં ચોટલી કાપી નાખી એક લાંબું દોરડું બનાવ્યું ને સડસડાટ નીચે ઊતરવા લાગ્યો. પણ અરધે ઊતર્યો ત્યાં અંધારૂં થઇ ગયું અને રાત પડવા આવી. હું તો દોરડાની એક મોટી ગાંઠ મારી તે પર આરામથી સૂતો. ખૂબ ટાઢ વાતી હતી એટલે એક આગિયાને પકડી ખિસ્સામાં મૂકી દીધો.

અરધું ઊંઘ્યો હોઇશ, ત્યાં જાણે નીચે પડતો હોઉં એમ લાગવાથી હું તરત જ જાગી ગયો. ત્યાં તો ખબર પડી કે પેલા આગિયાથી આખું દોરડું બળી ગયું હતું ને ખૂબ જોરથી હું નીચે પડતો હતો. થોડીવારમાં તો હું પૃથ્વી સાથે અથડાયો. એટલા જોરથી હું પડ્યો કે મારા પગ તો જમીનમાં દટાઇ ગયા. એટલે મેં એક કબૂતરને ગળે ચિઠ્ઠી બાંધી મારા બાપાને બોલાવવા મોકલ્યા. થોડીવારમાં જ રડતા રડતા મારા બાપા ત્યાં આવ્યા, અને મને ખોદી કાઢ્યો. મેં તરત જ મારા બાપાને અમૃત પાઇ દીધું એટલે તે રડતા બંધ થઇ ગયા. પછી અમે અમારે ખેતરે ગયા. ત્યાં બધા મજૂરોને તડકામાં સખત કામ કરતા જોઇ મેં કહ્યું, અરે! તડકામાં હેરાન શીદ થાઓ છો? આપણી ભાણકી ઘોડી પર વડનાં ઝાડ ઊગ્યાં છે તે ઘોડીને લઇ આવશો તો છાંયો મળશે. મુસાફરી માત્ર બે દિવસ લાંબી અને ચાર કલાક પહોળી છે.

આ સાંભળીને મારા બાપા ઘોડી લઈ આવ્યા. બધાંને તરસ લાગી હતી એટલે હું ઘડો લઇ કૂવે પાણી ભરવા ગયો. પણ કૂવામાં તો બધું પાણી ઠરી ગયું હતું, એટલે મેં મારૂં માથું વાઢી બરફ સાથે પછાડ્યું અને ઘડો ભરી ખેતરે ઊપડ્યો. ત્યાં બધા મને પૂછવા લાગ્યા, અરે! તારૂં માથું ક્યાં મૂકી આવ્યો? મેં પણ હાથ ફેરવી જોયો તો માલૂમ પડ્યું કે મારૂં માથું ધડ પર નહોતું! પછી મને યાદ આવ્યું કે માથું તો હું કૂવા ઉપર ભૂલી આવ્યો હતો. હું તરત જ કૂવા આગળ જવા દોડ્યો, ત્યાં રસ્તામાં એક પગ વગરના માણસને પોતાનાં બૂટને પૉલિશ કરતો જોયો. તેણે મારી પાસે કૈંક માગ્યું એટલે મેં તેને કાચનું ભાંગેલું બટન આપ્યું. ઉપકારથી ગળગળો થઇ એ બોલ્યો, આના બદલામાં અત્યાર સુધી મેં કોઇને નથી શીખવ્યો એવો મંત્ર તને શીખવું (અનુસંધાન પાછળ પાન ૧૨૭ મે)

માધુકરી



(રતન)

નથી મરણ શોક, કે જનમ લ્હેર આનન્દની.
અનન્ત સચરાચરે ઉદધિ કાળનો ગાજતો,
અનન્ત લહરી સમું જીવનસોણલું જાગતું,
થતું લય પળે જળે, ગવનવું વળી ઉદ્ભવે.
તુલા હરખશોકની, દિવસરાતની, એ રીતે
ઘડી મરણજન્મની અતીવ ગૂઢ લીલા બધી. —ચન્દ્રવદન મહેતા

સ્વર્ગસ્થ શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય

બંકિમે બંગ સાહિત્યમાં રેડેલું નવજીવન ઓસરવાની અણી પર આવ્યું હતું. રવીન્દ્રનાથે એમાં આણેલી નવીનતાઓ પણ કાર્યશીલતાના અભાવે શિથિલ બનતી જતી હતી. એમના 'ઘરે બાહિરે'નો હજુ ઉદ્ભવ નહોતો થયો. એ મંદ ગતિએ ચારે બાજુ નૈરાશ્ય ફેલાવ્યું હતું ત્યાં ઇ ૧૯૦૭માં જીવનની અભિનવ વિચારસરણીને પ્રસાદભરી શૈલીમાં રજૂ કરતી એક ઉત્કૃષ્ટ વાર્તાએ 'ભારતી' માસિકમાં દેખા દીધી ને એ એક જ વાર્તાએ સાહિત્યજગતમાં ખળભળાટ મચાવી મૂક્યો.

વાર્તા નનામી જ પ્રસિદ્ધ થઇ હતી, પરંતુ 'બંગદર્શન' માસિકના તંત્રી શૈલેશ બાબુ તો દોડ્યા સીધા રવિ બાબુ પાસે, ને એવી ઉત્તમ વાર્તા પોતાને બદલે 'ભારતી'ને આપવા માટે ઠપકો આપવા લાગ્યા.

'મારી વાર્તા?' રવિબાબુ તો એ સાંભળીને જ ચોંકી ઊઠયા. 'મેં "ભારતી"ને વાર્તા આપી? આ તમે શું બોલો છો? નક્કી કંઇક ભૂલ થાય છે.'

શૈલેશ બાબુ તરત વાર્તાનાં કટિંગ તેમના હાથમાં મૂકતાં બોલ્યા, 'લખાણ સાથે નામ નથી એથી શું લેખક છૂપો રહી શકે? આ તાકાત શું બીજા કોઇની કલમની છે?' રવીન્દ્રનાથ ટાગોર 'બડી દીદી' (મોટી બહેન) શિર્ષકની એ આખી વાર્તા એકશ્વાસે વાંચી ગયા અને પછી નમ્રપણે બોલ્યા, 'અદ્‌ભુત આલેખન છે; પણ એ વાર્તા મારી નથી.'

પરંતુ શૈલેશ બાબુને વિશ્વાસ ન બેઠો. આખરે રવિબાબુએ 'ભારતી'ના સંપાદકને આ ભ્રમ ટાળવાનું સૂચન કર્યું ને વાર્તાના એ પછીના ખંડ પર એક નૂતન નામે દેખા દીધી: 'લેખક: શ્રી શરચ્ચન્દ્ર ચટ્ટોપાધ્યાય.'

પ્રથમ કૃતિએ જ વાચક જનતાના હૃદય પર આવું પ્રબલ પ્રભુત્વ મેળવનાર આ કલમકસે પાછો આત્મગોપનનો બુરખો ઓઢી લીધો. એક દાયકા સુધી ક્યાં ય તેનું નામ દેખાતું નથી ઠેઠ ૧૯૧૭–૧૮માં 'યમુના' માસિકમાં એમની



સ્વ. શરચ્ચંદ્ર ચટ્ટોપાધ્યાય

વાર્તાઓ પ્રસિદ્ધ થવા માંડે છે ને ફરી એ લોકહૃદય પર એવું જ પરિબળ મેળવી લે છે. એમની વાર્તાઓ જ 'યમુના'ની પ્રતિષ્ઠાનું કારણ બની રહે છે.

રવીન્દ્રનાથ ટાગોર કરતાં યે પોતાના સ્વતંત્ર વ્યક્તિત્વ વડે લોકહૃદય પર વધુ ઘેરી છાપ પાડનાર આ શરદ્ બાબુમાં એવું શું હતું જેથી એ આટલા પ્રકીર્તિત બન્યા? એમના સાહિત્યજીવનની મીમાંસા કરતાં શ્રી નગીનદાસ પારેખ એ પ્રશ્નનો ઉત્તર આપે છે કે,

'સમાજબદ્ધ જીવનનું બધું દુઃખ અને બધી વેદના તેમણે પોતાની કરી લીધી અને અતિશય વેધક રીતે તેને જનસમાજ સમક્ષ વ્યક્ત કરી. આ પીડન અને અત્યાચારનો ભોગ થઇ પડેલી વ્યક્તિઓ પ્રત્યે એમના અંતરમાં જે અસીમ સમભાવ ભર્યો છે, એણે જ એમને બંગાળના હૃદયેશ્વર બનાવ્યા છે.

એમના સમસ્ત સાહિત્યસર્જનનો પ્રધાન સૂર જોવો હોય તો તે માનવપ્રેમ છે. અથવા બીજી રીતે કહીએ તો માનવનું સાચું મૂલ્યાંકન છે. એમના સમસ્ત સાહિત્યમાં વ્યાપેલી ફિલસૂફી એક જ વાક્યમાં સમાવી દેવી હોય તો તે ચંડીદાસની આ પંક્તિમાં સમાવી શકાય છેઃ

''સબાર ઉપરે માનુષ સત્ય તાહાર ઉપરે નાઇ—
માનવ-સત્ય એ સૌથી શ્રેષ્ઠ છે, તેના કરતાં ચડિયાતું કંઇ નથી.''

બંકિમે જે કામ અધૂરૂં મૂકયું તે એમણે પૂરૂં કર્યું, સમાજનાં સંમાનિત બધાં મૂલ્યાંકનોમાં એમણે ક્રાન્તિ આણી દીધી, અને એ રીતે એમનો ફાલ જગતસાહિત્યમાં પણ પ્રકાશી ઊઠે તેમ છે. 'શ્રીકાન્ત'ના ઇન્દ્રનાથ કે 'દેના પાઓના'ના જીવનાનન્દ જેવાં એમણે આલેખેલાં પાત્રોને એકલા બંગાળ કે હિંદમાં નહિ, સમગ્ર જગતની માનવતા વચ્ચે સ્થાન છે. નોબેલ પુરસ્કર્તાઓની હારમાં એ રીતે એ નિઃસંકોચ ઊભી શકે એમ છે. એ પુરસ્કાર એમને અપાવવાની પ્રવૃત્તિ પણ ચાલેલી, પણ તાજેતરમાં જ એમના થએલા અવસાને એ કીર્તિકળશ ટાગોર પછી એક બીજા હિંદી પર ઢોળાવાની આશા હવે નષ્ટ કરી છે.

શરદ્ બાબુનો જન્મ ઈ. ૧૮૭૬ના સપ્ટેમ્બરની ૧૫મીએ હુગલી જિલ્લાના દેવાનંદપુર ગામે થએલો. એમના દાદા ખૂબ શ્રીમંત હતા, પણ એ શ્રીમંતાઈ એમણે ગુમાવી ને શરદ્ બાબુના પિતા તદ્દન ગરીબ સ્થિતિમાં જ રહેલા.

પોતાના બાળપણ વિષે શરદ્ બાબુએ લખ્યું છે, 'મારૂં બાળપણ ને કુમારાવસ્થા ખૂબ ગરીબીમાં વીત્યાં. સાધનને અભાવે મારાથી કશું જ શિક્ષણ ન મેળવી શકાયું પિતા પાસેથી વારસામાં મને કંઈ મળ્યું હોય તો માત્ર આત્માનો અજંપ ને સાહિત્યનો તીવ્ર શોખ. પહેલાએ મને ખૂબ રખડુ બનાવ્યો ને નાની વયે હું આખું હિંદુસ્તાન ફર્યો; બીજાએ જિંદગીભરનો સ્વપ્નસેવી.'

થોડો વખત દેવાનંદપુરની પાઠશાળામાં અભ્યાસ કર્યા બાદ એ પોતાને મોસાળ ભાગલપુર રહેવા આવ્યા ને ત્યાં એન્ટ્રન્સ સુધીનો અભ્યાસ કરીને પડતો મૂકયો, ને નોકરીની શોધમાં કલકત્તા ઉપડયા.

ભાગલપુરમાં એ હતા ત્યારે એક પત્રમાં વાર્તાની ઈનામી હરીફાઇ જાહેર થઇ. પોતાની 'મંદિર' નામની વાર્તા તેમણે તેમાં મોકલાવી આપી—મામાના નામે. સો બસો વાર્તાઓમાંથી એ જ વાર્તા ઇનામને પાત્ર જાહેર થઇ અને ત્યાર પછી જ મામાએ એના કર્તૃત્વની જાહેરાત કરી. ત્યાર બાદ ૧૯૦૭માં, નોકરી શોધવા નીકળેલા પાત્રને નિરૂપતી એમની પૂર્વકથિત 'બડી દીદી' પ્રસિદ્ધ થઇ ને એ લબ્ધપ્રતિષ્ઠ બન્યા.

પણ નવાઈ જેવું તો એ છે કે પ્રતિષ્ઠા મળવાની સાથે જ એમણે એ વ્યાસંગ પડતો મૂકયો, અને એમના કહેવા પ્રમાણે, પોતે લેખનનો પ્રયાસ કર્યો છે એ વાત પણ તેમણે તદ્દન વિસારે પાડી દીધી. રંગૂન ચાલ્યા જઇ, ત્યાં સરકારી સેક્રેટેરીએટમાં નોકરી મેળવી. પરંતુ એક પ્રસંગે ગોરા ઉપરીએ કંઈક અપમાનસૂચક શબ્દો સંભળાવતાં તેમણે તેના નાક પર એક મુક્કો ચોડી દીધો. પરિણામે સરકારી નોકરી તૂટી ગઈ, પણ થોડા જ વખતમાં એક વેપારી પેઢીમાં એમને જગ્યા મળી ગઇ.

રંગૂનમાં કલમથી છૂટાછેડા કરી બેસી રહેલા શરદ્ બાબુને અઢાર ઓગણીસ વર્ષે પાછો કલમ પકડવાનો પ્રસંગ કેમ આવ્યો તેનો એમણે જાતે જ સ્ફોટ કર્યો છે કે 'મારા કેટલાક સ્નેહીઓએ ''યમુના'' નામનું માસિક શરૂ કર્યું. એના સંપાદક ફણીન્દ્રનાથ પાલ હતા. પણ તે એટલા નાના અને અજાણ્યા હતા કે પૂરા લેખ પણ મળવા મુશ્કેલ થઇ પડયા, એટલે માસિક સારૂ કાંઇ પણ લખી આપવા એમણે આગ્રહ કરવા માંડયો. વખત જતાં તો ઉપરાઉપર એટલા બધા પત્રો ને તારો આવવા માંડયા કે મારે નિર્ણય કરવાનો જ રહ્યો'.

પછી તો એમણે નિયમિત લેખનકાર્ય શરૂ કર્યું અને અપૂર્વ વસ્તુસંકલના તથા હૃદયંગમ એટલી જ કસાએલી શૈલી વડે એક પછી એક કૃતિઓ આપતા રહી લોકોના માનીતા થઇ પડયા.

એમની સર્વોત્કૃષ્ટ કૃતિ તે 'શ્રીકાન્ત'. ફ્રેંચ ભાષામાં એનો અનુવાદ થઇ ચૂકયો છે; ને એ કૃતિ માટે જ નોબલ પારિતોષિક તેમને અપાવવાની હીલચાલ થએલી. કેટલાકોના કથન મુજબ શરચ્ચંદ્રના પોતાના જીવનના જ આઘાત પ્રત્યાઘાતોની એ આત્મકથા છે. શરદ્ બાબુને એ લખવામાં કંઇ અજબ ઉત્સાહ હતો. એમના મિત્રોને કહ્યા મુજબ એ કંટાળેલા હોય ત્યારે 'શ્રીકાન્ત' જ હાથમાં લેતા ને થોડાં પાનાં લખતાં એમનો થાક ઊતરી જતો!

અને એમણે સર્જેલી સ્ત્રીસૃષ્ટિ? જગતભરના સાહિત્યમાં પોતાના વ્યક્તિત્વથી જાણે મોખરો સાચવવા મથતાં હોય તેવાં સ્ત્રીપાત્રો તો માત્ર એમની કલમમાંથી જ નીતરી શકે.

સ્રીત્વને ઓપાવતાં લજ્જા, માર્દવ, પ્રેમના આવેશથી ભર્યાં છતાં એમનાં પાત્રોમાં જે મનોબળ, જે આત્મવિશ્વાસ, વિઘ્નોનો સામનો કરવામાં જે વિનમ્ર શાંતિ અને મક્કમતા છે તેનો 'કૉન્ટીનેન્ટલ' સાહિત્યમાં તો હજુ સંસ્પર્શ સુદ્ધાં નથી દેખાયો. સમાજની વિષમ નીતિ તળે સ્રીઓની કચડાએલી આશા–આકાંક્ષાનાં ક્ષોભક ચિત્રો એમની હરેક કાદંબરીમાંથી મળી આવે છે—અને 'શ્રીકાન્ત'માંથી સવિશેષ.

છતાં, એ પણ એક અજબ વાત છે કે આવી જગન્માન્ય પ્રતિભાની કૃતિઓમાં યે ગુજરાતના પ્રગતિવાદી સાહિત્યકારોને પ્રત્યાઘાતીત્વ જ દેખાયું છે. બંગાળે આજે રવીન્દ્રનાથને જેમ રહસ્યવાદના આચાર્યને પદે મૂકયા છે તેમ શરચ્ચંદ્રને વાસ્તવવાદના આચાર્યને પદે મૂકયા છે. એમનું સાહિત્ય ખરેખરૂં પ્રત્યાઘાતી છે કે કેમ એ તો અચિંત્યકુમાર સેનગુપ્ત, પ્રેમેન્દ્ર મિત્ર, બુદ્ધદેવ વસુ વગેરે બંગાળના પ્રગતિવાદી લેખકોને, તેઓ પણ વિચારક્રાન્તિના જનક તરીકે શરદ્ બાબુને કેમ ગુરુપદે મૂકે છે એનાં કારણો પૂછવાથી સમજાય. —અ૦

આંધળાઓનું ગામ

'આંધળાઓનો દેશ' નામની શ્રી હ. કૃ. વ્યાસે ભાષાંતર કરેલી એચ. જી. વેલ્સની કલ્પિત વાત 'કુમાર'ના વાચકોથી અજાણી નહિ હોય. એવી આ એક સાચી વાત છે.

મેકિસકો દેશના ઓઆકસાકા નામના પ્રદેશમાં ટિલ્ટેપેક નામનું નાનું ગામ છે. ત્યાં બધા જ લોકો આંધળા છે. તેઓ આંધળા જ જન્મે છે અથવા જનમ્યા પછી તરત જ આંધળા થઈ જાય છે. બીજા પ્રદેશનો પણ કોઇ ત્યાં લાંબા વખત સુધી વસવાટ કરે તો આંધળો થઇ જાય છે. માત્ર વર્ષોની ટેવના બળે જ એ આંધળાઓ પોતાનું દરરોજનું કામ કર્યે જાય છે. પરોણા પર આધાર રાખીને આંધળા બળદોથી ખેંચાતા હળ પાછળ ચાલતા આપણે તેમને જોઇએ તો આપણું હૃદય દર્દથી ભરાઈ જાય. તેઓ નાનાં ઝૂંપડાંઓમાં રહે છે. તે ઝૂંપડાંને 'બારી' તો શું, બારણુ પણ નથી હોતું–હોય છે જમીન સરસું નાનું બાકોરૂં. તેમાં ચારપગા બની આ આંધળા પ્રવેશે છે.

પોતાનું ઘર તરત જડી જાય તે માટે તેઓએ એક યોજના કરી છે. એ ગામમાં ૪૪ 'ઘર' છે. તે બધાં એક જ હારમાં બાંધ્યાં છે. દરેક આંધળો પોતાનું ઘર જેટલામું હોય તેટલા કાંકરા પોતાના ગજવામાં રાખે છે. પહેલા ઘરવાળો એક, બીજા ઘરવાળો બે, એ પ્રમાણે ઘર શોધતી વખતે ઘરદીઠ એક કાંકરો જમીન પર નાખી દે અથવા બીજા ગજવામાં મૂકે।

આ આંધળાઓ વિજ્ઞાનીઓનું સતત ધ્યાન ખેંચતા રહ્યા છે. તેઓ એમનાં આંધળાપણા માટે જુદાં જુદાં કારણો કલ્પે છે. આંધળાઓના પોતાના કહેવા પ્રમાણે તેમનું આંધળાપણું 'લા વેરૅગ્યુએન્ઝા' નામના છોડોના ઉચ્છ્વાસનું પરિણામ છે.

એક અમેરિકન રહસ્યશોધક ડૉકટર એ પ્રદેશમાં થોડા વખત પર ગયો હતો અને કેટલાક આંધળાઓ પર તેણે શસ્રપ્રયોગ કર્યો હતો. પણ માત્ર એકની જ બાબતમાં તે સફળ થયો હતો. બીજા અનેકની માફક એને પણ હજી આ કુદરતી શાપનું ખરૂં કારણ જડયું નથી. —અરવિંલાલ નાયક

કાફી

અરબસ્તાનમાં ચાલતી એક દંતકથા પ્રમાણે કાફીનો છોડ પહેલવહેલો યેમન પ્રાંતના એક ઇમામે બકરાંની મદદથી શોધી કાઢેલો. તેણે તેનાં કત્થાઈ ફળો ભૂંજી તેનો ઉકાળો કરી પીધો. એ એટલો તો પ્રોત્સાહક માલમ પડયો કે દારૂની પણ હરીફાઈ કરી શકે; ને ઇસ્લામમાં દારૂની મનાઇ હોઇ, આ નવા છોડનો ઉકાળો દિવસો દિવસ વધુ લોકપ્રિય થતો ગયો.

આ દંતકથા અરબસ્તાન પૂરતી કદાચ સાચી હોઇ શકે. પણ કાફીની માતૃભૂમિ તો હબશ (આબીસીનિયા) જ છે. તેના કાફ પ્રાંતમાં તે પુષ્કળ થતી હોવા પરથી તેણે કાફી નામ મેળવ્યું છે. ત્યાંના લોકોને તો પરાપૂર્વથી તેનો ઉપયોગ જાણીતો રહ્યો છે

યેમનમાંથી કાફીનો ઉપયોગ હળવે હળવે ફેલાવો પામતો ગયો ને હવે તો ચીનમાં જેમ ચા અનિવાર્ય થઈ પડી છે તેમ અરબસ્તાનમાં કાવાખાનાં થઇ પડયાં છે. જુદા જુદા ખલીફાઓએ તેને શરાબ ગણી તે પર ઘણા પ્રતિબંધો મૂકયા, પણ તેના વાપરની રૂકાવટ તો ન જ કરી શકયા.

તુર્કો તેને કન્સ્તુનતુનિયામાં લાવ્યા પછી ૧૫મી સદીમાં તો તે ઠેઠ વેનિસ સુધી ફેલાઇ ગઇ. સુલેમાન આગા નામના તુર્ક વકીલે ફ્રાન્સને તેની પિછાન કરાવી. ઇ ૧૬૫૭માં વિલિયમ હાર્વે વેનિસમાંથી તે ઈંગ્લંડ લઇ ગયો. તે કહેતો કે, 'બધા ઉલ્લાસનું એ મૂળ છે;' ને ખરેખર, તેના ઘેર આવી કાફી પીવા માટે જ કેટલા યે તેની ભાઈબંધી કરતા. મરતી વખતે તેણે પોતાની પાસે રહેલી ૫૬ રતલ કાફી લંડન કૉલેજ ઑવ ફિઝીશ્યન્સને એ શરતે સોંપી કે તેના બધા સહકારીઓએ તેની જયંતીના દિવસે તેના માનમાં એ પીવી.

હાર્વેના મૃત્યુ બાદ વીસ વર્ષ પછી તો લંડન સુધી કાફી આવી પહોંચી. જ્યાંત્યાં કાવાખાનાં ઊઘડવા લાગ્યાં ને તર્કશાસ્રીઓ, રાજદ્વારીઓ ને સાહિત્યકારો બધા એ પીણા પાછળ આંખો મીંચી મંડી પડયા. ઈ. ૧૬૭૪માં હર યાકોબ નામના માણસે તો લખ્યું છે કે, 'લોકો કાવાખાનામાં એટલી હદ સુધી જાય છે કે એકલાં રહેલાં બૈરાં કાફીના છોડ પર અહોનિશ શાપ વરસાવ્યા કરે છે.' કામદારો પોતાના કામની અવગણના કરીને પણ કાવાખાનાંમાં ઘૂસતા ને એથી યે જબરો અખતરો તો રાજદ્વારીઓનો હતો. તેઓ માનતા કે એથી તેમના મગજની સર્જકશક્તિ વધે છે. ત્યાંનો પ્રખ્યાત કવિ પોપ પણ તેમના માટે લખી ગયો છે:

Coffee, which makes the politician wise,
And see through all things with his half-
shut eyes.

જર્મનીનાં કાવાખાનાં રાજદ્વારીઓથી એટલાં ભરાએલાં રહેતાં કે તેમને રાજકીય ઉશ્કેરણીનાં કેન્દ્રો ગણી રાજ્યે તે ચલાવવા માટે લાઇસન્સ લેવાનું ઠરાવ્યું હતું. એશિયાનાં કેટલાંક મુસલમાન રાજ્યોએ તો કાફી પીનારને ફાંસીની સજા યે ફરમાવી હતી. પણ તેના વધ્યે જ જતા વાપર સામે કોઈ રાજ્ય કંઇ ન કરી શક્યું ને આજ એ ચા જેવું, ને અરબસ્તાનમાં તો પાણી જેવું, સામાન્ય પીણું બની ગયું છે.

ઇસવી સનની સત્તરમી સદીસુધી તો બધા દેશોની કાફીની આયાત યેમન જ પૂરી પાડતું, જયાં હજુ યે સર્વોત્તમ મોખા-કાફી ઊગે છે. પણ માગ વધતી જ ચાલતાં ઈ. ૧૭૦૦ના અરસામાં ડચ લોકોએ જાવા, જમૈકા ને સુરીનામમાં તેનાં વાવેતરો ઊભાં કર્યાં. હિંદમાં તે પોર્ચુગીઝો લાવ્યા ને બ્રાઝીલમાં સ્પૅનિયર્ડો લઈ ગયા. યેમન એક કોરે રહી ગયું ને પછીનાં જાવા ને વેસ્ટ ઇંડીઝ પણ એક કોરે જ રહ્યાં, ને આજે તો એકલું બ્રાઝીલ જ જગતના ખપની ⅔ કાફી પૂરી પાડે છે. ત્યાં તેનો પાક એટલો તો વધ્યો છે કે ઘણી વખત ભાવો ગગડતા બચાવવા ઘણાખરા પાકનો નાશ પણ કરી દેવામાં આવે છે.

કાફી પર્વતના ઢાળ પર જ વવાય છે, કારણ દરિયાની સપાટીથી ૧૦૦૦ થી ૪૦૦૦ ફૂટની ઊંચાઇએ જ તે ઊગી શકે છે. બધી મળી તેની પચીસ ઉપરાંત જાતો થાય છે, જે બધી Coffeeના વર્ગમાં મૂકાય છે. તેનાં ઝાડ નાનાં હોય ત્યારે છાંયડાની તેમને બહુ જરૂર રહે છે એટલે એરંડા, કસાવા, મકાઇ કે કેળનાં ઝાડો વચ્ચે તેમને રોપવામાં આવે છે. બેત્રણ વર્ષે તેને ફળ આવે છે, પણ તેની પુખ્ત વય પાંચ વર્ષે ગણાઇ શકે; ત્યારે તેનાં ફળ ઉતારી, હાથોથી યા યાંત્રિક રીતે તેના માવામાંથી બુંદદાણા છૂટા પાડી સૂકવી દેવામાં આવે છે. મિસર અને તુર્કીના વેપારીઓ અરબસ્તાનમાં સંખ્યાબંધ લાટ ખરીદી લે છે ને પછી પોતાની નજર હેઠળ તેનાં ફળ ઉતરાવે છે. બ્રાઝીલનું જબરૂં ઘરાક અમેરિકા છે, એટલે ત્યાંના વેપારીઓની ને બ્રાઝીલનાં સંસ્થાનોની દર વર્ષે એક ખાસ કૉન્ફરન્સ ભરાય છે.

બ્રિટિશ હકૂમતમાં તેની પેદાશવાળો મોટામાં મોટો પ્રદેશ હિંદ છે. પાક ઘણોખરો તો નૈઋત્ય ખૂણે મ્હૈસુર, કુર્ગ, મલબાર ને નીલગિરિમાં જ થાય છે. કુલ પાકના ૮૬ ટકા એકલું મ્હૈસુર પૂરૂં પાડે છે. આ સાલે હિંદની કાફીની નિકાસમાં વધારો થયો છે (૧૯૩૫માં ૪૨,૦૦૦ ક્વાર્ટર્સને બદલે આ સાલમાં ૨,૧૬.૦૦૦ જેટલી નિકાસ થઈ ચૂકી છે), એટલે કાફીના વાવેતરનાં ક્ષેત્રફળોનો પણ વિસ્તાર કરવામાં આવ્યો છે. અને એ નિકાસમાં સરકાર તરફથી પણ ઇ. ૧૯૩૫ના નવેંબરમાં 'ઇન્ડીઅન કૉફી સેસ ઍક્ટ' પસાર થતાં સારી સહાય મળી છે.

કાફીને પીતાં મજ્જાતંતુઓમાં કંઇક ઉશ્કેરાટ થતો તો ઘણાઓએ અનુભવ્યો હશે તે ઉપરાંત શરીરમાં ગરમી ટકાવવાનો પણ તેમાં અજબ ગુણ છે, એટલે ધ્રુવપ્રદેશના શોધકો તો તેને આશીર્વાદ સમાન ગણે છે. તેમાં માલૂમ પડતા ઉશ્કેરાટનું કારણ તેમાં રહેલું 'કૅફિન'નું તત્ત્વ છે, જે ચા અને કોકોમાં વધારે પ્રમાણમાં છે. જુદી જુદી જાતની કાફીઓમાં તેનું પ્રમાણ ૦.૭થી માંડી ૧.૯૭ સુધી હોય છે. પાંદડાંઓમાં તો એ પ્રમાણ અતિશય હોય છે, પણ તેનો ઉપયોગ માત્ર સુમાત્રામાં જ થાય છે. એક છોડ પરથી સાધારણ રીતે દોઢથી બે રતલ શુદ્ધ કાફી ઊતરે છે. માડાગાસ્કરમાં એવી યે ચાર જાતો થાય છે જેમાં કૅફિન મુદ્દલ હોતું નથી, પણ હવે તો બજારમાં યે કૅફિન વગરની કાફી વેચાવા માંડી છે.

કાફી એ એવું પીણું છે, જેને ઉકાળ્યા છતાં તેનાં મૂળ તત્ત્વોમાં કશો ફેર થતો નથી. તે બધાં અમાદક પીણામાં ઉત્તમ લેખી શકાય. એ પીતાં નાડીના ધબકારા વધે છે ને ગમે તેટલા થાક છતાં શરીરનું હળવાપણું અનુભવાય છે. પણ તેને બનાવવામાં ખૂબ કાળજી રાખવી જોઇએ, નહિતર તેની સુગંધને ઘાસતેલ જેવી દુર્ગંધમાં પરિણમતાં વાર લાગતી નથી. વળી તે શુદ્ધ હોવી જોઇએ, કારણ દળેલી કાફીમાં ઘણો ખરો ભાગ ચીકોરી કે આટાનો આવે છે. હાથે બનાવવી હોય તો બુંદદાણાને શેકવા જોઇએ, ભૂંજી નાખવા ન જોઇએ.

હાલ તો ઘરઘરનું પીણું થઈ પડેલી આ કાફી પર સત્તરમી સદીમાં તો યુરોપ આખામાં પ્રતિબંધો હતા. કલાલોને ખબર પડે કે ફલાણો શખ્સ કાફી વેચે છે તો તે પર ધોરણસર સમન્સ નીકળતા! કાફીના આવા 'રોમાન્સ'થી જેણે સંપૂર્ણ વાકેફ થવું હોય તેણે હર હેન્રિક એડવર્ડ યાકોબે લખેલું 'The Saga of Coffee'નું પુસ્તક વાંચવા જેવું છે. તેમાં તેની પહેલી શોધથી માંડી, છેલ્લે તેના ગગડતા ભાવો બચાવવા બ્રાઝીલની સરકારે બાળી નાખેલા જથાબંધ લાટ સુધીનો ઇતિહાસ આપવામાં આવ્યો છે. —'કુમાર'

હિંદની પોસ્ટની ટિકિટો

આઠમા એડવર્ડના ગાદીત્યાગ સુધીમાં એની મહોર-વાળી હિંદની પોસ્ટની ટિકિટો સંપૂર્ણ થવા આવી હતી, પણ એ ત્યાગને લીધે એ બહાર ન પડી શકી. ત્યાર પછી નવા શહેનશાહ જ્યૉર્જ છઠ્ઠાનો પ્રમાણિત ફોટોગ્રાફ લંડનથી મેળવવામાં થોડો વખત ગયો. છેવટે નાશિકના સીક્યૂરિટી પ્રિન્ટિંગ પ્રેસે કેટલીક ટ્રાયલ ડીઝાઇનો નીપજાવી, શહેન-શાહની આખરી મંજૂરી માટે મોકલાવી અને એ મંજૂર થઇ આવતાં હાલ આપણે જોઇએ છીએ તે નવી ટિકિટો બહાર પડી.

પરંતુ હિંદની પહેલી પોસ્ટ-ટિકિટ આના કરતાં જુદા

સંજોગોમાં જ બહાર પડી હતી. ઇ. ૧૮૫૨માં સિંધના કમિશનર સર બાર્ટલે ફ્રીઅરે પોતાના શાસન નીચેના પ્રદેશ માટે પોતાની મુખત્યારીએ જ એ બહાર પાડેલી. સિંધમાં એ વખતે ટિકિટો સારી રીતે છાપી શકે તેવું કોઇ છાપખાનું ન હતું, એટલે બાર્ટલેએ સફેદ, ભૂરા ને જાંબુઆ રંગના કાગળો પર વર્તુલાકારે આ લખાણ જ એમ્બૉસ કરાવેલું: 'Scinde District Dawk—½ Anna'

આ ટિકિટો માત્ર અરધા આનાની જ હતી. ૧૮૫૨ના જુલાઇની ૧લી તારીખે એ બહાર પાડવામાં આવી. બેએક વર્ષ સુધી એ સિંધમાં ચાલી, પણ પછી કંપની સરકારે એક સર્વસામાન્ય ટિકિટ બહાર પાડી, ૧૮૫૪ના ઑક્ટોબરમાં આ ટિકિટોનો વપરાશ દબાવી દીધો. આ એમ્બૉસ કરેલી ટિકિટો—વપરાએલી કે વગર વપરાએલી—નું મૂલ્ય અત્યારે તો ખૂબ અંકાય છે; જાંબુઆ રંગના કાગળ પર એમ્બૉસ કરેલી તો વપરાએલી ટિકિટનો યે ૫૦૦ રૂપિયા ભાવ આવે છે. વગર વપરાએલીના એથી યે ચારપાંચ ગણા દામ ઊપજે.

કંપની સરકારના શાસન તળેના પ્રદેશો માટેની સર્વસામાન્ય ટિકિટ પહેલવહેલી ૧૮૫૪ના એપ્રિલમાં રાણી વિક્ટોરિયાના ચહેરાની છાપ સાથે બહાર પડી. એ વખતે અરધા આના ને આનાના બે જ ક્રમો કાઢવામાં આવેલા. બે આના ને ચાર આનાના ક્રમો પાછળથી ઊમેરાયા.

કંપની સરકારની ટિકિટોનો આ સઘળો જથ્થો હિંદુસ્તાનમાં જ, સર્વેયર જનરલની કલકત્તાની ઑફિસે લીથોગ્રાફ વડે તૈયાર કરવામાં આવેલો. આ સમૂહમાં ચાર આનાની ટિકિટ સૌથી વધુ મૂલ્યવાન ગણાય છે ને તેના એક અણવપરાએલા નમૂનાના ૨૦૦ થી ૫૦૦ રૂપિયા ઊપજે છે.

વળી, રાણી વિક્ટોરિયાના ચહેરાની ઊંધી છાપવાળી ટિકિટ સુરક્ષિત દશામાં જો મળી આવે તો તો તે ધરાવનાર ન્યાલ જ થઇ જાય. તેની કીમત ૫૦૦૦ રૂપિયાથી ઉપરની ગણાય છે અને જો એ વગરવપરાએલી હોય તો૧૦૦૦૦રૂપિયા. હિંદમાં આજ સુધીમાં બહાર પડેલી ટિકિટોમાં એ વિરલ છે.

ઇ. ૧૮૫૫ પછી હિંદી પોસ્ટ-ટિકિટોની છપાઇનું કેન્દ્ર લંડન ખસેડવામાં આવ્યું. ઠેઠ ૧૯૨૬માં નાશિકના સીક્યૂરિટી પ્રિન્ટીંગ પ્રેસને એ જવાબદારી સોંપવામાં આવી ને ત્યારથી બધી ટિકિટો હિંદમાંથી જ બહાર પાડવામાં આવે છે.

હિંદી ટિકિટોના ઇતિહાસમાં એક બીજું પાદચિહ્ન તે ૧૮૮૨ની સાલમાં. એ પૂર્વે પાંચ વર્ષ પર રાણી વિક્ટોરિયાએ હિંદની મહારાણીનો ખિતાબ ધારણ કર્યો હોઇ, આ સાલથી પોસ્ટની ટિકિટો પરનું લખાણ 'ઈસ્ટ ઇન્ડીઆ પોસ્ટેજ'ને બદલે 'ઇન્ડીઆ પોસ્ટેજ' છપાવા લાગ્યું.

૧૮૮૨માં બહાર પાડેલા આ સમૂહમાં અરધા આનાથી માંડી ૧ રૂપિયા સુધીની ૧૧ જાતો છાપવામાં આવેલી. ૧૮૯૫માં પ્રખ્યાત ચિત્રકાર ફૉન એન્જેલીએ ચીતરેલીરાણી વિક્ટોરિયાના પોર્ટ્રેટની છાપવાળી બે, ત્રણ અને પાંચ રૂપિયાની પોસ્ટ-ટિકિટો બહાર પાડવામાં આવી.

૧૯૦૨ પછી વિક્ટોરિયાને બદલે શહેનશાહ આઠમા એડવર્ડની રાજમુગટ વિનાની પ્રખ્યાત ટિકિટો પ્રચલિત થઈ અને ૧૯૧૧થી ગઇ કાલ સુધી ઉપયોગમાં રહેલી શહેનશાહ પાંચમા જ્યૉર્જની મુગટવાળી. નવા શહેનશાહ છઠ્ઠા જ્યૉર્જના અમલથી એ ઇતિહાસનો નવો તબક્કો શરૂ થાય છે.

ચન્દ્રનગર

કલકત્તાની ઉત્તરે વીસ માઇલ પર હૂગલી નદીને પડખે આવેલું ચન્દ્રનગર એ ફ્રાન્સનું નાનામાં નાનું સંસ્થાન છે—ચાર માઇલ લાંબું ને એક માઇલ પહોળું. રાજભાષા ફ્રેંચ હોવા છતાં બ્રિટિશ ચલણ ધરાવતા એ સંસ્થાનમાં આજે તો કશું મહત્ત્વ નથી રહ્યું, પણ એનો ભૂતકાળ ખૂબ રોમાંચક છે.

ઇ. ૧૬૮૮માં એક ફ્રેંચ કંપનીએ તે મેળવ્યું, ને અંગ્રેજોની સ્પર્ધામાં ફ્રેંચો માટે તે અગત્યનું મથક થઈ પડયું. પછી બંને વચ્ચે હરીફાઇ વધતાં ઇ. ૧૭૫૭માં કલકત્તાથી કલાઇવ લશ્કર લઇ ઉપડ્યો. જમીન રસ્તે એણે મારો ચલાવ્યો ને નદી રસ્તે વૉટસનના મછવાઓએ. આમ એ સઘળો પ્રદેશ બ્રિટિશોને તાબે થયો.

ઇ. ૧૭૬૫માં પાછો બધો પ્રદેશ ફ્રેંચોને આપવામાં આવ્યો. જે સંધિ અનુસાર એ પાછો મળ્યો તે મુજબ ફ્રેંચોને ત્યાં કિલ્લેબંદી કરવાની મનાઈ છે.

આ ચન્દ્રનગરને સાચી મહત્તા અપાવનાર મહાન ફ્રેંચ ગવર્નર દુપ્લે. ૧૭૩૧માં એ હિંદમાં આવ્યો ત્યારે એ માત્ર એકાદ બેદી ગામડા જેવું હતું. એ પાછો ફર્યો ત્યારે હિંદમાંની પરદેશી વસાહતોમાં એ સૌથી સમૃદ્ધ નગર બની ગયું. એ કારણે જ 'Hero of Chandernagore'નું તેનું સંમાન સાર્થક બને છે. પરંતુ આજે તો એક નાનકડા ચોકમાં એનું નાનકડું પૂતળું બિલકુલ ઉપેક્ષિત દશામાં ઊભું છે. તેના પરના અક્ષરો ખવાઇ ગયા છે, ને આજે તેના માથા પર ધોબીઓ કપડાં સૂકવે છે.

છતાં આસમાની ફેંટાવાળા સિપાઇઓ ને ધોળી ટોપીવાળા ફ્રેંચ પોલિસોથી રક્ષાએલું ચન્દ્રનગર સ્વચ્છ નગર છે. ફ્રાન્સે આધુનિક ઢબની કેટલી યે જાહેર ઇમારતો ત્યાં ઊભી કરી છે. એક મોટું લાલ દેવળ પણ છે અને તેમાં મેજર ક્લૉડ માર્ટિનનું સંભારણું સાચવી રાખવામાં આવ્યું છે.

આ માર્ટિને હિંદમાં ખાનગી ફ્રેંચ સૈનિક તરીકે પગ મૂકેલો. પછી બ્રિટિશોના હાથ નીચે તે સારી પાયરીએ પહોંચેલો ને સારી જેવી મિલકત મૂકી ગએલો. એ મિલકતમાંનો કેટલોક ભાગ ચન્દ્રનગરના ગરીબ વર્ગ માટે મૂકવામાં આવ્યો છે ને બાકીનામાંથી કલકત્તા ને લખનૌ મુકામે પ્રખ્યાત લ માર્ટિનેર શાળાઓ ખોલવામાં આવી છે.

હાલ તો આ ચન્દ્રનગર શ્રી અરવિંદ ઘોષના એક વખતના સાથી શ્રી મોતીલાલ રૉયના કર્મયોગી ફિલસૂફમંડળ ''પ્રવર્તકસંઘ''ના મુખ્ય ધામ તરીકે જ જાણીતું રહ્યું છે; ઉપરાંત બ્રિટિશ પ્રજા માટે એ મોજશોખનું મથક પણ છે.

રંગ અને કુદરત

અનેક જાતનાં રંગો વચ્ચે જીવતી ને એમની તાર્કિક પસંદગી કરતી કુદરતની પ્રાણિસૃષ્ટિએ હજુ. આપણું જોઇએ તેટલું ધ્યાન ખેંચ્યું નથી. પ્રાથમિક પ્રાણીઓમાં કાળા રંગનો બીલકુલ અભાવ ને પછીની વિકસિત પ્રાણિકોટીની સાથે એનો વધતો જતો સંબંધ આપણે કદી વિચારીએ છીએ? જુદીજુદી ઋતુમાં જુદાંજુદાં. ફળફૂલોને યે સાંપડતી રંગવિભિન્નતા પણ આપણી નજર ખાસ નથી રોકતી, તો પ્રાણીવર્ગનું તો શું પૂછવું?

પ્રાણિસૃષ્ટિમાં કુદરત અને રંગના સધાએલા મેળનું નિરીક્ષણ કરવા જેમ જેમ આપણે ઊંડા ઊતરતા જઇએ તેમ તેમ વધુ ને વધુ આશ્ચર્યચકિત થતા જઇએ છીએ. ઘણા યે છોડવા ને પક્ષીઓનાં બચ્ચાં જન્મે ત્યારે એક જ રંગનાં હોય છે ને પાછળથી તેઓમાં રંગની વિવિધતા આવે છે. બીના અંકુરમાંથી પાંદડાં ફૂટે તેમ એમનામાંથી જુદાજુદા રંગ ફૂટી નીકળે છે. આનું કારણ એ હોય છે કે તેમના દેહમાં રંગના બારીક ડાઘ મૂળથી જ હોય છે, ને પછી જેમ તેમનાં અંગો પુષ્ટ થતાં જાય છે તેમ તેમ તે વધુ સ્પષ્ટ ઉઠાવ લેતા જાય છે. રંગોનું વૈવિધ્ય એમનામાં એવું તો સંપૂર્ણતઃ ગોઠવાએલું હોય છે કે તેમાં કશો ફેરફાર કરવા જતાં આપણે નાસીપાસ જ થઇએ. પક્ષીઓ કરતાં યે પતંગિયાંની પાંખોમાં રંગની સંપૂર્ણતા અદ્ભુત છે. એના એકે એક ટપકાની રચના સંપૂર્ણ ને યોગ્ય ગોઠવણપૂર્વકની હોય છે.

વળી પ્રાણિસૃષ્ટિમાં કેટલાંક પ્રાણીઓ તો મરજી મુજબ પોતાનો રંગ પણ બદલી શક છે. ખાસ કરીને માછલી, દેડકાં અને ગીલોડીના વર્ગનાં કેટલાંક. તેનું કારણ એ હોય છે કે તેમના શરીર પર જ્યાં જ્યાં પ્રકાશ પડે છે, તે તે ઠેકાણેની ચામડી નીચેનો ભાગ પ્રકાશની ઉગ્રતા કે શૈથિલ્ય પ્રમાણે કેલીડોસ્કોપમાંના કાચની માફક આમ તેમ ફરે છે. પ્રકાશ સીધો સૂર્યમાંથી આવતો હોય કે કશાકમાંથી ચળાઇને, તો પણ એમ જ થાય છે. એટલે જ ઘણી વખત કોઇ માછલીને આપણે એક રંગમાં ને ઘડી પછી જ બીજા રંગમાં જોઇ શકીએ છીએ. દેડકું એથી યે થોડા વખતમાં રંગપરિવર્તન કરી શકે છે.

પણ એ બાબતમાં કાચીંડાની સરખામણીમાં કોઇ ઊતરી શકે એમ નથી. થોડી જ મિનિટમાં એ પાંચ કે છ રંગ બદલાવી નાખે! પ્રકાશના થોડામાં થોડા પ્રમાણની પણ તેની ચામડી અસર ઝીલી લે છે. આવી શક્તિ બીજા ઘણા પ્રાણીઓમાં છે, ને અલબત્ત એ કામની પણ છે. એથી એ પોતાની જાતનું સિફતથી રક્ષણ કરી શકે છે.

ઘણુંખરૂં પ્રાણીઓને તેમના નિકટવર્તી સંયોગોને બંધબેસતો જ રંગ હોય છે. રણનાં માત્ર પશુઓ જ નહિ, પક્ષીઓ અને જીવડાં સુદ્ધાં રેતિયા ભુખરા રંગનાં હોય છે. એવી જ રીતે કાંકરાના ઢગલામાં ભળી જતી, ઝાડોના રંગ સાથે ભળી જતી પણ કુદરતમાં અનેક જાતો નજરે પડશે, જો આપણે જોવા ઇંતેજાર રહીએ તો.

ચોખા

ચોખા ખાદ્ય પદાર્થ તરીકે બહુ જ કીમતી છે પણ રાંધવાની આપણી બેદરકારીને લીધે આપણે તેની ગુણવત્તા ઓછી કરી નાખીએ છીએ. ઓસામણ કાઢી ન નાખતાં ધીમે તાપે બેઠા રાંધવાથી જ આપણે તેથી મળતો ફાયદો મેળવી શકીએ.

ચોખામાં વીટામીન 'બી' છે, જે શરીરને અત્યંત ઉપયોગી છે. તેનું પ્રોટીન પણ બીજા કોઇ ધાન્ય કરતાં ઉત્કૃષ્ટ છે. એટલે આપણે જોઇએ છીએ કે ચોખા જ ખાનારા દક્ષિણીઓ કે જાપાનીઓનો બાંધો કોઈ રીતે કમતરીન નથી સફેદ જેમ લાલ ચોખા પણ ખાવામાં એટલા જ ઉપયોગી છે.

વળી ચોખામાં મીઠાનો ભાગ બહુ જૂજ હોઇ, મૂત્રપિંડના દરદોમાં તે સૌથી ઉપયોગી ખોરાક બને છે. પચવામા ઘણા હલકા હોઇ આંતરડાના રોગોમાં, તેમ જ મૅગ્નેશિયમના મોટા પ્રમાણને લઇ પથરી વગેરે રોગોમાં પણ તે ઉપયોગી છે.

ગુજરાતની વસ્તુસ્થિતિ જોતાં દરરોજ પંદર તોલા ચોખા ખાવા જોઇએ, જેથી શરીરને ૭૩૦ કેલોરી ગરમી મળી રહે; પણ તે પૉલીશ કરેલા ન હોવા જોઇએ તે ધ્યાનમાં લેવાનું છે.

ગણિતગમ્મત

'કુમાર'ના છેલ્લા અંકમાં ગણિતજ્ઞ બંધુ શ્રીયુત મગનલાલભાઇ નાથાલાલ ખત્રી, ગામશ્રી કોસિન્દ્રાવાળા તરફથી મ ના. ખત્રીના ટૂંક નામથી ગણિત-ગમ્મતનો લેખ રજૂ થએલો જોતાં એવા જ બીજા બે કોઠા આ સાથે તૈયાર કરી મોકલ્યા છે.

૯૧^{૨} તે ૯^{૨} + ૧ = ૮૨ અને ૯^{૨} = ૮૧ ∴ ૮૨૮૧
૯૨^{૨} તે ૯^{૨} + ૩ = ૮૪ ,, ૮^{૨} = ૬૪ ∴ ૮૪૬૪
૯૩^{૨} તે ૯^{૨} + ૫ = ૮૬ ,, ૭^{૨} = ૪૯ ∴ ૮૬૪૯
૯૭^{૨} તે ૯^{૨} + ૧૩ = ૯૪ ,, ૩^{૨} = ૦૯ ∴ ૯૪૦૯
૯૯^{૨} તે ૯^{૨} + ૧૭ = ૯૮ ,, ૧^{૨} = ૦૧ ∴ ૯૮૦૧

આ રીતે ૯૧ થી ૯૯ના વર્ગો યોજી શકાય.

૪૧^{૨} તે ૪^{૨} + ૦ = ૧૬ અને ૯^{૨} = ૮૧ ∴ ૧૬૮૧
૪૨^{૨} તે ૪^{૨} + ૧ = ૧૭ ,, ૮^{૨} = ૬૪ ∴ ૧૭૬૪
૪૩^{૨} તે ૪^{૨} + ૨ = ૧૮ ,, ૭^{૨} = ૪૯ ∴ ૧૮૪૯
૪૬^{૨} તે ૪^{૨} + ૫ = ૨૧ ,, ૪^{૨} = ૧૬ ∴ ૨૧૧૬
૪૮^{૨} તે ૪^{૨} + ૭ = ૨૩ ,, ૨ = ૦૪ ∴ ૨૩૦૪

આ રીતે ૪૧ થી ૪૯ સુધીના વર્ગો યોજી શકાય.

—મૂળજી જેઠુ જોષી

નવી કેડીઓ

આપણા સાહિત્યની સેવા માટે એક ઍમેચ્યોર લેખક મંડળ સ્થપાય એ અનેક દૃષ્ટિએ ઇચ્છવા યોગ્ય વાત છે. અત્યારે ઘણા યુવકોને લખવાની તમન્ના હોયાછે. પણ કલમ કસાએલી ન હોવાને કારણે એમણે લખેલા લેખો પ્રસિદ્ધિ-યોગ્ય બનતા નથી. લેખો પાછા ફરે એટલે ઉછરતા લેખકોની લેખનવૃત્તિ દબાઈ જાય છે એવું જોવામાં આવે છે. કેટલાક લેખકો તો સારૂં લખવાની શક્તિ ધરાવતા હોવા છતાં પણ લેખ સ્વીકારાશે કે કેમ એ શંકામાં લેખો લખતા જ નથી. એવા ઘણા દાખલાઓ છે કે ઘણા આશા આપતા યુવકો યોગ્ય ઉત્તેજનને અભાવે પોતાની લેખનશક્તિને પરાણે કચડી નાખે છે.

બીજી બાજુ કેં પણ મર્યાદા વગર ગમે તેવું કચરો સાહિત્ય ઉત્પન્ન કરનાર તરૂણોનો પણ એક વર્ગ નીકળ્યો છે. ફક્ત પાનાં જ ભરવા ઇચ્છનાર અને કશું જ સર્જનાત્મક સાહિત્ય ન આપનાર કેટલાંક અઠવાડીકો ને માસિકો આવા કુસાહિત્યકારોને પોષે છે. ગુજરાતી સાહિત્યને બન્ને તરફથી નુકસાન જ છે. સારા સાહિત્યકારો જન્માવવાનો એક જ રસ્તો ઍમેચ્યોર લેખકમંડળની સ્થાપનાથી મળી શકે, એમ છે.


ઍમેચ્યોર લેખકમંડળમાં દસ વર્ષની ઉપરની ઉમરની કોઇ પણ વ્યક્તિ સભ્ય થઈ શકે. મંડળમાં જુદા જુદા વિષયો વાર વિભાગો પાડવામાં આવે. દરેક વિભાગનો પ્રમુખ પોતાના વિભાગનો નિષ્ણાત હોય. આ વિભાગોમાં (૧) બાલસાહિત્ય (૨) વાર્તા, નવલિકા (૩) કાવ્ય (૪) વિજ્ઞાન (૫) ઇતિહાસ, અર્થશાસ્ત્ર તથા રાજકારણ (૬) સામાન્ય, એવા કેટલાક વિભાગો હોય.

આ દરેક વિભાગના પ્રમુખને, સભ્યોને યોગ્ય લેખન-કાર્ય તથા માર્ગદર્શન કરાવવાનું રહે. શરૂઆતમાં તો જુદા જુદા વિભાગ પ્રમાણે ભાષાંતરો જ કરવાનું ઠીક પડશે. લેખકમંડળનો સભ્ય જે ભાષાંતર કરે (અથવા સ્વતંત્ર લેખ લખે), તેમાં યોગ્ય સુધારા તથા ઉમેરા કરી એ લેખને પ્ર-સિદ્ધિ યોગ્ય બનાવવાની ફરજ પ્રમુખની રહે. સુધારેલો લેખ ઍમેચ્યોર લેખકમંડળ તરફથી ગુજરાતી માસિકોમાં લેખક ઇચ્છે ત્યાં (બેશક, લેખના વિષયને અનુરૂપ) મોકલવામાં આવે.

આ ઍમેચ્યોર લેખકમંડળ જો સુયોગ્ય રીતે ચલાવવામાં આવે તો સમસ્ત ગુજરાતી સાહિત્યનું એક અંગ બની રહે. તેની પ્રવૃત્તિઓમાં સરળતા કરી આપવા, દરેક માસિક પત્રોને વિનંતિ કરવામાં આવે કે તેઓ પોતાના એક અંગ તરીકે ઍમેચ્યોર વિભાગ પણ કાઢે.

આ રૂપરેખા પ્રમાણે ગુજરાતના કિશોરો, કુમારો અને યુવકો તરફથી જો તેવી યોજનાને ટેકો મળે તો તે હસ્તીમાં આવવી મુશ્કેલ નથી લાગતી. —પદ્મકાન્ત ર. શાહ

નવા નુસખા



ઝીણા નાકાવાળી સોય પરો-વવામાં પડતી મુશ્કેલી ટાળવા આ નુસખો શોધાયો છે. ધા-તુની ગોળ પતરીને છેડે સ્ટીલ-નો અતિ બારીક વાળો ચિત્ર-માં બતાવ્યા પ્રમાણે ચોકટ આકારે વાળીને જડી દીધેલો છે, અને તે ચોકટનો બહાર પડતો ખૂણો અત્યંત અણી-વાળો રાખ્યો છે. સોયના નાકામાં એ ખૂણો લગભગ ચોકટના મધ્યભાગ સુધી પેસાડી દેવાથી બીજે છેડે બહાર નીકળીને તે વાળો પાછો પહોળો થઇ જવાનો. એમાં દોરો પરોવીને ખેંચી લઇએ એટલે સહેલાઇથી સોયના નાકામાં પરોવાઇ આવે.

વિકસતું વિજ્ઞાન

મૈમનસિંહની આનંદમોહન કૉલેજના રસાયનશાસ્ત્રના પ્રોફે-સર આર. એન. ગુહાએ પ્રાણવાયુ માટેનું એક નવું અને સસ્તું સાધન (ઑક્સિજન જેનરેટર) શોધી કાઢ્યું છે. શ્વસન-ક્રિયાની મુશ્કેલી વખતે ડાક્તરો જે પ્રાણવાયુ દર્દીઓને આપે છે તે ગૅસરૂપે સિલીન્ડરોમાં સંઘરેલો ને ભારે કીમતી હોય છે પરંતુ પ્રો. ગુહાના આ સાધન વડે તો બે જ મિનિટમાં એક માણસને એક દિવસ પૂરો થઈ પડે એટલો પ્રાણવાયુ ઊપજાવી શકાય છે, અને તે માત્ર બે આનાની નજીવી કીમતે જ!

કેટલાક સોવિયેટ સંશોધકોને સાઈબીરિયાની ઇશાને આવેલા રાંગેલ ટાપુઓ મુકામે પ્રાગૈતિહાસિક નક્ષ હાથીનું સંપૂર્ણ જળવાએલું કલેવર લાગ્યું છે. અને એ નક્ષ હાથીના જ કાળના રાક્ષસી પ્રાણી ડીનોસૉરના ઈંડાં અમેરિકાની આલ્બર્ટો-મૉ-ન્ટાના સરહદ પરના ખોદકામમાં મળી આવ્યાં છે. એ ઈંડાંની લંબાઇ નવ ઇંચ ને પહોળાઇ છ ઇંચ છે. અત્યાર અગાઉ માત્ર મોંગોલિયામાં જ ડીનોસૉરના ઈંડાં હાથ લાગેલાં છે.

આજ સુધી શોધાએલા તારાઓમાં સૌથી જબરો એવો ૨,૦૦૦,૦૦૦,૦૦૦ માઇલની ત્રિજ્યાનો એક નવો તારો વિસ્કન્સિનની યર્કીસ વેધશાળાના ડૉ. ઑટો સ્ટ્રૂવે શોધી કાઢ્યો છે. આપણા સૂર્ય કરતાં એ ૩૦૦૦ ગણો મોટો છે ને માત્ર ઇન્ફ્રા-રેડ પ્રકાશ જ આપે છે. વિજ્ઞાનીઓએ તેને 'ઍપ્સિલૉન ઑરિજી' નામ આપ્યું છે. પૃથ્વીને જેમ વાતા-વરણનું આવરણ છે તેમ આ તારાને આયોનાઈઝડ ગૅસનું આવરણ છે. ડૉ. સ્ટ્રૂવના કહેવા પ્રમાણે જો આપણા સૂર્યની જગ્યાએ તેને મૂકવામાં આવે તો તેનો વ્યાસ યુરેનસ સુધીના સઘળા ગ્રહો આંતરી લે એવડું જબ્બર એનું કદ છે.

૧૮૯૫માં મહાન ફ્રેંચ વિજ્ઞાની પાસ્તરને જર્મન શહેનશાહે એક મોટી પદવી આપવા માંડી. તેનો આભારપૂર્વક ઇન્કાર કરી પાસ્તરે જણાવ્યું કે '૧૮૭૧ માં જર્મનીએ મારા દેશની જે દુર્દશા કરી છે તે હું હજુ સુધી ભૂલી શકયો નથી. હું હાડોહાડ ફ્રેંચ બચ્ચો છું.'

અનેકાર્થી શબ્દ: **ખીલ**=મોં ઉપર જુવાનીમાં થતી ફોલ્લી; આંખમાં લોહી-માંસની બંધાતી ગાંઠ; ઘંટીનો ખીલડો.

ગણિતગમ્મત

૧૧૧૧૧૧૧—સાત આંકડાની આ સંખ્યા ઘણાને અવિભાજ્ય લાગશે. પરંતુ એના પણ બે અવયવો પડી શકે છે: ૨૩૯ × ૪૬૪૯ = ૧૧૧૧૧૧૧. પછી ૨૩૯ અને ૪૬૪૯ એ એનાં બે અવયવો તો અવિભાજ્યજ છે.(મ.ના.ખત્રી)

અ: ('બ'ને) કયાં ચાલ્યો ?

બ: હરિપુરા.

અ: ત્યાં હવે તારી શી જરૂર છે? સુભાષ બાબુના રથને જોડવા માટેના એકાવન બળદિયા તો પૂરા થઈ ગયા છે.


કહેવતોના અર્થ: 'અડસઠ ભેગું બડસઠ': મોટા કામની સાથોસાથ કોઇ નાનું કામ પતાવી દેવાનું હોય ત્યારે આ કહેવત વપરાય છે. એને લગતી બીજી કહેવતો 'ઘા ભેગો ઘસરકો ને લોટી ભેગો લસરકો'; 'લાખ ત્યારે સવા લાખ'; 'સાપના ભેગા વીંછીના પણ મણી લેવા'; 'ભરતીએ ગાડે સૂપડાનો ભાર શો જણાય ?' વગેરે.

પરસેવાના ડાઘ પડેલા હોય એ કપડાને થોડું ઍમોનિયા નાખેલા ગરમ પાણીમાં અરધો કલાક રહેવા દો અને પછી નીચોવી કાઢો. એ છતાં ડાઘ ગએલા ન જણાય તો પાણીમાં થોડો લીંબુનો રસ ઉમેરો. પણ એ નીચોવતા પહેલાં સાબુ વાપરવાની ભૂલ રખે કરતા, કારણ સાબુ ડાઘને કાયમ બનાવે છે.



કુદરતની અજબ સૂરત

ચામાચીડિયાંની શ્રવણેન્દ્રિય એટલી તીવ્ર હોય છે કે હવામાં દૂર ઊડતા મચ્છરનો અવાજ પણ સાંભળી શકે છે



દૃષ્ટિભ્રમનાં આ બે ઉદાહરણમાં વાંકી જણાતી આડી દોરેલી લીટીઓ ખરી રીતે સીધી ને સમાંતર જ છે.

ઇથીઓપિયન સિવાય દુનિયાની બધી ભાષાઓના મૂળાક્ષરોનો પહેલો અક્ષર 'અ' છે . . . . . . અને મિસરની ભાષામાં 'પ' અક્ષર જ નથી.

નાક સાફ કરતી વખતે બંને સાથે નહિ, પણ એક પછી એક નસકોરૂં સાફ કરવું જોઇએ; ને એ વેળા મોઢું ખુલ્લું રાખવાનું ન ભૂલતા. બીડેલા મોંએ બંને નસકોરાં સાફ કરતાં આપણી યુસ્ટેકીઅન નળી પર ખરાબ અસર થાય છે.

તમારૂં ભાષાજ્ઞાન કેટલું ?

આ શબ્દોના અર્થ કરો જોઇએ: ખટમલ; ખડણ; ખડતું; ખડસલ; ખડાઉ; ખન્નું; ખપોટું; ખાધાવેધ; ખાપડું; ખાંગુ; ખીસર; ખૂડ; ખેકડો; ખોતરૂં.

જવાબ: માંકડ; આળસુ; બરતરફી; મકાનનો પાયો; પાવડી કે ચાખડી, બીજો અર્થ—સૂકું ઘાસ; અથાણું; પાતળું છોડું; શત્રુવટ; ઠીકરૂં; જાણભેદુ, બીજો અર્થ-વાંકું; ઠંડીનો દિવસ, બીજો અર્થ—મકરસંક્રાન્તિ; અગાઉ કે ધાબું; કાચબો; બહાનું.

૫૦ વર્ષની જિંદગીમાં માણસ ૬૦૦૦ દહાડા તો ઊંઘમાં જ કાઢે છે.

ચા કે કૉફીના ડાઘવાળું કપડું બટાટાં બાફેલા પાણીમાં થોડીવાર રાખી ધોવાથી ડાઘ નીકળશે.

પરસેવાવાળા શરીરે કોઈ દરદી પાસે ન બેસતા; ખુલ્લાં છિદ્રો ને ખાલી પેટ રોગના જંતુઓને જલદી આમંત્રે છે.

મધમાખીના ડંખ પર તમાકુ ભીંજવીને ચોપડતાં આરામ થશે.

૩૦૦૦ વર્ષનો વાસી રોટલો શિકાગોના સંગ્રહાલયમાં છે. પ્રાચીન ઇજિપ્તના કોઇ ભઠ્ઠીઆએ તે ઘડેલો.

મીઠું નાખેલા લીંબુના રસથી હાથીદાંતની મેલી પડી ગએલી ચીજો સરસ રીતે સાફ થઈ જાય છે.

માંકડ કશા ખોરાક વગર એક વર્ષ જીવી શકે છે.

રાજ્યવિહોણા રાજાઓ

૧ વિલિયમ બીજો—જર્મની
૨ કૉન્સ્ટન્ટાઇન—ગ્રીસ
૩ ફર્ડીનાન્ડ—બલગારિયા
૪ હુસેન—મક્કા
૫ અબ્બાસ હલ્મી—મિસર
૬ અમાનુલ્લાહ—અફઘાનિસ્તાન
૭ આલ્ફોન્ઝો ૧૩મો—સ્પેન
૮ શહેનશાહ યૂ ચી—ચીન
૯ ચાર્લ્સ—હંગેરી
૧૦ મહમદ છઠ્ઠો—તુર્કી
૧૧ માનુએલ બીજો—પોર્ટુગાલ
૧૨ પ્રજાધિપોક—સિયામ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—મુંબઈ—નાં પુસ્તકો

શાળા—પાઠશાળાઓ—ને ઈનામ માટે તેમ જ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિમ્મતની ગોઠવણ

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ સરકારી, દેશી રાજ્યોનાં તેમ જ મ્યુનિસિપલ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાં, અભ્યાસ તથા વાચનદ્વારા અને ઇનામો દ્વારા, તેમ જ તેમની નિશાળો તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ દ્વારા ગુજરાતી સાહિત્યનો પ્રચાર બહોળા પ્રમાણમાં સહેલાઇ અને સસ્તાઇથી કરી શકે તે માટે એ સહુ સંસ્થાઓને પોતાનાં નીચે જણાવેલાં પુસ્તકો માત્ર અર્ધી કિમ્મતે વેચાતાં આપવાની અનુકૂલતા કરી છે. પરંતુ રાસમાળા ભાગ ૧-૨, એ બે ગ્રંથો તો ૨૦ ટકાના કમીશનથી મળશે. બુક પોસ્ટ કે પાર્સલનો ખર્ચ જૂદો આપવો પડશે.

આ બાબત **પત્રવ્યવહાર** કરવાનું ઠે. **અંબાલાલ બુ. જાની**, બી. એ. સહાયક મંત્રી, શ્રી. ફા. ગુ. સભા, ૩૬૫, **શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર**, કોંગ્રેસ હાઉસ નજીક, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, **મુંબઇ નં. ૪.**

સૂચના: સભાનો પડતર કિમ્મતે પુસ્તકો વેચવાનો નિયમ હોવાથી મૂળ કિમ્મત વાજબી કરતાંયે ઓછી રાખેલી છે.

મુંબઈ, સરકારી કેળવણી ખાતાની મંજુરી મળેલાં ૩૦ પુસ્તકો

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના ઈન્સ્પેક્ટર સાહેબ તરફથી અમદાવાદથી તા. ૨-૨-૩૭ ના પત્ર નં. ૧૭૭૨૩ થી, તથા તા. ૮-૧૨-૩૭ના પત્ર નં. ૧૦૯૬૯થી જણાવવામાં આવે છે કે, "સાથેની (નીચેની) યાદીમાં જણાવેલાં પુસ્તકો, વિભાગી (ગુજરાતી) સ્કુલ બુક કમીટીની ભલામણ ઉપરથી યાદીમાં જણાવેલા હેતુસર આ ઈલાકામાં મંજુર કરવામાં આવ્યાં છે; અને એ મંજુરી "ગુજરાત શાળાપત્ર"માં સમયસર જાહેર કરવામાં આવશે."

(૧) **મહાભારત** : (ગુજરાતી પદબંધ) **ભાગ ૧ લો:** હરિદાસનું આદિપર્વ અને વિષ્ણુદાસનું સભાપર્વ; ઉપોદ્ઘાત અને ટીકા સાથે, સં. રા. રા. કેશવરામ કા. શાસ્ત્રી. **મૂ. રૂ. ૧-૪-૦.**

(૨) **મહાભારત** : (ગુજરાતી પદબંધ) **ભાગ ૨ જો** : (આરણ્યક પર્વ નાકરકૃત, ટીકા-ઉપોદ્ઘાત સાથે), સં. રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, **મૂ. રૂ. ૧-૦-૦.**

(૩) **મહાભારત ભાગ ૩જો**, વિરાટ્પર્વ અને ઉદ્યોગપર્વ ટીકા અને ઉપોદ્ઘાત સાથે સં. રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી. **મૂ. રૂ. ૧.**

(૪) **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો**, ("હિસ્ટોરીકલ ઇન્સ્ક્રીપ્શન્સ ઓફ્ ગુજરાત" ભાગ ૧લો) (પ્રાચીન યુગથી અશોકથી ગુર્જર વંશ પર્યન્ત) સં. રા. રા. ગિરજાશંકર વ. આચાર્ય, એમ. એ. પાકું પૂઠું; રોયલ ૪પેજી ૪૦૦થી વધુ પાનાં, સરસ ટકાઉ કાગળો. **મૂ. રૂ. ૪-૮-૦.**

(૫) **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો ભાગ ૨ જો** (શિલાલેખો અને તામ્રપત્રો ગુર્જર વંશથી ચાલુક્ય વંશ સુધી ૪થા નંબરના અનુસંધાનમાં): સં. રા. રા. ગિરજાશંકર વ. આચાર્ય, એમ. એ. રોયલ ૪ પેજી ૪૦૦ પાનાં, સરસ કાગળ પાકું પૂઠું **મૂ. રૂ. ૪–૮–૦.**

(૬–૭) **રાસમાળા, ભાગ ૧–૨,** શ્રી એલેકઝાન્ડર કિન્લૉક ફાર્બસ, ભાષાન્તરકાર દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવે. તૃતીય સચિત્ર આવૃત્તિ. ચિત્ર અને સોનેરી અક્ષરોવાળું સુંદર રંગીન પૂઠું, દરેકનું **મૂ. રૂ. ૫–૮–૦.**

(૮) **શ્રીકૃષ્ણલીલા કાવ્ય** (સચિત્ર) દશમસ્કંધ ભાગવત, (પદબંધ, આખ્યાન) કાયસ્થ કવિ કેશવ હ્રદેરામ (રચનસંવત ૧૫૨૯). સં. અંબાલાલ બુ. જાની. રા. નટવરલાલ ઈ. દેશાઈ, બી. એ. નો ઉપોદ્ઘાત, શ્રીધરીકારિકા આદિ સાથે **મૂ. રૂ. ૧–૦–૦.**

(૯) **બાદશાહ માર્કસ ઓરેલિયસ એન્ટોનીનસના** સુવિચારો–સમાન સંસ્કૃત સુભાષિતો સાથે. ભાષાન્તરકાર: ઈડરના સ્વ. મહારાજા શ્રી કેસરીસિંહજી. **મૂ. રૂ. ૨.**

(૧૦) **માંડણ બંધારાકૃત "પ્રબોધબત્રશી"**—ઉખાણાસંગ્રહ, બત્રીશ વીશીઓ અને **શ્રીધરકૃત "રાવણમંદોદરીસંવાદ"** ઉપોદ્ઘાત અને ગુજરાતી ટીકા. સં. રા. મણિલાલ બ. વ્યાસ અને રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. રૂ. ૦–૧૨–૦.**

(૧૧) **શૈવધર્મ :** સિદ્ધાન્તો, સંક્ષિપ્ત ઇતિહાસ, ગુજરાતમાં પ્રચાર, ગુજરાતી સાહિત્ય ઉપર અસર, શોધિતવર્ધિત (બીજી આવૃત્તિ) રા. રા. દુર્ગાશંકર કે. શાસ્ત્રી. **મૂ. રૂ. ૧.**

(૧૨) **ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો, તથા વાર્તાઓ,** વા ગુજરાતી રાસમાળા: સંગ્રહ કરનાર સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ. **મૂ. રૂ. ૦–૧૨–૦.**

(૧૩) **શાક્તસંપ્રદાય,** તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર. ('કાદિ' અને 'હાદિ'નાં મતનાં બે શ્રીચક્રો,) લેખક દિ. બ. નર્મદાશંકર મહેતા. **મૂ. રૂ. ૧–૮–૦.**

(૧૪) **ગુજરાતી ભાષા અને સાહિત્ય : ભાગ ૧ લો** સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાનાં ભાષણ : ભાષાન્તરકાર રા. રા. રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી, બી. એ. પાનાં ૪૦૦ ડેમી આઠ પેજી, છતાં **મૂ. રૂ. ૩–૦–૦.**

(૧૫) **ચતુર્વિંશતિપ્રબંધ** (માલધારી શ્રી રાજશેખર સૂરિરચિત સંસ્કૃત ગ્રંથનો સરળ ગુજરાતી અનુવાદ), ટીકા અને ઉપોદ્ઘાત, શ્રી. હીરાલાલ ર. કાપડીયા, એમ. એ. **મૂ. રૂ. ૧.**

(૧૬) **"અહુનવર,** "સર્જનજૂનો મંત્ર", પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન: રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા. **મૂ. ૦–૮–૦.**

(૧૭) **પ્રબંધચિન્તામણિ:** (શ્રી મેરૂતુંગાચાર્યરચિત સંસ્કૃત પુસ્તકનો ગુજરાતી અનુવાદ) ટીકા અને ઉપોદ્ઘાત: શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી. **મૂ. રૂ. ૧.**

નોંધ : આ ૧ થી ૧૭ પુસ્તકો પ્રાથમિક, અને માધ્યમિક નિશાળો તથા ટ્રેઈનીંગ સંસ્થાઓના **શિક્ષકોની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

(૧૮) **પ્રાચીનકાવ્યવિનોદ, ભાગ ૧ લો** કવિ નાકર આદિનાં આખ્યાન. સં. રા. રા. છગનલાલ વિ. રાવળ. **મૂ. રૂ. ૧.**

(૧૯) **ગુજરાતનું પ્રાકૃતિક અને વ્યાપારી ભૂગોળવિજ્ઞાન:** રા. રા. ભોગીલાલ ગિ. મહેતા, એમ કૉમ, નકશાઓ સાથે. **મૂલ્ય રૂ. ૦–૧૨–૦**

(૨૦) **જીવન અને ઉત્ક્રાન્તિ :** લે. રા. રા. ભીમભાઈ લા. દેસાઈ, એમ. એસસી; વિજ્ઞાનવિષયી સચિત્ર ૧૨ બ્લોક **મૂ. ૦–૧૨–૦.**

(૨૧) **બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા** (બુદ્ધિવર્ધક સભાની તવારીખ, અને ૧૯૩૪નાં બે વ્યાખ્યાનો, ૧ ગુજરાતના સિક્કા, વિષે અને ૨ વિજ્ઞાન વિષે ડારવિનમત) વગેરે–(સચિત્ર) **મૂ. રૂ. ૦–૬–૦.**

(૨૨) **ગુજરાતનાં ઐતિહાસિક સાધનો,** ૧–૨ ગુજરાતના પ્રાચીન ગઢો, વંશાવલીઓ, શહેરો, વગેરેની મૂળ સાધનસામગ્રીઓમાંથી એકઠી કરેલી હકીકતઃ સં. રા. રા. નર્મદાશંકર વ. દ્વિવેદી **મૂ. રૂ. ૧.**

નોંધ : આ પુસ્તક (૧૭થી ૨૨) માધ્યમિક શાળાઓ અને ટ્રેઇનીંગ ઈન્સ્ટીટયુશનોના **શિક્ષકોની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલું છે.

(૨૩) **રસકલ્લોલ**–ગુજરાતના સ્ત્રીજીવનનાં પ્રાચીન ગીતો. સં. રા. રા. છગનલાલ વિ. રાવળ. **મૂ. રૂ. ૦–૧૦–૦.**

(૨૪) **હંસાવતી : વિક્રમચરિત્રની વાત** (કવિ મધુસૂદનની રચેલી, વિક્રમપુત્રના વિવાહની) ટીકા, ઉપોદ્ઘાત સાથે, સં. રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. ૦-૧૨-૦.**

(૨૫) **પંચદંડ** (નરપતિકૃત સં. ૧૫૪૦) ટીકા અને ઉપોદ્ઘાત સાથે. સં. રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. રૂ. ૦–૧૨–૦.**

(૨૬) **રૂપસુન્દરકથા** (કવિ માધવકૃત પ્રાચીન છંદોબદ્ધ શૃંગારકાવ્ય) ટીકા અને ઉપોદ્ઘાત સાથે. સં. રા. રા. ભોગીલાલ મ. સાંડેસરા. **મૂ. રૂ. ૦–૮–૦.**

નોંધ : આ ૧૮ થી ૨૬ પુસ્તકો પ્રાથમિક, અને માધ્યમિક શાળાઓના તથા ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુશનોના **વિદ્યાર્થીઓની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

(૨૭) **હવામાન :** ગુજરાતની વિજ્ઞાનદૃષ્ટિએ હવામાન વિષેની સ્થિતિ, ૨૦ ચિત્રો અને નકશાઓ ઉપરાંત વિવિધ પરિશિષ્ટો. લે. (૧) રા. સા. મુકુન્દ ઉનાકર બી. એ. અને (૨) રા. રા. ભીમભાઈ એન દેસાઈ, એમ. એસસી. **મૂ. ૦–૧૨–૦.**

(૨૮) **પૃથ્વીનો ઇતિહાસ :** લે. રા. રા. યશવંત ગુલાબભાઈ નાયક, એમ. એસસી. સચિત્રઃ **મૂ. ૦–૧૨–૦.**

નોંધ : આ ૨૭ અને ૨૮ એ બે પુસ્તકો માધ્યમિક શાળાઓ અને ટ્રેઈનીંગ ઇન્સ્ટીટયુશનોના **વિદ્યાર્થીઓની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

(૨૯) **चतुर्विंशतिप्रबंधः** श्रीराजशेखरसूरिसन्दब्धः प्रबन्धकोशेति अपराह्वयः परिशिष्टेन समलङ्कृतः संशोधितश्च एम. ए. इत्युपदधारिणा प्रो. हीरालालेन (૨૪ રાજાઓ, કવિઓ, મહાપુરુષો વગેરેનાં વૃત્તાંતો). मूल्यम् रु. ૨–૮–૦.

(૩૦) **प्रबन्धचिन्तामणिः** श्रीमेरुतुंगाचार्यकृतः (नवीनसंस्करणम्) संशोधितः पुनर्मुद्रितश्च शास्त्रीदुर्गाशङ्करेण मू. रु. ૧–૮–૦.

નોંધઃ—પુના તા. ૨૧–૨–૩૮ના પત્રથી પ્રોવીન્શીયલ બુકકમીટીએ ઉપરના બે ગ્રંથો શિક્ષકોનાં પુસ્તકાલયો માટે મંજુર કર્યા છેઃ

ગુજરાતી ભાષાના મહારથીઓ આવા ખૂણાના પણ મહત્ત્વના વિષય પર ધ્યાન દે એમ લાગતું નથી

એમ જોઈ ભાઈ હરિશ્ચન્દ્ર ભટ્ટે આ પુસ્તક લખ્યું છે, અને એ લખીને એમણે ગુજરાતની સેવા કરી છે.

એ લખતાં ઉપયોગમાં લીધેલાં પુસ્તકો તથા લેખોની જે સૂચિ એમણે પુસ્તકને છેડે આપી છે તે સૂચિ ન જોઈ હોત તો હું માનત કે આ આખી ચોપડી કોઈ સરસ અંગ્રેજી ચોપડીનો અનુવાદ જ છે.

આ પ્રમાણે કાકાસાહેબ શ્રી કાલેલકર ઉપોદ્‌ઘાતમાં જેની પ્રશંસા કરે છે તે પુસ્તક તે પોલૅંડ દેશનું સૈકાજૂનું પારતંત્ર્ય મિટાવનાર અને એ દુર્દૈવી દેશના તારણહાર કાબેલ કર્તવ્ય-પુરુષ જોસેફ પિલસુદ્સ્કીનું જીવનચરિત્ર. આઠ ચિત્રો અને એક નકશા સાથે, સુંદર રૂપરંગવાળું એ પુસ્તક એક રૂપિયાની કીમતે (પો૰ જુદું) કુમાર કાર્યાલયે બહાર પાડ્યું છે.

◆

એ જ લેખક શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટની કલમે 'ચેકોસ્લોવાકિયાનો તારણહાર મસારિક એનું જીવન ને ફિલસૂફી' તૈયાર થાય છે.

આવતી કાલનો વિચાર

સૌ આજે આવતી કાલનો વિચાર કરી રાખે છે. ખાસ કરીને કુમારો ને જુવાનો તો આવતી કાલની આકાંક્ષાઓ ઘડવામાં રાચે છે. પોતાની ભાવી કરીઅર–કારકિર્દી ઘડવાનાં સ્વપ્નાં સૌ આજથી ઘડી રાખે છે; સાથે સાથે તેની તૈયારી પણ કરે છે. એવી તૈયારીમાં મદદરૂપ થાય તેવું એક ઉપયોગી પુસ્તક હમણાં બહાર પડ્યું છે:

આવતી કાલની તમારી આકાંક્ષાઓ શી છે? તમે ભવિષ્યમાં પત્રકાર થવા ઇચ્છો છો? કોઈ બાહોશ અમલદાર, વિચક્ષણ વકીલ કે કાબેલ મંત્રી થવા ઇચ્છો છો? તો એ પુસ્તક 'ગુજરાતી લઘુલિપિ' આજથી તમારા પાયાના અભ્યાસ અને શરૂઆતનાં પગથિયાં માટે ખાસ ઉપયોગનું. વર્તમાનપત્રના રીપોર્ટરો, પોલીસ અમલદારો, ઑફિશ્યલ રીપોર્ટરો, વકીલો, ઑફિસોના સેક્રેટરીઓ, ઝડપી પત્રવ્યવહાર કરનારાઓ, ખબરપત્રીઓ દરેકને ગુજરાતી શૉર્ટહૅન્ડની ખાસ જરૂર છે. એ તૈયારી વિના તમારો પાયો કાચો જ રહેવાનો. અને એ પૂરી પાડનારું સંપૂર્ણ શાસ્ત્રીય ઢબનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં તદ્દન નવું જ છે.

ગુજરાતી લઘુલિપિ

શ્રી હરિકૃષ્ણ વ્યાસ રચિત

કુમારમાં કટકે કટકે આવેલી લેખમાળા બીજાં વધારાનાં નવાં પ્રકરણો સાથે સંપૂર્ણ રૂપમાં ઓડનું મજબૂત પૂઠું • કીમત ત્રણ રૂપિયા

કુમાર કાર્યાલય • અમદાવાદ